શ્રી

શ્રીમદ્ આચાર્ય શ્રી શુભચંદ્રદેવવિરચિત

# શ્રી જ્ઞાનાર્ણવમાં નૌકારૂપ.

# સવીર્યધ્યાન.

ભાષાંતરકાર,

## મહુમ મી. વીરચંદ રાઘવજી ગાંધી,

બી. એ., બૅરીસ્ટર, એટ લૉ., એમ, આર,

એ, એસ. વગેરે.

(૧૮૯૩) ચિકાગો જગદ્ધર્મ મહામંડળમાં જૈનપ્રતિનિધી,

સાનુભવ વિવેચક,

**આનન્દનંદન-લાલન.**

પ્રગટ કરનાર,

અનુભવ રસિક,

## ઝવેરી માણેકલાલ ઘેલાભાઈ.

મુંબાઈ

વીર સંવત્ ૨૪૨૯.

વિક્રમ સંવત્ ૧૯૫૯. ઇસ્વી સન ૧૯૦૩.

મુંબાઈમાં
"નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું છે.

# ભક્તિ કુસુમાંજલિ.

## આવા આત્માનુભવને-સમર્પણ હો.

(ગઝલ.)

મને કોઈ કહેતું જગત્ ખોટું,[1]
 તે તો મેં હવે જાણ્યું;
મને કોઈ કહેતું જગત્ સાચું,[2]
 તે પણ મેં હવે જાણ્યું.
કદિ ખોટું તો મારે શું!
 કદિ સાચું તો મારે શું!
નથી થાતું નથી જાતું,
 હુંમાં હું સમાયો છું;
**અખંડ આ સ્થિર જ્યોતિમાં,**[3]
 નથી થાતું નથી જાતું.

પદ્મખીણ (Lily Dale)
N. Y. U. S A.
*January, 21st, of 1900.*

આનન્દનંદન,
**લાલન.**

---

૧ પર્યાયરૂપે ખોટું જણાઈ ગયું. ૨ દ્રવ્યરૂપે સાચું દેખાઈ ગયું.
૩ અનુભવાત્મામાં.

# ધ્યાનાભિલાષી વાચકમિત્રોપ્રતિ.

( સ્થળ નાગલપુર-કચ્છ ).

દેખું જૂદું હું આજ, જગ્ત સૌ દેખું જૂદું હું આજ. (ટેક).
દેહ જૂદી મુજ રૂપ થકી છે, આ સૌ દેહના સાજ. જગ્ત સૌ. ૧
સ્ત્રી, ધન, માતા, પિતા, પુત્રને, ઘર કુટુંબ પરિવાર.
એ પણ દેહના ધાર-( દોઢ ) જગ્ત સૌ. ૨
હું[1] નહીં જગમાં, જગ નહીં મુજમાં,
જગ જડ હું જોનાર[2] જગ્ત સૌ. ૩
જે કરતો ક્રિયા [3]**લાલન**માં, તેને પણ જોનાર. જગ્ત સૌ. ૪
એ જીવમાં જે શિવરૂપે છે, તે તું હું એમ ધાર, જગ્ત સૌ. ૫
નિશ્ચયથી શિવ, વ્યવહારે જીવ; ધ્યાને એક જણાય. જગ્ત સૌ.૬
ક્રોડભવે પણ **ધ્યાન** વિના જીવ, ભમતાં શિવ નહીં થાય. જગ્ત સૌ.૭
ઓળખ **ઓળખનારને** ધ્યાને; તો **શિવ** ક્ષણમાં થાય.જગ્ત સૌ.૮

**તમારો સગો બંધુ લાલન.**

---

૧ આ શુદ્ધચૈતન્યને અન્ય કંઈ ભેદી શકતું નથી. એમાં તો માત્ર જ્ઞાનાદિ એજ વિલસે છે. ૨ નિશ્ચયથી આત્મા. ૩ **લાલન**માં વ્યવહાર-નયે કર્માદિના કર્તા, ભોક્તા, ઉપરાંત જોતાનું પણ કામ કરે છે, તેને નિશ્ચયનયી આત્મા જાણેછે.

# અર્પણપત્રિકા.

શ્રીમન્મહાવીર પ્રભુના પુત્રરત્ન બંધુ,
**ઝવેરી માણેકલાલ ઘેલાભાઈ.**
મુ૦ વડોદરા-ગુજરાત.

આપશ્રીને વિનયપૂર્વક સંબોધન કરતાં કંઇક કથિતવ્ય છે. આપ કૃપા કરીને ધ્યાનમાં લેશો; અને તે આપની શુભતર અંતરવૃત્તિને સાનુકૂળ લાગે તો મારી એ પ્રાર્થનાને અનુમોદન આપશો.

આજ લગભગ સાતેક વર્ષ થયાં મારા હૃદયદર્પણમાં એમ ભાસી રહ્યું છે, કે જેમ સર્વ રાજાઓમાં ચક્રવર્તિ રાજા શ્રેષ્ઠ ગણાય, તેમ સર્વ જ્ઞાનમાં **આત્મજ્ઞાન** શ્રેષ્ઠજ ગણાવું જોઇએ; જેમ સર્વ રત્નોમાં કૌસ્તુભમણિ ઉત્તમોત્તમ મનાવો જોઇએ, તેમ સર્વ આનંદમાં **નિજાનંદજ** ઉત્તમોત્તમ મનાવો જોઇએ. ક્રિયામાત્રમાં તેજ ક્રિયા ગુણાવહ લેખાવી જોઇએ કે જે આત્મજ્ઞાન પ્રકાશથી **અમૃતમયી** હોય. આવું **આત્મજ્ઞાન, નિજાનંદ** કે **અમૃતક્રિયા** બહિર્દષ્ટિને અનેક ભવે પણ પ્રાપ્ત થવું દુઃશકય છે. પરંતુ આંતરદષ્ટિને આ ભવમાંજ તેજ ક્ષણે એ ત્રણે પ્રાપ્ત થવા સુશક્ય છે, એમ અનુભવાય છે. આવી આંતરદષ્ટિ કરાવવામાં પાકી સડકનો માર્ગ તે **યોગમાર્ગ** છે. આ પંચમકાળમાં કેવલી ભગવાન્ સદશ ગુરૂવર્ય શ્રી **હેમચંદ્રાચાર્ય** પણ પોતાના યોગશાસ્ત્રમાં કહે છે કેઃ—

क्षिणोति योगः पापानि चिरकालार्जितान्यपि,
प्रचितानि यथैधांसि क्षणादेवाशुशुक्षणिः ॥

અર્થાત્ " એકઠાં કરેલાં લાકડાંને જેમ **ક્ષણવારમાંજ** તીવ્ર અગ્નિ બાળીભસ્મ કરી નાંખે છે, તેમ યોગ ઘણા કાળ લગી એકઠાં કરેલાં પાપોનો પણ ક્ષણવારમાં નાશ કરી નાંખે છે. " માટે હાલ હાલ આપણા દર્શનમાં લુપ્તપ્રાય થવા આવેલા યોગમાર્ગનો–ધ્યાનમાર્ગનો–પુનરૂદ્ધાર કરાવવા આવાં **સવીર્યધ્યાન** જેવાં પુસ્તકોને પ્રસિદ્ધિમાં લાવવાં જોઇએ. આ **સવીર્યધ્યાન** આ ભવસમુદ્રમાંથી તારવાને એક બાષ્પનૌકા–( Steamer ) જેવું છે, એમ મારા પ્રત્યેક માનવબંધુ–બેનને વાંચન કરી, મનન કરી, આચરણમાં મુકતાં જણાઈ રહેશે. આપની પણ વૃત્તિ એવીજ જોવામાં આવે છે કે સકળ કર્મરૂપી કઠીન પર્વતોને–તોડવાને યોગ–એજ **ડાયનેમો** છે. અને તે કર્મરૂપી પર્વતોની પછવાડે રહેલા આત્મજ્ઞાનરૂપી સૂર્યનું દર્શન પણ તેજદ્વારા આ ભવમાં બની શકવું સુશક્ય છે. આવા મારા અનુમાનમાં હુ ખરો હોઊં તો, સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકા, તેમજ મારા સકળ માનવ બંધુઓ, બેનો, માતાઓ અને પુત્રિઓના સામિપ્યમાં દેખાતા કલ્યાણને અનુમોદન આપી, આ ધ્યાનગ્રંથરૂપ નૌકાને સંસારસમુદ્રમાં પ્રચલિત કરશો એવી પ્રાર્થના છે.

લિઃ—

મુંબઈ, સમતાગૃહ.
વીર સંવત, ૨૪૨૯,
આશ્વિન, શુકલપક્ષ
દ્વિતીયા, ચંદ્રવાર.

સર્વ જંતુનો બંધુ
અને
**શ્રીવીરપ્રભુનો લઘુતમબાળ લાલન.**

# પ્રસ્તાવના.

શ્રીમદ્ **વીર**પુત્રરત્ન **કમળવિજય** મહારાજના શિષ્યવર્ય શ્રી કેશરવિજય, તથા શ્રીવિનયવિજયના વંદનાર્થે મારૂં જ્યારે વિજાપુર જવું થયું હતું, ત્યારે તેમની પાસે એક સ્મરણપોથી (નોટબુક) મેં દીઠી. તેમાંના હસ્તાક્ષર જોતાં મારા મિત્રરત્ન બંધું મર્હુમ મીઃ–વીરચંદ રાઘવજીના જણાયા, વાંચવા માંડયું તો તે કોઈ પુસ્તકનું ભાષાંતર છે એમ જણાયું. વિષય મારી વૃત્તિને સાનુકૂળ હોવાથી આલ્હાદ થયો. વિશેષ આલ્હાદ એટલા માટે કે શુભ અને શુદ્ધ અધ્યવસાયમાંજ રહેવાની તેમાં કુંચી હતી; કારણ કે એમનો વિષય ધ્યાનનો હોવા છતાં કેવળ ભાવનારૂપ ( Theoretical ) નહીં પણ પ્રયોગરૂપ ( Practical ) પણ હતો; ત્યાર બાદ જ્યારે મારૂં **મુંબાઈ** જવું થયું ત્યારે મહારાજ શ્રી કેશરવિજયજીએ મારે માટે લેખકપાસે તે નોટ ઉતરાવી મોકલાવી. **મુંબાઇ**માં તેના મૂળની શોધ કરતાં, જે ગ્રંથઅર્ણવમાંથી **શુદ્ધોપયોગ** અથવા **સહજસમાધિ** નામનું પ્રકરણ મેં બહાર પાડયું છે; અને જેની બે આવૃતિ એક વર્ષમાં થઇ, ત્રીજી પ્રસિદ્ધિમાં આવી છે, તેજ ગ્રંથસમુદ્રમાંથી **" સવીર્યધ્યાન "** નામનું ઉત્તમ મુક્તાફલરૂપ પ્રકરણ મળી આવ્યું. તેનુંજ ભાષાંતર મારા મિત્રરત્ન મી. **ગાંધી**એ કર્યું છે એમ નક્કી થયું. ત્યાર બાદ આ લઘુ પરંતુ મારા તન–મન હૃદયને આનંદ આપનાર ગ્રંથના પ્રત્યેક શ્લોકપર **મનન** આરંભ્યું. અને એ **મનનદ્વારા**

જે કંઇ પ્રાપ્ત થયું, તેમાં મારો પૂર્વનો અનુભવ મેળવી યથાશક્તિ પ્રત્યેક શ્લોકપર વિવેચન લખવા માંડયું. ધ્યાનાભિલાષી સકળ સાધુ–સાધવી, શ્રાવક શ્રાવિકાઓ તેમજ મારા સકળ માનવ બંધવોને ઉપયોગી જાણી પ્રગટ કરવા ઇરાદો થયો, અને તેને અનુમોદન પણ મળ્યું. આવા ગ્રંથની પ્રસિદ્ધિમાં અનુમોદન આપનાર, મી. **વીરચંદ રાઘવજી ગાંધી**ના ગ્રંથોને—પ્રસિદ્ધિમાં લાવવાની જીજ્ઞાસા રાખનાર વડોદરાના નિવાસી ઝવેરી **માણેકચંદ ઘેલાભાઇ** છે. એવા સદ્‌ગૃહસ્થોની કૃપાવિના ઘણીક વખતે માનવજાતના કલ્યાણ કરનાર ગ્રંથો પણ પ્રસિદ્ધિ પામી શકતા નથી. માટે ધન્ય છે એવા જનહિતવર્ધક સદ્‌ગૃહસ્થને કે લુપ્તપ્રાય થએલા ધ્યાનમાર્ગનો પુનરૂદ્ધાર જોવા ઇચ્છે છે એટલુંજ નહીં પણ સુવર્ણમુદ્રિકામાં પ્રયોગરૂપ આવા રત્ન જડી જનસમૂહને બાહ્ય સાથે આંતર ઝવેરાત દર્શાવી, આંતર જવાહિર પણ અર્પણ કરે છે.

મુંબઈ, સમતામંદિર.
**વીર** સંવત ૨૪૨૯.

લિ:—
**વિવેચનકાર**
**લાલન.**

# ( પૂર્વકથન )

આ **જ્ઞાનાર્ણવ**ની ઘણીજ શુદ્ધ અને અત્યંત સુંદર, સ્થૂળાક્ષરે લખેલી પ્રત પ્રથમ પુણાની ડેકનકાલેજમાના **જૈનગ્રંથસંગ્રહ**માં મારા જોવામાં આવી. આજ ગ્રંથની બીજી પ્રતિ જોતાં માલમ પડ્યું કે **યોગાર્ણવ** પણ તેનું બીજું નામ છે, અને યોગપ્રદીપ પણ તેનુંજ નામ છે. આ ગ્રંથને મળતોજ એક ગ્રંથ **ભાવનગર**માં શ્વેતાંબર આમ્નાયમાં મળી આવતો યોગપ્રદીપ નામનો ગ્રંથ છે, એવું સાંભળ્યું છે. વળી એ યોગપ્રદીપ પરથી કોઈ **દેવચંદ્રજી** મહારાજ નામના શ્વેતાંબર સાધુ મુનિરાજે તેનો રાસ કર્યો છે. તેનું નામ યોગપ્રદીપ રાખ્યું છે. એ ગ્રંથમાં આ **જ્ઞાનાર્ણવ**ના લગભગ શ્લોકે શ્લોકનો સાર ચાલ્યો આવે છે, એટલુંજ નહીં પરન્તુ તેજ પદો પણ મળી આવે છે. એટલા ઉપરથી આ ગ્રંથના પરિશિષ્ટ તરીકે **"સવીર્યધ્યાનને"** લગતી ઢાળ તેમના યોગપ્રદીપ રાસમાંથી અત્રે અવતારી છે.

આ ગ્રંથોપર ભાષ્ય, ટીકા વગેરે છે એમ સંભળાય છે. પરન્તુ મારા જોવામાં તે આવ્યાં નથી. આ ગ્રંથની મૂળ પ્રતજ મારા એક મિત્રરત્ન તરફથી મને પ્રાપ્ત થઇ હતી; તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને **જ્ઞાનાર્ણવ** મૂળ પણ મુનિમહારાજ **કેશરવિજયજી** મહારાજ પાસે હોવાથી મારે માટે

"**સવીર્યધ્યાન**" નું પ્રકરણ લખાવી મોકલ્યું કે જેથી શ્લોક શોધન કરવા ઠીક પડસે. માટે એમની કૃપાનો પણ અત્યંત ઋણી છું.

મારા પરમ મિત્રરત્ન મર્હુમ મી. **વીરચંદ રાઘવજી**ને (જ્ઞાનાર્ણવ) આ ગ્રંથ ઉપર એટલો પ્રેમ હતો કે તે જ્યારે મુનિમહારાજ **આત્મારામજી** મહારાજ પાસે પંજાબ ગયા, ત્યાં તેમને ખબર પડી કે **અંબાલા**થી આઠ માઇલ એક ગામ છે. ત્યાં એક ગૃહસ્થની પાસે **જ્ઞાનાર્ણવ**ની પ્રત છે. પરન્તુ તે પુસ્તક "તમે સ્નાન કરી શુદ્ધ થઈ પૂજાના વસ્ત્રસહિત માથે ઉપાડી લઇ જાઓ તો મળે." તેઓ મને કહેતા હતા કે એક ગૃહસ્થે તેમને માટે આમ કરીને પણ આ પુસ્તક આણ્યું. તે પુસ્તકમાંથી કેટલાંક પ્રકરણો **વીર**ચંદભાઈના હાથનાં લખેલાં મારા જોવામાં આવ્યાં છે. અને હાલ તેના લેખસંગ્રહમાં તેની ઘણીક નકલો મોજુદ પણ છે. આશા છે કે જો **લાલનરૂચિ** અને **લોકરૂચિ** આ તેમજ **શુદ્ધોપયોગ**ના વિવેચનથી જાગૃત થઈ તો **જ્ઞાનાર્ણવ** સંપૂર્ણપર વિવેચન કરી આખો ગ્રંથ સ્વપર વિશેષ ઉપકાર થવા બહાર પડશે.

આવા ગ્રંથો ઉપર વિવેચન, જેનું બીજું નામ **બાલાવબોધ**, (બાલજીવને બોધ) Ellucidation, છે. તે વિવેચનો લખવાની પ્રથા પૂર્વે પણ હતી, એમ જણાઈ આવે છે.

**સમાધિશતક** નામના સંસ્કૃત ગ્રંથનું ઇંગ્રેજી ભાષાંતર પ્રોફેસર **મ**ણિલાલ **ન**ભુભાઈ પાસે કરાવી શ્રી**વી**રશાસનરૂચિ **ગી**રધરલાલભાઇએ બહાર પાડયું છે. એ ગ્રંથના કર્તા શ્રીપ્રભેંદુપ્રભુ છે. તેમનાપર સરલ ટીકાકાર તરીકે **પ્ર**ભાચંદ્ર મુનિ છે. ગુજરાતીમાં

દુહાબંધ શ્લોકે શ્લોકનું ભાષાંતર **શ્રીમદ્ યશોવિજયજી** ઉપાધ્યાય મહારાજે કર્યું છે, તેનું નામ **સમાધિશતક** છે. જે **પ્રકરણરત્નાકર**માં મુદ્રિત થઇ ગયું છે. આનાપર લંબાણથી વિવેચન કહો કે બાલાવબોધ કહો, તે કોઈ મારવાડ દેશમાં વિચરતા સાધુ મુનિરાજે કર્યો હોય એમ જણાય છે. આ ઘણો લંબાણ બાલાવબોધ શ્રી **જામનગર**ના પુસ્તક ભંડારમાંથી મળ્યો છે. ભાષા જુની ગુજરાતી–મારવાડીથી મિશ્રિત પરંતુ સ્પષ્ટ અને જાણે સ્વબોધ નેજ માટે ન હોય તેમ જણાઈ આવે છે. સ્થળે સ્થળે અપૂર્વ નિર્મળતામાં થઈ તેમનું જ્ઞાન ઝળકી રહે છે.

**સમાધિશતક**નું ગુજરાતી ભાષાંતર હાલ **પ્રકરણમાળા**માં છપાયું છે. આ ઉપરથી સ્પષ્ટ જણાઇ રહેશે કે, પૂર્વે પણ એવાં બાલાવબોધ થતા હતા. અને હાલ મારા પરમધર્મ મિત્રમણિ **દીપચંદભાઇએ** ઉપાધ્યાયજી (**શ્રીયશોવિજય** મહારાજ)ના **જ્ઞાનસાર**પર વિવેચન લખ્યું છે. અને સાંભળવા પ્રમાણે તે સારૂં માનનીય થયું છે. કહેવાની મતલબ એ છે કે આવાં વિવેચન બહાર પડતાં આપણી જૈનશાસન ભૂમિમાં જ્યાં ક્રિયારૂચિ બહુ છે, ત્યાં **જ્ઞાન**રૂચિ પણ થશે. અને તેમ થઇ જ્ઞાનરૂચિદ્વારા ક્રિયા રૂચિમાં વૃદ્ધિ થશે; કારણ કે હૃદયમાં તોઃ—

"નિશ્ચયદષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર."

અને નિશ્ચયદષ્ટિ એટલે આત્મજ્ઞાન આવા અધ્યાત્મ ગ્રંથોથી થવા સંભવ છે. એકલા ક્રિયા ક્રિયા કરનારા, ક્રિયાજડ થઇ જવાનોસંભવ છે. અને કેટલાક થઈ પણ ગયા છે. એટલુંજ

નહીં પણ જ્ઞાનભીરૂ પણ સાથે થયા છે. વળી એકલું જ્ઞાન જ્ઞાન કરનારા શુષ્કજ્ઞાની બની જવાનો સંભવ છે, અને તેવા જ્ઞાની, ક્રિયાહીન થઈ ગયાની પણ હાલ ખોટ નથી. માટે જેમ ક્રિયા અવશ્યની છે, તેમ જ્ઞાનપણ અવશ્યનુંજ છે. **લાલનનું** વળી એવું માનવું છે કે, જ્ઞાન જેનીહાલ ન્યૂનતા જણાય છે, તેની ખરેખરી અધિકતા થતાં, ક્રિયા ન્યૂન થવાની નથી, પણ તે સાર્થ થવાથી રૂચિકર, અધિક અને વિશુદ્ધ થવાની છે. અને એમ થયું તો ક્રિયા ફળવતી પણ થઇ શ્રીજૈનશાસન ઉદ્યાનને પણ શોભાવવાનીજ છે. **इत्यलमधुना.**

લિઃ—

મુંબઇ સમતામંદિર;
૬-૧૨-૧૯૦૨.

સર્વેનો બંધુ અને શ્રી**વીર**પ્રભુનો
લઘુતમબાળ
**લાલન.**



## PROLOGUE.

DEAR BROTHER LALANA

"THEN WHERE AM I AND WHO!

From the solitary desert
Up to Baghdad came a simple
Arab, there amid the rout
Grew bewildered of the countless
People, hither, thither, running,
Coming, going, meeting, parting,
Clamour, clatter and confusion
All about him and about.
Travel-wearied, hubbub-dizzy,
Would the simple Arab fain,
Get to sleep; but then, on waking,
"How" quoth he, "amid so many
Waking know myself again?"
So, to make the matter certain
Strung a gourd about his ankle,
And, into a corner creeping,
Baghdad and himself and people
Soon were blotted from his brain.

But one that heard him and divined.
His purpose, slily crept behind;
From the sleeper's ankle clipping
Round his own the pumpkin tied,
And laid him down to sleep beside.

By and by the Arab waking
Looks directly for his signal
Sees it on another's ankle
Cries aloud, " Oh good-for-nothing,
Rascal to perplex me so,
That by you I am bewilder'd,
Whether I be I, or no.

If I the pumpkin why on you?
If you-then where am I and who ?[૧] "

Cornplanter N.F.Pa.
U. S. A.
1-1-1903.

From your own sister,
Maude Morrison.

---

૧ આ કવિતાનો ભાવાર્થ શ્લોક ૩૩ ના વિવેચનમાં જુઓ.

# વિષયવાર અનુક્રમણિકા.

## પ્રકરણ-૧ લું. ધ્યાનપ્રતિજ્ઞા પ્રારંભ.


શ્લોક:-૧ વસ્તુતઃ હું કોણ, અને મને કોણે ફસાવ્યો?
૨ ઠગારાં કર્મો એમ કહી ધ્યાની પશ્ચાત્તાપ કરેછે.
૩ ધ્યાની કર્મ હણવાનો નિશ્ચય કરેછે?
૪ સકળ આકરાં. (ઘનઘાતી) કર્મોને કેમ હણું, તેનો પ્રકાર કહેછે.
૫ ધ્યાનરૂપી વજ્રોથી કર્મરૂપી વૃક્ષો અને તેનાં ફળો-નો કેવી રીતે નાશ કરીશ?
૬ અદ્યાવધિ મોક્ષમાર્ગ ન દેખાવાનું કારણ.
૭ કેવલદર્શનરૂપ એવા આત્માને મેં કાં ન દીઠો?
૮ પરમજ્યોતિરૂપ હોવા છતાં આત્મા કોનાથી ઠગાયો?
૯ મારામાં અને પરમાત્મામાં ભેદ શો?
૧૦ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થવા આત્માને પ્રથમ જાણવો.
૧૧ ભવોભવની મહાદાઝ કયાંસુધી પીડે?
૧૨ કર્મવિભ્રમથી હું કેવો કહેવાયો? અને વસ્તુતઃ હું કેવો છું?
૧૩ કર્મરૂપી પ્રતિપક્ષીને આજેજ હું ઉખેડું છું.
૧૪ આનંદમંદિરમાં હવે પેઠેલો હું, હમેશા સ્વરૂપથી ચળુંજ નહીં.

૧૫ હવે **આનંદમંદિર**માં રહી શું કરૂં ?
૧૬ સર્વ પ્રતિજ્ઞાનો ઉપસંહાર.

**પ્રકરણ ૨ જું—ધ્યેયસ્વરૂપ પ્રારંભ.**

૧૭ ધ્યેયસ્વરૂપ.
૧૮ ધ્યાનાર્થીએ ધર્મધ્યાનમાં શું ધ્યાવવું.
૧૯–૨૦ ધ્યાનાર્થીએ ધ્યાનવિનાનો વખત કેમ ગાળવો અથવા શાનું ધ્યાન કરવું ?
૨૧ પોતાના આત્માને પરમાત્માસાથે અભેદપણે કેમ ધ્યાવવો ?
૨૨ થી ૨૭–વિસ્તારપૂર્વક ધ્યેયનું સ્વરૂપ.
૨૮ **સિદ્ધાત્મરૂપ** ધ્યેયનું લક્ષણ.
૨૯ **સિદ્ધાત્મરૂપ** ધ્યેયના ધ્યાનથી શું થાયછે ?
૩૦ વસ્તુતઃ **જ્ઞાન** કયું ?
૩૧ આત્માનો નિશ્ચય કેમ થતો નથી અને કેમ થાયછે?
૩૨ મુમુક્ષુએ ધ્યેયને કેમ ભાવવો ?
૩૩ કેવા તત્વનું ધ્યાન કરવું ?
૩૪ ત્રણે લોકના ગુરુ કોણ,
૩૫ ધ્યાની અભેદ ધ્યાન કેવી રીતે ધરે ?
૩૬ ધ્યાની અભેદ ભાવ કેમ પામેછે ?
૩૭ ધ્યાતા, ધ્યાનને મૂકી ધ્યેયમાં કેમ લીન થાયછે ?
૩૮ **સમરસીભાવ**નું ફળ.
૩૯ એ તે તેજ છે.
૪૦ પરમાત્માના જ્ઞાનથી તરત શું થાયછે ?
૪૧ **સવીર્યધ્યાન**નો ઉપસંહાર.

ॐ

# सवीर्य ध्यान.

## પ્રકરણ ૧ લું.

### ધ્યાનપ્રતિજ્ઞા પ્રારંભ.

(ધ્યાન કરવાને પ્રથમ કેવી પ્રતિજ્ઞા કરવી તે કહે છેઃ—વસ્તુતઃ હું કોણ? અને મને કોણે ફસાવ્યો.)

**अनंतगुणराजीव–वंधुरप्यत्र वंचितः ।**
**अहो भवमहाकक्षे, प्रागहं कर्मवैरिभिः ॥ १ ॥**

**અર્થઃ**—અનંત ગુણોરૂપી કમલોને વિકસ્વર કરવાને જો કે હું સૂર્યસરખો છું, તોપણ કેવી ખેદની વાત છે કે, આ ભવરૂપી મોટા કેદખાનામાં મને પૂર્વે કર્મરૂપી વૈરીઓએ ઠગ્યો!

**વિવેચનઃ**—જેમ કમળમાં અનેક પાંખડીઓ હોય છે; તેમ **અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, સત્, ચિત્, આનન્દ, વીર્ય,**

**દાન, લાભ, ભોગ, ઉપભોગ,** આદિ અનેક ગુણો મારામાં વિદ્યમાન છે.

જેમ કમળપુષ્પની પાંખડીઓ સૂર્યને જોઈ પ્રફુલ્લિત થાય, તેમ ઉપર વર્ણવેલા, **જ્ઞાનાદિ** અનંત ગુણો **મને** ( શુદ્ધ ચૈતન્યને ) નિહાળી વિકસ્વરપણું પામે છે.

જેમ **મનુષ્ય, રાજા, ચક્રવર્તી, સૂર્ય, ચંદ્ર,** ઇત્યાદિ સર્વે કોઇને કમળ પ્રિય હોય છે; તેમ **હું** ( જીવ ) આખા વિશ્વમાં સર્વે કોઇને વહાલો છું. હું વિશ્વવલ્લભ કહેવાઉં તેમાં શું ખોટું ?

જેમ સર્વે પુષ્પમાં કમળ શ્રેષ્ઠ છે. તેમ **ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલાસ્તિકાય,** અને **જીવાસ્તિકાય,** એ છએ દ્રવ્યોમાં **હું** ( જીવ ) ઉત્તમોત્તમ છું.

જેમ કમળનું પુષ્પ રાજાદિ સર્વના મસ્તકપર ચડે છે, તેમ ચૌદ રાજલોકરૂપ પુરૂષના મસ્તક ઉપર, એટલે લોકને અંતે સિદ્ધ શિલાપર ચડવાવાળો પણ **હું** છું.

જેમ કુમુદિની **ચંદ્રો**દય વેળાએ વિકસે તથા પૂર્ણોદયે પ્રફુલ્લિત થાય, તેમ હું ઉપશમ અને **ક્ષયો**પશમ **સમ્ય**ક્ત્વ પ્રાપ્ત થતાં વિકસ્વર થઈ પ્રફુલ્લિત થાઉં છું. વળી **સૂર્યોદય** વેળાએ કમળ જેમ સમગ્ર ખીલે છે, તેમ હું **ક્ષાયકસમ્યક્ત્વ** વેળાએ મારા અનન્ત ગુણોસહિત પ્રકાશું છું.[1] આમ સકળ ગુણોને વિકસાવનારો

૧ અહીંઆ કુમુદિની,-કમળ તથા **સૂર્યનું** અને **શુદ્ધ** ચૈતન્યનું સામ્યત્વ દર્શાવ્યું છે.

હોવા છતાં, અહીં આ ચૌદ રાજલોકમાં કર્મરૂપી વૈરીઓથી હું ઠગાયો ?

"પહેલાં મને કર્મરૂપી વૈરીઓએ ફસાવ્યો, આમ કહેવાથી હું હવે ફસાવાનો નથી એમ વ્યંગાર્થ છે. વળી જ્યાંસુધી મને હું કોણ છું, એ ખબર પડી નહોતી, તે પહેલાં એ શબ્દાર્થ નીકળે છે એટલે **સમ્યક્ત્વ** પ્રાપ્તિનાં પહેલાં મને કર્મરૂપ વૈરીઓએ, આ ભવરૂપ કેદખાનામાં ફસાવ્યો હતો, એમ કહ્યું છે. હવે હાલ તો હું મુક્ત છું. અહીંઆ જીવનમુક્તપણું સંભવેછે. ક્ષાયિક-**સમ્યકત્વાન** જીવનમુક્ત છે. કારણ કે તે પૂર્વે કરેલાં કર્મ ભોગવીને ખુલાસો કરેછે, અને નવીન કર્મબંધ તો નામમાત્ર કરે છે; કારણ કે તેમાં અહંતારૂપ સ્નેહ એટલે તેલ જેવી ચીકાશ હોતી નથી. જ્યારે આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે, ત્યારે તે પોતાને કેવો દેખે છે તે કહેછેઃ—

**અનંતજ્ઞાન**, **અનંતદર્શન**, **અનંતવીર્ય** અને **અનંતસુખ** એ સદ્‌ગુણોરૂપી કમલોને ખીલાવવાને, સૂર્યસરખો પોતાને જુએ છે.

આવું પોતાનું જ્ઞાન, દર્શન, **વીર્ય**ને **સુખ**રૂપ સામર્થ્ય છતાં કર્મરૂપ વૈરીઓએ, પોતાને સંસારરૂપ કેદખાનામાં નાંખેલો જોઈ, અચંબો પામે છે અને સખેદ કહે છે કે, આટલું છતાં પણ હું ઠગાયો, એ ખરેખર આશ્ચર્યની વાત છે!" **( મા. ઘે )**

ઠગાયો માટે અરે! ઠગારાં કર્મો એમ કહી ધ્યાની પશ્ચાત્તાપ કરે છે.

**स्वविभ्रमसमुद्भूतै रागाद्यतुलबंधनैः ।**
**वद्धो विडंवितः कालमनंतजन्मदुर्गमे ॥ २ ॥**

**અર્થ:**—( વળી એમ વિચારે કે ) મારા પોતાનાજ વિભ્રમથી ઉત્પન્ન થએલા રાગાદિ કઠિણ બંધનોથી હું બંધાયો છું. અને એમ બંધાઈ અનંતકાળ થયાં જન્મોજન્મરૂપી કારાગૃહમાં હું પીડા પામ્યો.

**વિવેચન:**—જેમ છીપમાં રૂપાની, દોરડીમાં સાપની, ઝાંઝવામાં જળની **ભ્રાં**તિ થાય, તેમ આ જગત્‌માં મેં પોતેજ ભ્રાંતિથી, સુખની બુદ્ધિ કરી, અને **હ**રિણ જેમ ઝાંઝવામાં જળ શોધવાને દોડે, તેમ વિષયોમાં હું સુખને ખોળવાને ધસ્યો, પરંતુ ઝાંઝવાનાં જળ જેમ જેમ દૂર દૂર માલમ પડતાં જાય, તેમ તેમ એક જાતિના વિષયોમાંથી બીજી જાતિના, બીજીમાંથી ત્રીજી જાતિના એમ ઉત્તરોત્તર વિષયોમાં સુખ હશે, એમ મને જણાતું ગયું. આમ દોડતાં દોડતાં રાગાદિ સિપાઇઓએ મને પકડ્યો, કર્મરૂપી સખ્ત દોરડાંઓથી બાંધ્યો, અરે! બાંધ્યો એટલુંજ નહીં, પરન્તુ **ના**રકી, **તિ**ર્યંચ, **મ**નુષ્ય અને દેવતા, એવા જન્મોજન્મરૂપી કારાગૃહમાં મને નાંખ્યો[1] પરન્તુ હવે:-

---

૧ પ્રિય વાંચનાર, જે કોઈ પારકી વસ્તુ ચોરી લે, તેને સિપાઈઓ પકડી કેદમાં નાંખે, તેમાં શી નવાઈ છે? જુઓ **વિષયો પુદ્‌ગલિક એટલે પુદ્‌ગલ દ્રવ્યના છે અને તે વિષયોને જો મનુષ્ય લઈ લે તો રાગાદિ સિપાઇઓ તેને કેદમાં નાંખે** તેમાં શું આશ્ચર્ય છે?

વડિલબંધુ સંવિજ્ઞ પક્ષી ( a Jain Luther ) **શ્રીયશોવિજયજી** ઉપાધ્યાય પણ કહે છે કે:—

**પર પરણતિ અપની કરી માને, કિરિયા ગરવે ઘેલો;**
**ઉનકું જૈન કહો કેમ કહિયે, એ મૂરખમેં પહેલો. ૧.**

વાત પણ ખરી છે કે, પોતાનામાં અનંત જ્ઞાનાદિરૂપ અખંડ ખજાનો

(આજે શું કરૂં છું તે જૂઓ.)

अद्य रागज्वरो नष्टो, मोहनिद्रा विनिर्गता ।
ततः कर्मरिपून् हन्मि, ध्याननिस्त्रिंशधारया ॥ ३ ॥

**અર્થ:**—(વળી એવી દઢ પ્રતિજ્ઞા કરે કે) આજે રાગરૂપી તાવ–ઉતરી ગયો, અને મોહરૂપી નિદ્રા ઉડી ગઇ, એટલામાટે કર્મરૂપી–વૈરીઓને ધ્યાનરૂપી તીક્ષ્ણ ખડ્ગની ધારાથી હણું છું.

**વિવેચન:**—જેમ જ્વરમાં દહીં, તેલ, લીંબુ, મરચું અને આમલી આદિ કુપથ્ય પદાર્થો ખાવાની ઇચ્છા થાય, તેમ સંસારમાં રાગરૂપ જ્વરથી વિષયોરૂપી કુપથ્ય સેવવાની ઇચ્છા થઈ; પરન્તુ આજે સંસારપ્રત્યે રાગરૂપ જ્વર નાશ પામ્યો;

---

ભર્યો છે, છતાં પુદ્ગલિક કાંકરામાં મોહી જાય, પોતામાં **આનન્દરૂપ** અમૃત ભરેલું છે, છતાં પરપરિણતીરૂપ **પુદ્ગલિક** છારા પીવા દોડે, એ મૂરખનો સરદાર નહીં તો બીજું શું ?

કેટલાક વ્યવહારકુશલ એવા મૂર્ખને ડાહ્યા કહે તો તેથી શું સર્યું, જે (શુભ) ક્રિયાના ગર્વમાં છકી જાય તેને પણ જૈન ન કહેવો, કારણ કે ક્રિયા તો પૌદ્ગલિક છે, માટે એવી પરવસ્તુરૂપ પુદ્ગલિક ક્રિયાનો ગર્વ શા માટે, **આત્મદષ્ટિ એ તો:—**

**નિશ્ચય દ્રષ્ટિ હ્દય ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર (૨)**
**શ્રીમદ્ યશોવિજયજી.**

**સમ્યગ્દષ્ટિ આત્માનંદી,** નિજાનંદનો આસ્વાદ લેતો શુદ્ધ ચૈતન્યભાવમાં રહે અને કદાચ વ્યવહાર કરે તો તે પણ અવ્યાપક રહી શુભ વ્યવહાર કરે.

એટલે વિષયોરૂપ કુપથ્ય સેવવાનું પણ તેની સાથે નષ્ટ થયું. એટલુંજ નહીં પણ સંસારમાં જેથી સુખબુદ્ધિ થતી હતી, તેવી મોહનિદ્રા પણ નષ્ટ થઈ ગઈ. એટલે છીપમાં જેમ રૂપાની ભ્રાંતિ હતી, તેવી મોહનિદ્રા ચાલી ગઇ. સંસારમાં સુખ નથી, પરન્તુ મેં સુખ આરોપ્યું હતું, તે તેમાંથી ગયું.

"આરોપિત સુખભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ" આમ જે **દેવચંદ્રજી** મહારાજ ગાઇ ગયા છે તેમ થયું. **અનન્ત આનન્દ** (અવ્યાબાધ સુખ) તો મારા પોતાનામાંજ છે. કસ્તુરીયા મૃગના ઉદરમાંજ કસ્તુરી હોય છે, પણ તેની સુવાસ લેવાને ભ્રાંતિથી તે જેમ જ્યાં ત્યાં ભટકે-દોડે-રખડે તેમ હું વિષયોમાં સુખરૂપ કસ્તુરી ઢુંઢવા લાગ્યો. અરે! પણ મને આવી ભૂલથાપ કોણે ખવરાવી? મારી બહિર્દૃષ્ટિએ—મારી બ્રાહ્ય સુખ શોધવાની વૃત્તિઓએ—કર્મોએ! પણ આજે એ કર્મરૂપી વૈરીઓને વીર્યસહિત ધ્યાનની તીક્ષ્ણ ખડ્ગની ધારાથી હમણાંજ હણી ચકચૂર કરૂંછું.

(અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપ આત્માને જોઈશ.)

**आत्मानमेव पश्यामि, निर्धूयाज्ञानजं तमः ।**
**प्लोषयामि तथाप्युग्रं, कर्मेधनसमुत्करम् ॥ ४ ॥**

**અર્થ:**—અજ્ઞાનથી ઉત્પન્ન થએલા અંધકારને દૂર કરીને હું **આત્માનેજ** જોઉંછું. તેમજ ઉગ્ર કર્મોરૂપી લાકડાંના મોટા ગંજને બાળીને ભસ્મ કરૂંછું (એવી પ્રતિજ્ઞા કરી ધ્યાનસ્થ થાય)

**વિવેચન:**—બહિર્દષ્ટિ મૂકીને (એટલે કસ્તુરીમૃગ કસ્તુરીને

બહાર–શોધવાનું મૂકી, જેમ પોતાનામાં શોધે તો તે પોતાનામાંજ પામે તેમ ) અંતરદષ્ટિ–આત્મદષ્ટિ થઈ કે, પોતે પોતાને જોતાં આત્મરૂપ થાય. હવે આત્મા **સ્વયંપ્રકાશ** હોવાથી, તે દષ્ટિ જેમ જેમ વધતી જાય, તેમ તેમ અજ્ઞાનરૂપી અંધકાર ખસી જાય. એમ કરતાં સંપૂર્ણ અંધકાર પણ જાયજ. એટલુંજ નહીં પણ આત્મદષ્ટિ થઈ, નિજ સ્વરૂપમાં એકાગ્રતા કરતાં કરતાં એટલે **જ્ઞાન** એજ **હું, દર્શન** એજ **હું**, અને તે ઉભયમાં રમણ કરતાં કરતાં જે **ચારિત્ર** થાય, તેપણ **હું** એમ નક્કી કરે. તે **ચારિત્ર**ની ઉષ્ણાગ્નિથી ( અર્થાત્ તીવ્ર અગ્નિથી ) કર્મો બળીને અવશ્ય ખાખ થાય. તેથી **ચારિત્ર** તે પણ **હું**જ છું, એમ ઠરશે.

**બીજી યુક્તિ:—શરીર, મન** અને **વાણી**, એ હું નહીં; એમ થયું કે એ ઉપર રાગ રહે નહીં. કારણ કે **હું** ત્યાં **રાગ**. એમ શરીરાદિ હું નહીં તો પછી એ શરીરાદિથી ભોગવાતા વિષયો મ્હારા નહીં, એમ સહજ થઇ જશે. આમ પરવસ્તુમાંથી રાગ ગયો, એટલે પરવસ્તુમાં રહેલો હું છૂટો થયો અનુભવાશે. **હું**માં ( આત્મામાં ) રાગ ભલે હો. આમ થયું કે ત્યાં કોઈક અલૌકિક શાંતિ અનુભવાશે. આ શાંતિવાળી સ્થિતિ કોઈ અપૂર્વજ **આનંદ** આપે છે. આવો આનંદ પૂર્વે તેં કોઇ વખતે પણ અનુભવ્યોજ નથી. તેજ **અંતરાત્મભાવ** છે, એ અંતરાત્મભાવ થયા પછી તે ભાવવડે તેમાંજ **પરમાત્મ**ભાવના કરતાં કરતાં, એટલે **જ્યોતિર્મય**–પરમાત્મભાવમાં ઐક્યતા કરતાં કરતાં જે સ્વરૂપ પ્રગટ થાય, તેજ **તું** છો **(तत्त्वमसि)** અને તેજ **હું** છું, **(सोहं)** એમ બની રહે છે.

**अज्ञानजं तमः**—અજ્ઞાનરૂપી અંધકાર, અનિત્ય વસ્તુમાં નિ-ત્યબુદ્ધિ, અશુચિમાં શુચિબુદ્ધિ, દુઃખમાં સુખબુદ્ધિ, અને અ-નાત્મ–( જડ ) માં આત્મબુદ્ધિ એ અજ્ઞાન–અવિદ્યા મિથ્યાત્વ–અથવા ભ્રાંતિથી થાય છે.

હવે અજ્ઞાનની પરંપરા એવી છે કે, એક ભૂલ થઇ કે પછી બીજી થાય, પછી ત્રીજી એમ વધતાં વધતાં જીવ એવી ગુંચ-વણમાં આવે કે તે ચક્રાવામાંથી નીકળવું મુશ્કેલ થઇ પડે.—

**સ્પષ્ટીકરણ:**—શાશ્વત જીવ તેજ હું. એમ છતાં પુદ્ગલ હું, એમ માન્યું અને એમ સમજે કે, પુદ્ગલને એક દિવસ થયો એટલે મને એક દિવસ થયો. આ ભૂલના ચક્રાવામાં બીજી પણ ભૂલો કરે, ને તે આનાથી મોટી ભૂલ હોય, એટલે શરીરને ગર્ભ બહાર આવતાં અઠવાડિઉં થયું, વળી તેથી મોટી ભૂલ મહિનો થયો એમ ગણ્યા કરે. પછી વર્ષ, પછી દશ વર્ષ, પછી પ-ચાસ ને સાઠ અને પછી પુદ્ગલથી છૂટો થયો કે હું **મરી ગયો**, એ કાળસંબંધી ભૂલ જે પુદ્ગલને એટલા વર્ષ થાય છે તેનો પોતાનામાં આરોપ કરાવે છે, તે પેહેલી ભૂલ.

પોતે પહેલાં અજ્ઞાનથી એમ માને ( અથવા અજ્ઞાન માબાપે શીખવ્યું હોય તેથી એમ માને ) કે હું શરીર, અને એમ માન્યું કે, જે શરીરનાં સગાંવહાલાં તે પોતાના–આત્માનાં સગાંવહાલાં. તે શરીરને માટે ઘર કુટુંબ, લુગડાંલતાં, ઘરેણાંગાંઠાં, બાગ બગીચા, નાત જાત તે પોતાનાં એમ માને છે. એવી એવી ભૂલોની પરં-પરાએ ચાલે તે આ સંસારસમ્બન્ધી બીજી ભૂલ.

હવે વિષયોમાં સુખ નથી તે છતાં, સુખબુદ્ધિ થવી તે ત્રીજી ભૂલ. જુઓ આગળ શ્લોકમાં કહ્યું છે કે, જેમ મૃગની નાભિમાં કસ્તુરી છે, તેમ ( શાશ્વત ) **અનન્ત આનન્દરૂપ** સુખ પોતાનામાં છે, તેમ છતાં જેમ મૃગ બહાર ઢુંઢે છે, તેમ ભૂલેલો અજ્ઞાન જીવ, ( અવ્યાબાધ ) **સુખ** છે પોતાનામાં ને ઢુંઢે છે બહાર. વિચાર કરો કે, **સાકરમાં** મીઠાશ છે? **લાલન** કહે છે કે, મીઠાશ ( સુખ ) પોતાનામાં છે, અને એ સાકરમાં ફક્ત રસેંદ્રિયદ્વારા પ્રદર્શિત કરે છે, કારણ કે જો મારામાં સુખ પરિણામ ન હોય તો સાકર મીઠી નથી, કેમકે મીઠી સાકર પણ **લાલનના** શરીરને તાપ આવ્યો ત્યારે મીઠી ન લાગી. માટે ભાઇઓ જીતેંદ્રિય જૈનો, મીઠાશ ( સુખ ) પોતાનામાંજ છે, વિષયોમાં નથી; પરન્તુ જેમ સૂર્યમાંથી કિરણો સ્ફુરે, તેમ **અનન્ત આનન્દરૂપ સૂર્યમાંથી** સુખનાં કિરણો સ્ફુરી વિષયોમાં પ્રવેશ કરે છે. ને કસ્તુરીમૃગની માફક, તે અજ્ઞાનતાથી ભૂલેલો જીવ વિષયમાં સુખ માની તેની પૂંઠે દોડે છે. આ અજ્ઞાનતારૂપી ચોથી ભૂલ.

વળી પુદ્દગલ જે અશુચિરૂપ છે, તેને શુચિરૂપ માને. જેમ અન્નને શુચિ માને, દૂધને શુચિ માને, જે અન્ન વિષ્ઠાના ખાતરથી થાય તથા જે વિષ્ઠા ગાયના ખાણામાં આવે તે ભૂલી જાય. આમ અજ્ઞાનથી ભૂલની પરંપરા ચાલે, પરન્તુ આ અજ્ઞાનથી ઉત્પન્ન થતું **તમઃ** એટલે અંધારૂં તે **શાસ્ત્ર–સત્સંગ**–કે **સુવિચારના** દીપોથી દૂર કરી **આત્મા** તરફ જરા જરા જોતા રહેવું. અને એમ જોતાં જોતાં તેના તરફ દૃષ્ટિ કરવી એટલે અંધારૂં જશે,—આત્મદર્શન

થશે; એટલું જ નહીં પરન્તુ એ આત્મદર્શનના યોગે તેમાંજ ધ્યાન કરવાથી કર્મરૂપી લાકડાંનો ગંજ બળી જશે.

કર્મ છે પુદ્‌ગલિક, અને મન જેનાથી ધ્યાન કરવાનું છે, તેપણ પુદ્‌ગલિક છે, તે બે એવી રીતે બળી જાય છે કે, જેમ લાકડે લાકડું ઘસવાથી લાકડાં બળી જાય છે, તેમ છેવટે તે બન્નેનો નાશ થાય છે.

આત્માનેજ જોવું કેમ બને!—ઇંદ્રિયાદિની ક્રિયા મૂકી છૂટા થએલાં મનથી વિચાર કરવો કે, આ ક્રિયા મારામાં કોણ કરે છે? ઘડી પહેલાં ચાલવા હાલવાની કે, વાત કરવા આદિની ક્રિયા કોણ કરતો હતો? આ વિચાર કરી રહ્યા પછી ક્રિયા કોણ કરશે? આમ વિચાર કરતાં નિમિષમાત્રમાં–ક્ષણમાત્રમાં માલૂમ પડશે કે, માંહી કોઇ ક્રિયા કરવાને પ્રેરે છે, તે પ્રેરનાર કોણ છે? ને એ કોણ પ્રેરેછે? એનેપણ પ્રેરે છે તે કોણ? એમ પ્રશ્ન પૂછતાજ જવા. ત્યારે ઘણું ઉંડું ઉંડું જતા હોઇએ એમ માલમ પડશે. પછી મનથી વિચાર કરવો કે, આ અંદર રહી વિચાર કોણ કરે છે? એ ઉપરના વિચાર પણ કોણ કરે છે? એમ કરતાં કરતાં જ્યારે વિચાર થાકી જશે, અને **મન** એમ થાકીને વિરામ પામ્યું કે અંદરની **જ્યોતિ** દેખાશે. કારણ કે અત્યારસુધી મન અને ઇંદ્રિયોની ક્રિયા જે વાદળાંરૂપ હતી તે વાદળાં ખસ્યાં, એટલે મન નિર્વિકલ્પ થયું; અને એ નિર્વિકલ્પ થયું કે, આત્મખ્યાતિ એટલે જ્યોતિની ઝાંખી થવા લાગશે.

થોડાજ વખતમાં ત્યાર પછી ગ્રંથીભેદ થશે. ક્રોધ, માન,

માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગચ્છા આદિ કેમ જાણે કાળાં ધબ જેવાં વાદળાં થઈ પોતાના આત્મસ્વરૂપને પૂર્વે આચ્છાદન કરતાં હતાં, તે જણાઇ આવશે. આટલું થયું કે, સઘળા કષાય ઉપર એટલે ક્રોધાદિ ઉપર ક્રોધ આવશે. અનુક્રમે તેનાપર પણ દયા આવશે. અને જે વશ પોતે હતો તે, પોતાને વશ થઇ જશે. અને ક્રોધાદિ વશ થઇ ગયા, અને તે ચોથા સ્વંજ્વલન સુધી આવી ગયો તો પછી આ ભવમાંજ, ઘણું મોટું કામ થયું એમ સમજવું.

આ શ્લોકરત્નમાં **कर्मेंधनसमुत्करम्** એમ છે. કર્મરૂપી લાકડાંનો ઢગલો.–એ લાકડાં પહેલાં તો સૂકાં છે, કારણ જ્યારે વિષયાદિ રસની ભીનાશ જાય છે, ત્યારેજ ધર્માદિક ધ્યાન, ધારણા, સમાધિ, ઉપર પ્રીતિ કરે છે, અને એમાં પરવસ્તુની ભીનાશ ન હોવાથી, તે સુકાં છે. હવે સુકાં લાકડાંનો ઢગલો બળે એમાં વાચકબંધુ કે, ધ્યાન મિત્રને કંઈ સંશય નજ હોય, માટે ગમે તેવાં સુકાં લાકડાંનો ઢગલો હોય, તે ધ્યાનાગ્નિની માત્ર ચણગારીથી પણ બળવાં માંડે છે, પરન્તુ એ ધ્યાનમાં ઉપયુક્ત એવી મૈત્ર્યાદિ ધમણો લગાડી હોય, તો એ ધ્યાનાગ્નિ વિશેષ વિશેષ પ્રદિપ્ત થશે અને એ પ્રદિપ્ત થએલો અગ્નિ પહેલાં ધર્મધ્યાનની જ્વાળાવડે અને પછી શુકલધ્યાનના ભડકાના ઉગ્રતાપથી કર્મને બાળી મૂકશે. એમાં પણ બીલકુલ સંદેહ લેવા જેવું નથી.

જેમ ધ્યાનાગ્નિથી કર્મ બળે છે, તેમ ધ્યાનરૂપ વજ્રથી કર્મરૂપી વૃક્ષોનો તેમજ તેનાં વિષયાદિ ફળોનો, પણ નાશ થાય છે તે આગલા શ્લોકોમાં આવશેઃ—

ધ્યાનરૂપી વજ્રથી કર્મરૂપી વૃક્ષોનો અને તેનાં ફળોનો
કેવી રીતે નાશ કરીશ ?

**प्रबलध्यानवज्रेण, दुरितद्रुमसंक्षयम् ।**
**तथा कुर्मो यथा दत्ते, न पुनर्भवसंभवम् ॥ ५ ॥**

**અર્થ:**—અત્યંત બળવાન એવા ધ્યાનરૂપી વજ્રથી પાપરૂપ વૃક્ષનો એવી રીતે નાશ કરૂં કે, જેથી ફરીથી જન્મરૂપ ફળ થવાનો સંભવજ ન રહે.

**વિવેચન:**—જન્મ હોવો એટલે કોઇપણ શરીર હોવું, શરીર જે છે તે પરવસ્તુમાં મમત્વથીજ થાય છે. હવે ધ્યાનરૂપી કુહાડાથી, પરવસ્તુનેજ મ્હારાથી જૂદી કરી નાંખુ, તો પછી શરીર કયાંથી જન્મે ! પરવસ્તુમાં હું હોઉં, તોજ પરવસ્તુરૂપ વૃક્ષ ઉગે; એટલે પુદ્ગલરૂપ માટીમાં હું રૂપ પ્રકાશ, તેના ઉપર મારારૂપ રાગ હવા, અને પંચાશ્રવરૂપ વરસાદ પડે, તોજ જન્મરૂપ વૃક્ષ ઉગે. અને વિષયોરૂપ તેનાં ફળો થાય. પરન્તુ આ પુદ્ગલાદિ પદાર્થોમાંથીજ જો હું અલગ થઇ રહું, મારા ભેદજ્ઞાનના કુહાડાથી તેને મૂળથીજ છેદી નાંખું, તો પછી શરીરાદિ કયાંથી ઉગે ? અને શરીરાદિ ન ઉગે તો પછી જન્મ પણ કયાંથી થાય ?

ધ્યાન દ્વારા આત્મદષ્ટિ કરી, પરવસ્તુમાંથી Will to do કર્મભાવના જેમ **"શોપનહોર"**[૧] નામના જર્મન અધ્યાત્મવાદી

---

૧ **"શોપનહોર"**ને મરણ વખતે પૂછવામાં આવ્યું કે, આપની કબર ઉપર શું લેખ લખવો ? ત્યારે આત્મદષ્ટિએ ઉત્તર આપ્યો કે "Shopanhour is no more" **"શોપનહોરને હવે જન્મ નથી"**

કહેછે તેમ ઉપાડી લઉં, તો પછી પુનર્જન્મનો સંભવજ કયાંથી રહે? ॥ ૫ ॥

પુદ્ગલરૂપ વૃક્ષ **મમત્વરૂપ** રસવિના ઉગે નહીં, અને એ વૃક્ષને રસ નહીં મળવાથી સુકાવા લાગે તો પછી તેને વિષયાદિ ફળો કયાંથી થવાં સંભવે? હવે તેમાંથી મમત્વરૂપ રસ કેમ સુકાવા લાગે, એ પ્રશ્ન પૂછવામાં આવે તો, તેનું ઉત્તર સહજ એજ કે, મમત્વ છોડવું નહીં, પણ મમત્વ પોતામાં એટલે અશાશ્વત એવા પુદ્ગલમાંથી કાઢી શાશ્વત એવા જીવમાં (આત્મામાં) કરવું આત્મા એટલે અનંત જ્ઞાન દર્શનાદિ અને તેમાં મમત્વ રાખવાથી દેહાદિ પરમાંથી તે છુટી જશે.

કોઈ પણ વસ્તુ ઉચ્છેદ કરવામાં સાધનો–હથિયારો અનેક તરેહનાં હોયછે. છીણી, ચપ્પુ, કાતર, કરવત, કુહાડા, વગેરે; પરન્તુ એ બધાં શસ્ત્રોમાં વજ્ર જેવું કોઇ નથી; પર્વતને પણ ભેદી નાંખે એવું વજ્ર હોયછે. મેરૂ પર્વત જેટલાં કર્મ હોય, તોપણ ધ્યાનરૂપ વજ્ર તેને તોડી નાંખેછે, અને એવી રીતે તેને એ ધ્યાન મૂળમાંથી ઉખેડી પણ નાંખેછે કે ફરીથી કર્મરૂપ બીજ ઉગેજ નહિ. માટેજ **ગ્રન્થકાર "प्रबलध्यानवज्रेण"** એમ કહે છે.

કર્મરૂપી વૃક્ષનાં ફળો ધંતુરાનાં ફળો જેવાં ઝેરી છે, માટે એ ઝાડને જો મૂળીઆમાંથી છેદવું એટલે કર્મજનિત દેહમાં હુંપણું કાઢી લીધું તો એ ઝાડ છેદાયું ને તેથી તેનાં ફળો તો છેદાયાંજ છે.

(કારણ કે કંઈક પણ કરવા (કર્મ)માં હવે ઈચ્છા નથી. અને જન્મ તો કર્મ ઇચ્છાથીજ થાયછે.) એ ભાવાર્થનું વાકય કહ્યું.

કર્મરૂપી વૃક્ષોને ઝેરી ફળ કેમ છે? આ પ્રશ્નના ઉત્તર એજ કે, એ ઝાડના એકપણ વિષયરૂપ ફળ ભોગવ્યાં કે ફરીથી, વિષયભોગની ઇચ્છા થશે, અને જેટલી જેટલી વાર એ ઇચ્છા રહી તેટલી તેટલી વાર જીવ તે વિષયના ઝેરી ફળના ભોગથી મરી જશે. અને વળી પણ તે વિષયને ભૂલથી ખાશે, એટલે દેહભાવનેજ ધ્યાનરૂપ વજ્રથી મમત્વરૂપ મૂલમાં છેદી નાંખ્યાં એટલે, દેહભાવ ગયો, તો જન્મરૂપ ફળ પણ ગયાં જાણવાં.

વિ. વિ. કદાચ દેહમાં મમત્વભાવ ગયો ને એમ કરતાં સમય ન ગયો તો દેહ રહેશે, તોપણ **સાધુ, ઉપાધ્યાય, આચાર્ય** કે **ગણધર** કે **તીર્થંકર** અવસ્થાને યોગ્ય એવાં શુભ-શુદ્ધ કાર્યો અવ્યાપકપણે કરશે, અને એને મમત્વ ન હોવાથી એ **ચરમશરીરિ થશે.**

અદ્યાવધિ મને મોક્ષ માર્ગ કેમ ન દેખાયો!

**जन्मज्वरसमुद्भूत-महामूर्च्छांधचक्षुषः ।**
**स्वविज्ञानोद्भवः साक्षा-न्मोक्षमार्गो न वीक्षितः ॥६॥**

**અર્થઃ**—સંસારરૂપી જ્વરથી ઉત્પન્ન થએલી મહા મૂર્ચ્છાએ મારા ચક્ષુને અંધ કરી નાંખ્યાં, તેથી મારા પોતાનાજ જ્ઞાનથી, ઉત્પન્ન થતા મોક્ષમાર્ગને મેં યથાર્થ ન દીઠો.

**વિવેચનઃ**—જેમ આંધળાને માર્ગ ન જડે, તેમ આત્મજ્ઞાનમાં અંધ હોવાથી મને મોક્ષમાર્ગ ન જડ્યો. કોઈ જન્માંધ હોયછે, અને કોઈ કંઈ કારણથી આંધળા થાય છે, તેને કદાચ (મોક્ષમાર્ગ) ન જડે. પરન્તુ ઘાસલેટના દીવાના ધૂમાડામાં બહુ વખત

બેસવાથી કે એવાં કોઈ કારણથી અંધપણું આવ્યું હોય તે દૂર થઈ શકે, તેમ સંસાર જ્વાળાના મોહરૂપ ધૂમાડામાં રહેવાથી જે જ્ઞાનમાર્ગમાં અંધ છે; તેને પ્રથમ મૈત્રી, કરૂણા,- પ્રમોદ, મધ્યસ્થતા આદિ ભાવનારૂપ ઔષધોપચારથી સદ્દેવ, સદ્ગુરૂ, સદ્ધર્મ, તથા સત્સાસ્ત્રના સંગનું અંજન થયું કે, પાછો તે દેખતો થાય; હવે મને એમ થયું હોય એમ જણાય છે, અને તેને લીધે, મને જે મોક્ષમાર્ગ નહીં દેખાતો હતો તેનું કારણ પણ મને જણાઈ ગયું. એ કારણ એ કે ત્યારે મને સમભાવ ન હતો, અને સમભાવવિના મોક્ષમાર્ગ ક્યાંથી જણાય? કહ્યું છે કેઃ—

**सेयंबरोय आसंवरोय बुद्धोअ अहव अन्नो वा ॥**
**समभावभावि अप्पा, लहेइ मोख्खं न संदेहो ॥ १ ॥**

( સંબોધ સત્તરી, શ્રીરત્નશેખરસૂરી )

**અર્થઃ**—શ્વેતાંબર હો, વા દિગંબર હો, વા બુદ્ધ હો, વા અન્ય હો, પરન્તુ જેનો આત્મા સમભાવે ભાવિત હોય, તે નિઃસંદેહ મોક્ષ પામે છે.

આત્મા જ્યોતિર્મય છે, અને એ જ્યોતિ ઇંદ્રિયરૂપ જાળિયામાંથી જો વિષયાદિનો કચરો ન ભરાયો હોય તો થોડી થોડી બહાર આવેછે અને તેથી તે જણાતા, સંસારમાંથી છુટવાના જે માર્ગો નજરે પડેછે; તે માર્ગો બધા ગલી જેવા સાંકડા હોય છે, પરન્તુ ઇંદ્રિયરૂપી જાળિઓ મનરૂપી બારીમાં છે, તો તે મનની બારીજ ખોલી નાંખી હોય તો, આત્મજ્યોતિ જે માર્ગમાં દેખાઈ આ-

વશે, તે રાજમાર્ગ જેવો મોક્ષમાર્ગજ છે, અર્થાત્ મનને પણ દૂર મૂક્યું એટલે આત્માથી આત્મા જણાય છે.

**સ્વવિજ્ઞાન**થી સાક્ષાત્ મોક્ષમાર્ગ મળે છે, અને સ્વઅજ્ઞાનથી સંસારમાર્ગજ મળે છે. અને એ સંસારમાર્ગોમાં, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહાદિ એવા કચરાઓ ઠાંસી ઠાંસીને ભરાયલા છે કે, જેથી મિથ્યાત્વરૂપી પ્લેગ લાગેજ અને તેથી ભવભ્રમણરૂપ રોગ નીપજે. પરન્તુ સ્વવિજ્ઞાન થતાંજ, મૈત્રી, કરુણા, મુદિતા, મધ્યસ્થતા, આદિથી સ્વચ્છતા, સુવાસતા, એવી સ્ફુરે કે મિથ્યાત્વરૂપ પ્લેગ જઈ સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગરૂપ યાત્રા કરવાને નિરોગતા પ્રાપ્ત થાય. જન્મરૂપી જ્વરથી જે મૂર્ચ્છા ઉત્પન્ન થાય છે, તે મૂર્ચ્છા કાંઈનાની નથી, બાંધવો—**શ્રીવીર**પુત્રો, જુઓ તો ખરા અનાદિકાળથી,આ મૂર્ચ્છા લાગી છે તે, ખરેખર **આચાર્યજી**ના કહેવા પ્રમાણે, મહામૂર્ચ્છા **છે.** આ મહામૂર્ચ્છાનો **સ્વવિજ્ઞાન** એટલે પોતાનું જ્ઞાન થતાં નાશ થાયછે એટલે જ્ઞાનામૃત છંટાવાથી મહામૂર્ચ્છા ગાઢ હોવા છતાં પણ તેમાંથી જાગૃત થવાય છે, કારણ કે જ્ઞાન એ અમૃત છે, તેના સ્પર્શથી સુમનુષ્ય કે દેવતાદિ થવાય છે, અને તે જ્ઞાનામૃતના પાનથી અમર થવાય છે એટલે **સાદિ અનંતત્વ**પણ તેથી પ્રાપ્ત થાય છે.

કેવલ દર્શનરૂપ એવા આત્માને મેં કાં ન દીઠો ?

आत्मापि न विज्ञातो, विश्वलोकैकलोचनः ।
अविद्याविषमग्राह–दंतचर्वितचेतसा ॥ ७ ॥

**અર્થઃ**—(વળી એમ વિચારે કેઃ—) અવિદ્યા એટલે મિથ્યા-

ત્વરૂપ દારૂણ મગરમચ્છના દાંતોમાં મારૂં ચિત્ત ચવાઈ ગયું, એટલે સકળ વિશ્વને જોવાને અદ્વિતીય નેત્રરૂપ (**કેવલદર્શનરૂપ**) આત્માને પણ મેં ન જોયો!!!

**વિવેચનઃ**—જેમ દારૂણ મગરમચ્છ દરિયામાં હજારો જીવનો સંહાર કરેછે તેમ, મેં પણ આ સંસાર સમુદ્રમાં આરમ્ભનાં કામો કરી હજારો નિરપરાધી પ્રાણીઓનો સંહાર કર્યો છે. જેમ દારૂણ એટલે મોટો મગરમચ્છ, મોટાં મોટાં સરસામાન ભરેલાં વહાણોને પોતાના પેટમાં ગરકાવ કરી જાયછે, તેમ મારા લોભરૂપી પેટમાં મારૂં કુટુંબ, મારી નાત, મારો દેશ, મારૂં ધન, મારાં છોકરાં, મારી સ્ત્રી, મારાં લૂગડાં, મારા દાગીના, મારૂં રાચરચીલું, એમ કરીકરીને મમત્વરૂપ મોટું વહાણ હું મારા પેટમાં ગરકાવ કરી ગયો છું. જેમ મગરમચ્છના દાંતો ચાવે, તેમ મારૂં મારૂં કરી મેં પણ જગત ચાવ્યું. જેમ મગરમચ્છના દાંતો તીવ્ર અને લાંબા હોય છે તેમ, મારી પણ આશા અને તૃષ્ણા લાંબી લાંબી હોય છે. આશ્ચર્ય છે કે, હું મનુષ્ય થઈ, તિર્યંચ, પંચેંદ્રિય એવા મગરમચ્છનું અનુકરણ કરૂંછું. હું તિર્યંચથી ઉંચો કે નીચો, મારે મારાથી વિશેષ એવા શુભ દેવોનું અથવા તિર્થંકરોનું અનુકરણ કરવું યોગ્ય છે, આતો મેં ઉલટો ધંધો માંડયો, અને આ નીચના અનુકરણથી તો હું જે આ મનુષ્યપણું પામ્યો છું, તે પણ હારીને પાછો નીચે જઇશ. વળી તે મગર દરિયામાં પડ્યો, તે પેટમાં દુર્વસ્તુ નાંખેછે; હું મનુષ્ય હોવાથી મારૂં પેટ મન કે ચિત્ત છે, તેમાં દુષ્ટ વિષયોને મારા મારા કરી ગ્રહણ કરતો જાઉંછું. તેને જેમ

દાંતો મોટા છે, તેમ મારો લોભ મોટો છે. તેનું પેટ ભયંકર છે. તેમ મારૂં ચિત્ત ભયંકર છે. તે અજ્ઞાની છે, અને હું મિથ્યાત્વી છું. માટે થયું તે થયું. પણ જેમ કોઈ સારો મગરમચ્છ દરિયાકિનારે આવે, તેમ સંસારને કિનારે આવવા હે તું ચેતન ! સમ્યક્ત્વ પામ. પછી તે જેમ કિનારે આવી પોતાના પેટમાં રહેલી વસ્તુને વમી નાંખે, તેમ હું પણ દેશવિરતિ, અને સર્વવિરતિ થઈ પર વસ્તુને વમી નાંખું.

વળી તું કહીશ કે, શું ખાઉં ? તેનું ઉત્તર એ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સત્, ચિત્ત, આનંદ વગેરે એજ તારાં દ્રવ્યો છે અને તે અમૃતનું પાન કર તેજ તને યોગ્ય છે.

અરે ભલામાણસ ! કોઇ પ્યાલામાં તને દૂધ આપે, તો તે પ્યાલો કંઇ તારાથી ખવાય ? આ પૌદગલિક પદાર્થો તો જ્ઞાન, દર્શનાદિના આત્મામાંથી નીકળતા ઝરણો રાખવાના પ્યાલા છે. તો હું પ્યાલાનાં બટકાં ભરૂં અને દૂધને કાઢી નાંખુ. તે શું યોગ્ય છે. પરંતુ જો શુભ ક્રિયારૂપ પ્યાલો લઈ, પઠન, પાઠન, સામાયિક પૂજા, ઇત્યાદિ પ્યાલામાં જ્ઞાન દર્શનને ભરૂ અને તેનું જો હું પાન કરૂં તો કેવું સારૂં ! વિષયો એ તો માટીના પ્યાલા છે. પરંતુ પૂજા, સામાયિક ઇત્યાદિ તો રૂપાના, અને સૂવર્ણના પ્યાલા છે. સામાયિક એ સ્ફટિકનો પ્યાલો છે.

## विश्वलोकैकलोचनः

દીવો, તારા, ચંદ્ર, સૂર્ય વગેરે મને દેખાયા કે જે થોડાં વખત તિર્ચ્છાલોકરૂપ ઘરમાં અંધારી રાતે, અજવાળી રાતે, અને

દિવસના પ્રકાશ કરે છે. પરંતુ અંધારી રાતે, અજવાળી રાતે, દિવસના ને ઘરમાં, બહાર અને **સાદિઅનંત** કાળ સુધી લોકાલોક પ્રકાશક એવા આત્મારૂપી (સૂર્યને પણ દેખનાર) સૂર્યના સૂર્યને પણ મેં હજુસુધી નહોતો દીઠો ! અરે ! **લાલન** ! જો તો ખરો. કેવું આશ્ચર્ય ? !

તારા દૂર, ચંદ્ર દૂર, સૂર્ય દૂર, પણ આતો **આત્મા** જે સૂર્ય, ચંદ્ર, તારા અને દીવાના કરતાં પણ પાસે, જે મારા દેહથી પણ પાસે, જે મારા શ્વાસોચ્છ્વાસથી પણ પાસે, અને વળી લોકાલોક પ્રકાશક, તેને મેં નહીં દીઠો ? એ **લાલન** તારી કેવી ફજેતી ? ! કે તું દૂર ને થોડા પ્રકાશવાળાને દેખે અને પાસેની પણ પાસેના તેમજ લોકાલોક પ્રકાશકને ન દેખે !

**मयात्माऽपि न विज्ञातो** મેં આત્માને પણ ન જાણ્યો. "બગલમાં છોકરૂં ને છોકરૂં શોધવા જાય"[૧] એ કેવું

---

૧ અંગ્રેજી શાળાપયોગી ગ્રંથના એક પુસ્તકમાં લખ્યું છે કે અમેરિકામાં એક વેળા એક મોટી આગબોટના ઉતારૂઓ માટે ભરી લીધેલું પીવાનું પાણી ખૂટયું. ઉતારૂઓએ ઘણીવાર તૃષાનું મહાકષ્ટ વેઠ્યું પછી એક સ્ટીમર આવતી જોઈ તેમની તરફ પોતાની આગબોટ ચલાવી. સામે મળેલી આગબોટના ખલાસી પાસે પીવાનું પાણી માગ્યું, ત્યારે તેઓએ જવાબ આપ્યો કે અહીંજ બકેટ (બાલદી) નાંખો, કારણ કે તમે એમેઝોન નામની મહાન્ નદીપર મુસાફરી કરોછો. આ આગબોટ જો કે કેટલીક વખત થયાં એમેઝોન નદી ઉપરજ મુસાફરી કરતી હતી પણ તેઓ કયાં છે તે જાણતા નહીં હતા. તેથી પીવાનું પાણી નીચેજ પાસે હોવા છતાં રખડતા હતા. તેમ માણસ નારકી, તિર્યંચ યોનીરૂપ ખારા સમુદ્રો ઓળંગી મનુષ્ય યોનિ-

આશ્ચર્ય!! પરંતુ અગલથી પણ પાસે, અરે આ હાથમાં કલમ છે, આજે હાથ લખે છે. આ જે શરીરની શક્તિ હાથમાં આવી. ગ્રંથમાં કલમને ચલાવે છે, આ મનમાં વિચાર કરે છે, એ બધાથી પણ નજીક, એ બધાને પણ **જોતો, જાણતો** એવો **પોતે** તે પોતાનેજ ખોળવા બહાર જાય, એ કેવી હસવા જેવી વાત છે? પોતે કેમ ખોવાય? પરન્તુ આતો પોતેજ ખોવાયો હોય તેમ આ જન્મમાં પણ આડત્રીસ વર્ષ ચલાવ્યું.

વળી વિચાર કેઃ-પરમ જ્યોતિરૂપ હોવા છતાં આત્મા કોનાથી ઠગાયો?

**परात्मा परमज्योति-र्जगज्ज्येष्ठोऽपि वंचितः ।**
**आपातमात्ररम्यैस्तैर्विषयैरतिनीरसैः ॥ ८ ॥**

**અર્થઃ**—આત્મા પરમાત્મા છે, ઉત્કૃષ્ટ જ્યોતિર્મય છે. ત્રણે લોકમાં મહાનમાં મહાન છે. તે છતાં શરૂઆતમાં મનોહર અને અંતમાં વિરસ એવા વિષયોએ તેને ઠગ્યો છે!!

**વિવેચનઃ**—વિચારો કે, સ્પર્શેંદ્રિયનો વિષય સેવતી વખતે અને અંતે. રસેંદ્રિયનો વિષય દૂધપાક ખાતી વખતે, અને ખાધા પછી તેનું પરિણામ શું? આમ સર્વ વિષયો, આરંભે કંઇક રમ્ય અને પરિણામે અરમ્ય લાગે છે! આજે સેંકડો રૂપિયાના આરિસા

---

રૂપ **એ**મોઝનરીવર (નદી) ઉપર પોતાની માનવનૌકા ચલાવે છે, તે છતાં, **આત્મામૃત, જ્ઞાનામૃત, સાદિ અનંતામૃત, મોક્ષામૃત** ક્યાં છે, એમ જેને તેને પૂછ્યા કરે છે. તે છતાં ધ્યાનરૂપ બાલ્દી પોતાનામાં ન નાખતાં જ્યાં ત્યાં રખડ્યા કરી મનુષ્યયોનિરૂપી નદીપણ પાણી ભર્યાવિના વટાવી જાય છે.

આવે છે, તે દેખાવમાં સુંદર પરન્તુ જરા ઠોકર લાગી એટલે નકામા થાય છે. સ્ત્રી પણ સાયંકાળે સુંદર, અને પ્રભાતે ડાકિણી જેવી લાગે છે, યુવાવસ્થામાં પ્રિય પણ વૃદ્ધાવસ્થામાં અળખામણી લાગે છે. હીરો કેવો સુંદર લાગે છે? પરન્તુ તે દેવતામાં પડ્યો કે કોલસો થઈ જાય છે. છોકરૂં જન્મતી વખતે સુંદર અને મરતી વખતે અસુંદર, ઘર બાંધતી વખતે સુંદર, અને પડતી વખતે અસુંદર, વિવાહનો વરઘોડો સુંદર, અને મરણ વખતનું આભેણું અસુંદર, જગત્‌માં સૂર્યોદય સુંદર, અને સૂર્યાસ્ત અસુંદર, આમ જેની શરૂઆત છે, અને જેનો અંત છે, એવા વિષયો, **આપાતમાત્ર રમ્ય** એટલે આવી પડ્યા ત્યારે સુંદર, અને અંતે નિરસ છે. પરન્તુ **આત્મા** કે જેની શરૂઆત નથી અને અંત પણ નથી. વળી જે શાશ્વત છે, તે સુંદર કે અસુંદર થતો નથી; પરન્તુ જ્યોતિર્મય છે. અજવાળું અને અંધારૂં જેમ પૂર્વાપર થાય છે, તેમ નહીં; પણ સૂર્યમાં નિરંતર પ્રકાશ છે, તેમ **આત્મા** નિરંતર પ્રકાશરૂપ છે. સુખદુઃખમય નથી. પણ આનન્દમય (અવ્યાબાધ સુખમય) છે. જન્મ મરણરૂપ નથી. પરંતુ અજન્મ અને અમર છે માટે શાશ્વત છે, નાનો મોટો નથી, ભારે હલકો નથી, પરન્તુ અગુરૂલઘુ છે.

પુદ્ગલ **આપાતમાત્ર રમ્ય,** અને પછી વિરસ. જેમ ઉપલાં ઉદાહરણમાં દેખાડ્યાં તેમ જણાય છે; પરન્તુ એ પુદ્ગલમાં રહેલો **જીવ** જે રમ્ય અરમ્ય થતો નથી અને એકસરખો **રમ્યજ** રહેછે; અને પુદ્ગલના રમ્ય અરમ્યપણાની એમાં ભ્રાંતિથી, આરોપણા કરવામાં આવેછે.

કોઇએક અખંડજ્યોતિ હોય, અને તેના આસપાસના વિવિધ રંગના કાચવાળા ફાનસરૂપ શરીરો બદલાય, તેથી તેમનો પ્રકાશ, કાંઈ રમ્ય, અરમ્ય થતો નથી.

પરમાત્મા કાંઈ પુદ્ગલના સંગથી વસ્તુતઃ પોતાનું નિજસ્વરૂપ એકાંતે મૂકી દેતો નથી. જે સમચતુરસ્ત્ર સંસ્થાનને કે હુંડક સંસ્થાનને લીધે પરમાત્મા ને મનુષ્ય કહેવાયછે, તે પૌદ્ગલિક છે. માત્ર વ્યવહારથી, (ઉપચારરૂપ) એકને પરમાત્મા અને બીજાને બહિરાત્મા કહીએ છીએ. તે માત્ર **પરમ** અને **બહિર** એવી બે પૌદ્ગલિક ઉપાધિને લીધે છે. એ ઉપાધિ રહિત થાય તો તે શુદ્ધાત્માજ (**સિદ્ધરૂપ**) પોતે છે. जगज्ज्येष्ठोऽपि वंचितः જ્યારે આપણે પોતાને પોતાની પરમ જ્યોતિથી-જ્ઞાનથી નથી જોતા ત્યારે, આપણે પુદ્ગલરૂપ લાગીએ અને આમ આપણે પુદ્ગલદ્રવ્ય હોવા છતાં, આપણું પુદ્ગલિક બળ-સામર્થ્ય કેટલું છે તે પણ જાણતા નથી. જાણે કે આપણામાં રહેલી જ્યોતિ ઉલટી વળી ગઈ ન હોય, જાણે કે એ અખંડ પ્રકાશમય દીવો આ પુદ્ગલભાવથી ઢંકાતો ન હોય. પરન્તુ એ પુદ્ગલભાવને જરાક, પણ ખસેડીને જ્યોતિથી જોશો; તો પુદ્ગલમાં (અલબત તેમાં મમત્વ કરવું નહીં) કેટલું સામર્થ્ય છે તે જણાઈ રહેશે. અને પોતાનું મોટામાં મોટાપણું નહીં જાણે તોપણ તે અનુમાન તો એ જ્યોતિપ્રભાવે કરી શકશે. આવી રીતે પુદ્ગલિક ભાવમાં મોટાપણું જણાય તો પછી આત્મીકભાવમાં પોતે સર્વ શક્તિમાન સિદ્ધ થાય તેમાં શો સંશય છે.

આત્માના સંયોગે પુદ્ગલિક ભાવમાં શ્રેષ્ઠતા બતાવીએ છીએ.

પ્રથમતો પગ એ પુદ્ગલિક છે. અને તેની ઉંચાઈ એટલી બધી છે કે મોટામોટા પર્વતો ચડી જાય, તોપણ તે પર્વતોની ઉંચાઈ, પોતાના પગથી માપી જાય. પણ પગની ઉંચાઈ ન મપાય! આખી પૃથ્વીની લંબાઈ, ચૌડાઈ પોતાના પગથી, ચાલી પૂરી કરી, પૃથ્વીને તેથી માપે પરન્તુ એના પગની લંબાઈ પોહોળાઈ, ન મપાય, કારણ કે હાલ યુરોપિયન લોકો જે પૃથ્વી બતાવેછે, તેવી પૃથ્વીતો હાલનો માણસ જે પોતાના ગામમાં જ વર અવ- રમાં આઠ માઈલ ચાલેછે તે સિદ્ધોજ ચાલ્યો જાય તો સાડા આઠ વર્ષમાં ફરી શકે. આમ એમની નાની પૃથ્વીની પ્રદક્ષિણા કરે, પરન્તુ એના પગની લંબાઈની ચોડાઈની, કોઈ પ્રદક્ષિણા કરી શકે નહીં. આ માણસના પગની શક્તિ એમ જણાવેછે કે, માણસના પગના અંગુઠા તળે, મેરૂ ચગદાય છે એટલો પગ ઉંચો છે, એટલુંજ નહીં પરન્તુ આખી પૃથ્વી કરતાં તે મોટો છે. હવે પુદ્ગલિકરીતે જોતાં માણસ, પોતાના પગમાં મોટો જણાયછે, તો પછી તેના હાથમાં કેટલો છે ? આખી સૃષ્ટિ રચે એવડો નથી ? છેજ. આવી આવી તો અનંત સૃષ્ટિ રચે તોપણ તેના હાથમાંથી રબોરબ સૃષ્ટિઓ નીકળ્યાજ કરે. જુઓ એક કડિયો એક ઘર બાંધે, તો ઘર બંધાઈ પૂરૂં થાય, મહેલ બાંધે તો મહેલ બંધાઈ પૂરો થાય, પરન્તુ તેનો હાથ કંઈ તેથી ખૂટી જાય નહીં. એજ હાથમાં બીજાં ઘણાએ ઘરો ને મહેલો નીકળે. તોપણ હાથ કાયમ, આ ઉપરથી અનુમાન કરશો તો માણસ પોતાના હાથમાં અલબત પુદ્ગલિક હાથમાં આખી સૃષ્ટિને દડાની માફક રમાડેછે. હવે જ્યારે નાશવંત પુદ્ગલથી મનુષ્ય હાથમાં એવડો મોટો છે તો જગજ્યેષ્ઠ કહેવામાં

અતિશયોક્તિ શી છે ? આ માત્ર ન્યૂનોક્તિ કરતા હોઇએ તેવું જણાય છે. તો તે આત્મામાં કેટલો મોટો હશે, તેનું અનુમાન પણ મારા માનવબાંધવો નહીં કરી શકે.

હવે તેના કાનની ઉંડાઈ જૂઓ, કેટલાં વચનો તેમાં સમાઈ ગયાં, અને હજી પણ કેટલાં વચનો અંદર સમાઈ જશે, તોપણ એનો કાન ખૂટશે નહીં. વચનામૃતના વિધિનો જાણે **સ્વયંભૂ**રમણ સમુદ્ર ન હોય! તેની અંદર વચનના પ્રવાહ પ્રવેશ કર્યાજ કરેછે. પરંતુ એની ઉંડાઇ ખૂટતી નથી, તેમ આ જગતમાં કેટલાં કેટલાં વચનો ઓલ્વેજ જાય તોપણ તેનું મુખ તો કાયમ. કારણ ત્યાંથી તે સોળ પ્રહર તો શું પણ તેથી પણ વધારે બોલે તોપણ મુખભંડારમાંથી વચનનો ખજાનો ખૂટેજ નહીં. સરસ્વતિ પોતેજ જાણે તેના મુખકમળમાં નિવાસ કરી તેનેમાટે પ્રતિભાષક યંત્ર (પોનોગ્રાફ)નું કાર્ય કરતી ન હોય એમ જણાય છે આતો માત્ર **આત્મ**જ્યોતિથી દેખાતા મનુષ્યના પુદ્ગલિક અંગ મુખવિષે કહ્યું. પરન્તુ અનુમાન કરશો તો, સર્વકાળનાં સર્વે વચનો તેના મુખમાં છે. એમ કહેવું અતિશયોક્તિરૂપ કે ન્યૂનોક્તિરૂપ નથી, પણ યથાર્થોક્તિરૂપ છે. ઉપર કહ્યું તેમ સરસ્વતીજ પોતેજ તેના **મુખકમળ**માં વસે છે. વાણીની ઉત્પત્તિજ મનુષ્યમુખ છે. તો પછી તેને ત્યાં વચનોમાં દારિદ્રતા હોયજ કયાંથી! નહીંજ હોય.

આ પ્રમાણે માત્ર હાથ, પગ અને મુખમાં જોતાં. મનુષ્ય **जगज्ज्येष्ठ** જણાય છે, તો પછી તેના બીજા અખૂટ ઇંદ્રિયોના ખૂણામાં આ જગત્ આવી રહે એમ સમજવું શું અશક્ય છે?

નથીજ. આમ કહેવામાં સાર એટલોજ કે, સર્વેંદ્રિયમાંની એક ઇંદ્રિયમાં પણ આવું અખૂટ સામર્થ્ય છે તો સર્વમાં કેટલું ? એ શું આપણે નહીં અનુમાન કરી શકીએ, અને જ્યારે સર્વે ઈંદ્રિયોમાં આટલું સામર્થ્ય તો **મન**માં કેટલું ? કરો **મન** નિર્મળ પછી જુઓ કે શું નથી સમજાતું. થાઓ સર્વેનું ભલું ઇચ્છનાર, કે પછી જુઓ તેને શું અશકય છે ? કંઈ નહીં. આ તો ઈંદ્રિયો ને **મન** જે પુદ્ગલિક છે મનુષ્યના દેહમાં છે. પરન્તુ મનુષ્યના પૂર્ણ દેહના ખૂણામાં જાણે એક અણું ન હોય, તેટલું આ જગત્ જણાય છે. તોપછી **આત્માતો** કેટલો મોટો ! જ્યારે જગત્ એક અણું જેટલું દેહમાં દેખાય તેને દેહજ જગત્ જ્યેષ્ઠ છે, તોપછી **આત્મા** જેને દેહો અનેક થાય, તોપણ કાયમ તે, જગત્ જ્યેષ્ઠ હોય ! એવું બાલક પણ શું નહીં સમજે ? એવું છતાં "અંતનિરસ" વિષયાદિમાં લલચાયો તેથી પોતેજ આમ ઠગાઈ રહ્યો છે.

છ દ્રવ્ય જે જગત્‌માં છે, તેમાં **જીવ** મુખ્ય છે. તે છતાં પોતાથી હલકા એવા પુદ્ગલમાંથી ઉત્પન્ન થતા વિષયોથી તે ઠગાયો એ કેવું આશ્ચર્ય ?

મારામાં અને પરમાત્મામાં ભેદ શો ?

**मम शक्त्या गुणग्रामा, व्यक्त्या च परमेष्ठिनः ।**
**एतावानावयोर्भेदः, शक्तिव्यक्तिस्वभावतः ॥ ९ ॥**

**અર્થઃ**—અનંતચતુષ્ટયરૂપ "ગુણોનો સમૂહ" મારામાં શક્તિથી વિદ્યમાન છે, અને **અરિહંત** તથા **સિદ્ધરૂપ પરમેષ્ઠિ**માં વ્યક્તિથી પ્રગટ થએલ છે. માટે અમારા બન્નેમાં શક્તિ અને

વ્યક્તિ (છદ્મ-અને પ્રગટ) ના સ્વભાવથી એટલો ભેદ છે. અર્થાત્ શક્તિથી સમાન છીએ, અને વ્યક્તિથી ભેદ છે.

**વિવેચનઃ**—શક્તિરૂપ ગુણો જેને વ્યક્તિરૂપ થયા છે, એવા **અરિહંત તથા સિદ્ધના** ધ્યાનમાં એકાગ્રતાથી નિજસ્વરૂપનું ચિંતન કરતાં ઉપશમ-ક્ષપક શ્રેણિએ ચડી પોતાનું સ્વરૂપ પ્રગટ કરાય છે. વાટ, દીવાનું ધ્યાન કરતાં દીવારૂપ થાયછે. એ ધ્યાનનું પહેલું ઉદાહરણ છે. અને બીજું લાકડે લાકડું ઘસવાથી એટલે શરીર એ જડ લાકડાં સમાન છે અને મન પણ જડ એ પણ લાકડાં સરખું છે. હવે મનથી વિચાર કરવો કે, આ શરીર કોણ છે? એમ વિચાર કર્યાજ કરવો. કરતાં કરતાં એટલે વિચારરૂપ લાકડાને શરીરરૂપ લાકડાં સાથે ઘસતાં ઘસતાં, તે બન્નેમાંથી અગ્નિ નીકળશે. કારણકે **આત્મા** શરીરમાં તેમજ મનમાં પ્રચ્છન્નપણે રહ્યો છે, જેમ લાકડાં સાથે લાકડું ઘસાવાથી તેઓમાં પ્રચ્છન્ન રહેલો અગ્નિ પ્રગટ થાય, તેમ મન તનમાં પ્રચ્છન્નરૂપ રહેલો **આત્મજ્યોતિ** પ્રગટ થશે. વળી જેમ લાકડે લાકડું ઘસવાથી એ લાકડાં બળી જાય, તેમ મનરૂપ લાકડું શરીરરૂપ લાકડાંસાથે ઘસાવાથી એટલે ખૂબ ચિંતવન કરવાથી, બન્ને બળી જશે એટલે કાયયોગ અને મનોયોગ એ બન્નેનો લય થઈ જતાં, તારૂં સંપૂર્ણ **સિદ્ધસ્વરૂપ** પ્રગટ થઈ જશે.

એક રાજાનો પુત્ર હોય અને તે જાણતો ન હોય ને કોઈ બીજો માણસ જાણતો હોય, તેથી વસ્તુતઃ જે રાજપુત્ર છે તે અરાજપુત્ર થઇ જતો નથી. તેમજ **આત્મા**માં એક પરમાત્મા હોય,

અને બીજો બહિરાત્મા હોય તેથી વસ્તુતઃ તેનું આત્માપણું જતું રહેતું નથી.

પોતે બહિરાત્મા નથી, ને પરમાત્મા છે એવું ભાન અંતરાત્મભાવથી થાય છે.

પરન્તુ તે અંતરાત્માભાવની મદદથી જ્યારે પરમાત્મામાં એકતા તરીકે, બહિરાત્માભાવ છૂટી જશે, એટલુંજ નહીં પણ પરમાત્માભાવ પણ છૂટી જશે. ત્યારે સિદ્ધસ્વરૂપનો આસ્વાદ લેશે.

મોટા વિશાળ કુંડમાંથી એક ફુવારો ઉડતો હોય, તેવા ફુવારાના નળના છિદ્રમાંથી બહાર આવતાં જળને જેમ તે દેખે તેમ શરીરરૂપ ફુવારાનાં ઇંદ્રિયોરૂપ છિદ્રમાંથી જે સામર્થ્યરૂપ જલ બહાર નીકળેછે, તેટલુંજ પોતાનું સામર્થ્ય દેખી શકે છે, તે પોતાને બહિરાત્માભાવે એટલોજ જાણેછે.

અંતરાત્મા બહિર જતું જળરૂપ સામર્થ્ય અને કુંડમાં રહેલું જળરૂપ સામર્થ્ય દેખેછે, અને પરમાત્મા (તિર્થંકર) પોતામાં, ફુવારામાં, અને પોતાના અનાદિ અવયવો,-સર્વમાંથી નીકળતા જળરૂપ સામર્થ્યને પોતાનું જાણે છે. જુઓ શુદ્ધોપયોગ વિવેચન પાનું ત્રીજી આવૃત્તિ.

પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થવા આત્માને પ્રથમ જાણવો.

**अहं च परमात्मा च, द्वावेतौ ज्ञानलोचनौ ।**
**अतस्तं ज्ञातुमिच्छामि, तत्स्वरूपोपलब्धये ॥१०॥**

અર્થઃ-હું અને પરમાત્મા એ બેઉ જ્ઞાનચક્ષુઓ છીએ, એટલામાટે પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવા આત્માને જાણવા ઇચ્છું છું.

**વિવેચનઃ**-જેમ પરમાત્મા જ્ઞાનચક્ષુરૂપ છે, તેમ આત્માપણ વસ્તુતઃ જ્ઞાનચક્ષુરૂપ છે; પરન્તુ આત્મા—આ મારા શરીરમંદિરમાં બિરાજતો આત્મા-બહુજ નજીક છે. માટે તેને જાણું. એટલે આત્મજ્ઞાન લોચનલક્ષ થતાં (અંતરાત્મા થતાં) પરમાત્મજ્ઞાન લોચનનું અનુમાન થશે. પછી આમ અંતરાત્મતત્વ કે શુદ્ધ સમ્યકત્વ કે આત્મજ્ઞાન લોચનવડે, પરમાત્મા સાથે ધ્યાનની ઐક્યતા થતાં થતાં સલીનતા થઇ કે આત્માજ પરમાત્મારૂપ થાયછે. સકળ કર્મમળનો વિનાશ થઈ, વિશુદ્ધ સ્ફાટિકમય થવાથી લોકાલોકને જોનાર, જાણનાર જ્ઞાનલોચન જ્ઞાનદર્શનરૂપ મૂળે હતો અને આવરણ ખસવાથી સાદિ અનંતભાવે હવે પરમાત્મભાવ પ્રગટ્યો હોય એટલે તજવા લાયક જે પરભાવ તે ગયો હોય, અને ઉપાદેય એટલે **જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સત્, ચિત્, આનંદ, ભોગ, ઉપભોગ, દાન અને લાભ** પ્રાપ્તિરૂપે જણાયા હોય એમ ભાસન થશે.

બહિરાત્મભાવ જઈ, જે અંતરાત્મતત્વ જણાયું તેજ વિશેષ, વિશેષ પરિસ્ફુટ થતાં પરમાત્મતત્વજ ઠર્યું. જે અંતઃપ્રકાશતું હતું તે હવે લોકાલોક પ્રકાશવા લાગ્યું. જે અંતરમાં આનન્દરૂપ હતું, તે જ્યાં ત્યાં આનન્દરૂપ થઈ, પછી સર્વત્ર જ્ઞાન થતાં સર્વત્ર આનંદરૂપ થયું. જે જે અંતરમાં જણાયું, તે તે જાણતાં જાણતાં આ સમસ્ત ચૌદ રાજલોકમાં આવેલા અશેષ પદાર્થો જણાયા. હા, હા **એ જેથી જણાયું તેજ હું, તેજ સોહં.** આ દ્રશ્ય નહીં 'આ જ્ઞેય નહીં' પરન્તુ **જ્ઞાતા**, દ્રષ્ટા, **આનન્દિતા** એવા

અસંખ્ય અને અનંત ગુણો જેમાં રહ્યા છે તે તત્વતઃ **હું.** એ તત્વ મારૂં નહીં, પણ એજ **હું.**

બીજી યુક્તિ, પ્રિય વાંચનાર, જરા ધીરજ ધર. એકેંદ્રિય અવ્યવહાર રાશિમાં પણ જીવ, આઠ રૂચક પ્રદેશ ખુલ્લા હોવાથી જ્ઞાનલોચન ખરો. કારણકે જો એટલું પણ ઉઘાડું ન હોય તો, જીવ એવી સંજ્ઞા પામે નહીં. પછી વ્યવહાર રાશિમાં આવતાં-ચ-ડતાં એજ જ્ઞાનલોચનથી વિશેષ દેખાવા લાગ્યું. પછી એકેંદ્રિય-માંથી બે ઇંદ્રિયમાં આવતાં, બે ઇંદ્રિયમાંથી ત્રૈંદ્રિયમાં, ત્રૈંદ્રિયમાંથી ચારેંદ્રિયમાં એમ ચડતાં ચડતાં તિર્યંચ પચેંદ્રિયમાં આવતાં આ જ્ઞાનલોચન **આ**ત્મા વિશેષ જાણવા-જોવા લાગ્યો. અને મનુષ્યમાં આવ્યો ત્યારે મનરૂપ, નોઇંદ્રિયની પરિસ્ફુટતા-ઈતર પ્રાણીઓ ક-રતાં વિશેષ હોવાથી સર્વથાપણે વિશેષ જાણવા જોવા લાગ્યો; પ-રન્તુ તેને ભૂલ થઈ. જે જે જાણ્યું જોયું તે હું થયું. અને તેમાં કેટલુંક જાણ્યું જોયું તે કેટલુંક મારૂં થયું. માટે હવે તો દેવોને પણ દુર્લભ એવો **મ**નુષ્યદેહ પ્રાપ્ત થયો છે, ત્યાં સઘળી ભૂલથાપ ટળી ગઈ. જે જે જણાયું અને જોવાયું તે હું નહીં અને તે મારૂં પણ નહીં. એવી રીતે જેટલે જેટલે અંશે પરવસ્તુમાં હુંપણું-મારાપણું નીકળતું ગયું તેટલે તેટલે અંશે, આ જ્ઞાનલોચન **આ**ત્મા પોતાને (અંતરાત્માને)વિશેષ દેખતો જાયછે; અને જાણતો જાયછે. એમ કરતાં જ્યારે સર્વ પુદ્ગલિક વસ્તુનો ત્યાગ થયો, ત્યારે **આ**ત્મા સૂર્યની પેઠે સકલ લોકાલોકને જાણતો થાયછે અને તેનાથી અલગ થઈ લોકને અંતે બિરાજે છે. **લાલન** અનુભવે છે કેઃ—

લોક કે' અંત વસે મુજ આતમ,
નૌત્તમ કિર્ણુ અહીં પ્રસરે છે;
સૃષ્ટિવિષે અતિસુંદર રૂપ,
નિહાળી સુધારસ અહીં વરસે છે. ॥ ૧ ॥
જ્ઞાન તો રૂપ અરૂપ તો દર્શન,
ચરણવિષે ઉલટે પલટે છે;[1]
એમ રમણ કરતો હું **લાલન,**
આત્મ રત્નત્રયી માંહિ વસે છે. ॥ ૨ ॥

**नासत्पूर्वाश्च पूर्वा नो, निर्विशेषविकारजाः ।**
**स्वाभाविकशेषा ह्य-भूतपूर्वाश्च तद्गुणाः ॥**

**અર્થ:**—વિશેષથી રહિત એટલે સામાન્ય વિકારથી ઉત્પન્ન થએલા (મતિજ્ઞાનાદિ) આત્માના ગુણો પૂર્વે નહોતા એમ નથી. તેમજ પૂર્વે નહોતા એવા કેટલાક નવા ગુણ પણ ઉપજે છે, પરન્તુ સ્વાભાવિક વિશેષ અનંતજ્ઞાનાદિ, પૂર્વે નહીં પ્રગટેલા હાલ નવીનજ છે.

**વિશેષ સ્ફુટતા:**—દ્રવ્ય અનાદિ નિધન છે, તેમાં પર્યાય ક્ષણે ક્ષણે ઉપજે વિણસે છે, તેમાં ત્રિકાલવર્તિ પર્યાય છે તે શક્તિ અપેક્ષા એ સત્રૂપ એક કાળમાં છે એમ કહેવાય. **વ્યક્તિ અપેક્ષાથી** જે વખતે જે પર્યાય હોય તે **સત્રૂપ** કહેવાય. ભૂત અને ભવિષ્ય પર્યાય અસત્રૂપ કહેવાય. એ પ્રમાણે

---

[1] જ્ઞાનથી દર્શનમાં ને દર્શનથી જ્ઞાનમાં રમણતા તે ચારિત્ર.

સત્ અપેક્ષા સત્‌નો ઉત્પાદક, અસત્ અપેક્ષા અસત્‌નો ઉદય કહેવાય. એજ આ શ્લોકનો ભાવાર્થ છે.

આત્મદ્રવ્યમાં પણ સામાન્ય રીતે, મતિજ્ઞાનાદિક ગુણો ભૂતપૂર્વ પણ કહેવાય, અભૂતપૂર્વ પણ કહેવાય; અને વિશેષ રીતિએ અનંતચતુષ્ટય અભૂતપૂર્વ કહેવાય. આ પ્રમાણે નયવિભાગ કરી વસ્તુસ્વરૂપ જાણવું. (ભા. ક.)

**ભાવાર્થ:**—સામાન્ય રીતે પૂર્વે મતિશ્રુતજ્ઞાન નહીં હતું એમ નહીં, અને ત્યારપછી પણ સામાન્ય રીતિએ કેટલુંક મતિ, શ્રુતજ્ઞાન થયું, પરન્તુ સ્વાભાવિક અને વિશેષતાપૂર્વક અનન્તજ્ઞાનાદિ તો હાલ પ્રગટ થતાં જણાય છે. (વિવેચનકાર)

ભવોભવરૂપી મહાદાઝ ક્યાંસુધી પીડે ?

**तावन्मां पीडयत्येव, महादाहो महोद्भवः ।**
**यावद् ज्ञानसुधांभोधौ नावगाह, मवर्त्तते ॥ ११ ॥**

**અર્થ:**—વળી એમ વિચાર કે, જ્યાંસુધી જ્ઞાનરૂપી અમૃતના સમુદ્રમાં મારૂં નહાવાનું થતું નથી, ત્યાંસુધી સંસારથી ઉત્પન્ન થએલો મહાન્ દાહ મને પીડી રહ્યો છે.

**વિવેચન:**—આ સંસારરૂપી અગ્નિની અનેક જ્વાળામાં પ્રાણી બળતો જણાય છે; પરન્તુ જ્ઞાનરૂપી જળનું જેમ જેમ તેનાપર સિંચન થતું જાય છે, તેમ તેમ આ જ્વાળાનો તાપ ન્યૂન થતો જાય છે. તેમાં પણ સત્સંગરૂપ નદીમાં જેણે સ્નાન કર્યું છે, સત્શાસ્ત્રરૂપી સરોવરમાં જેણે વારંવાર ડુબકી મારી છે, તેને આ સંસારરૂપી અગ્નિ અત્યંત પીડી શકતો નથી. પરન્તુ એ અગ્નિનો

એકાંત નાશ તો અનુભવજ્ઞાનથી ભરેલા અમૃત સમુદ્રમાં નહાવાથીજ થાય છે, એવો ભાવ છે.

સંસાર વ્યવહારમાં પણ એક અજ્ઞાન માણસ,[1] કે જેને પાણી

---

૧ હાલના વખતમાં આપણે આ ભૂમંડળપર દૃષ્ટિ ફેરવશું તો માલૂમ પડશે કે માણસને જેમ જેમ જ્ઞાન થતું જાયછે, તેમ તેમ તે વ્યવહારમાં પણ કેવી રીતે દુઃખ નિવર્તન કરતો જાયછે. નૉર્થ અમેરિકાના ઇંડિયન લોકો ઘણીજ જંગલી હાલતમાં છે. તેમાંના એક જંગલી અજ્ઞાન માણસે રસ્તામાં કેટલાક વેલા દીઠા, તે ઉપર દ્રાક્ષના ઝુમખા હતા, તે તોડી ખાધા. એ દ્રાક્ષના ઝુમખા છે કે શું તેની એને ખબર નહોતી. પરન્તુ એ વસ્તુ (દ્રાક્ષ) મીઠી છે એટલું તો તેને જણાયું. આ જંગલી માણસે એ પદાર્થ પૂર્વે જોએલો કે સાંભળેલો પણ ન હતો, પરન્તુ તેને હવે એટલું જ્ઞાન થયું કે દ્રાક્ષ મીઠી છે. આ જ્ઞાનની મનુષ્યોમાં હદ છે એમ પાશ્ચિમાત્ય વિદ્વાનો કહેછે. ત્યારપછી "દ્રાક્ષ મીઠી છે" એ જ્ઞાનના આધારે-સ્મરણના આધારે-ધારણાને આધારે આઠ દિવસ સુધી તેણે દ્રાક્ષ ખાધી. એના મનમાં નક્કી હતું કે **દ્રાક્ષ મીઠી** છે, અને તે ખાધાથી સુખ થાયછે, પરન્તુ નવમે દિવસે તેના પેટમાં દુખવા લાગ્યું 'ત્યારે તે વિચારમાં પડી ગયો કે "**દ્રાક્ષ મીઠી છે**, ને તે સુખ આપે છે" એમ હતું છતાં તે દુઃખ કેમ આપેછે? એના વિચારોમાં ઘણી ગડબડ થઇ. અંતે પરિણામ એ આવ્યું કે "**દ્રાક્ષ મીઠી છે**, ને તે સુખ આપેછે, એટલાજ જ્ઞાનની જરૂર નથી" કારણકે તે મીઠી છે, એ વાત હજુપણ સાચી છે. પરન્તુ આગળ તેણે સુખ આપ્યું ને હવે દુઃખ કેમ આપેછે? એનું શું કારણ? પછી વિચાર કરતાં માલૂમ પડયું કે, ગઇ કાલે આગળના દિવસો કરતાં વધારે દ્રાક્ષ ખાધી, તેથી પેટમાં દુખ્યું. માટે હવે આગળ ખાધી હતી તે કરતાં વધારે ન ખાવી, એમ

પાસે હોય તેની ખબર નથી, તે પાણી પાસે હોય ને જ્વાળામાં બળે છે પરન્તુ તેના ઉપયોગની જેને ખબર છે; તે પાણીથી સ્નાન કરી પોતાનો તાપ મટાડે છે. તેમ સંસારરૂપી અગ્નિની જ્વાળામાં પણ ઉપાશ્રયરૂપ જલસ્થાનની જેને ખબર છે, તે ત્યાં સામાયિકાદિરૂપ જળસ્નાન કરી પોતાના આત્માને સંસારના તાપથી શાંત કરતો દેખાય છે.

---

કરી જોયું તો તેના પેટમાં ન દુખ્યું. આ ઉપરથી તેને ખાતરી થઈ કે દ્રાક્ષ મીઠી છે ને સુખ આપેછે એ વાત ખરી પરન્તુ તે આટલી હદમાં સુખ આપેછે, તેથી વધે તો દુઃખ આપેછે. આમ તે જ્ઞાનની પહેલી હદથી સુખ પામ્યો. પરન્તુ તેનું જ્ઞાન પૂર્ણ ન હોવાથી આગળ જતાં દુઃખ થયું. પછી તે વસ્તુના અમુક પ્રમાણમાં સુખ શીખ્યો. એ જ્ઞાનની બીજી હદ. એમ પાશ્ચિમાત્ય પંડિતો કહેછે. એટલે કે પહેલાં વસ્તુનું જ્ઞાન ને તેથી માણસ સુખી. પછી વસ્તુની હદ આવે છે. ત્યારે તે સમજતા સુખની હદ વધેછે ને દુઃખ ઓછું થાયછે. પછી તે હદ ઓળંગતાં દુઃખ થાયછે, વળી તે વસ્તુ ક્યારે ખાવી ને ક્યારે ન ખાવી એમ કાળવિષે શીખેછે, પછી ક્યાં ખાવી ને ક્યાં ન ખાવી, એમ દેશવિષે શીખેછે. એમ જ્યારે તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ને સ્વભાવની ખબર પડેછે, ત્યારે તે વસ્તુનું જ્ઞાનવિશેષ પ્રકારે થવાથી તેમના સુખમાં વધારો થાયછે અને એ જ્ઞાન ઉત્તરોત્તર દુઃખને અને દુઃખરૂપ અંધકારને દૂર કરી સુખને-સુખરૂપ સૂર્યના પ્રકાશને વધારે છે. તે આ પ્રકારે જ્ઞાનથી વ્યવહારમાં સુખી થાયછે એટલુંજ નહીં પરન્તુ જ્ઞાનથી,-વિચારણાથી,-દુઃખ આવે તેના ઉપાયની વિચારણા કરવાથી ( Reflecting upon ) વ્યવહારમાં લાભ થઇ પરમાર્થમાં પણ એવા લાભ થાયછે કે હું કોણ ( Reflection ) એમ થયું તો અંતે સૂર્યસરખું અનુભવજ્ઞાન પણ થાય છે.

જેમ ગરમ પદાર્થોથી, અગ્નિના તાપથી અને સૂર્યના અત્યંત તાપથી, માણસ અને ઈતર પ્રાણી તપાયમાન થાયછે; તેમજ ક્રોધ, માન, માયા, લોભરૂપ ખરા તાપથી, સંસારમાં અત્યંત તપાયમાન થવાય છે. પરન્તુ જેમ તપેલો પ્રાણી જળસ્નાન કરવાથી શાંતિ પામેછે, તેમજ ક્રોધાદિ અગ્નિથી તપેલો જીવ, શુદ્ધધર્મરૂપ ક્ષીરસમુદ્રના સમ્યક્ જ્ઞાનરૂપ અમૃતવારિમાં સ્નાન કરે તો તેનો જન્મોજન્મનો મહાદાહ અહીંજ શાંત થાય, એટલુંજ નહીં પરન્તુ હવે પછી પણ એ શાંતિ અહર્નિશ રહે. કારણકે જળથી શાંતિ થોડીવાર રહેછે પરન્તુ જ્ઞાનરૂપ અમૃતની શાંતિ અમરત્વ આપેછે, અને તે છેવટ સાદિઅનંતસુધી રહેછે. તો પછી **વીર્યસહિત-ધ્યાનાર્થી** તો ધ્યાનરૂપ હોડીમાં ચડી જ્ઞાનસમુદ્રમાં સ્નાન કરી પોતાનો હમેશનો સંસાર તાપ શાંત કરે તેમાં શું આશ્ચર્ય છે !!

કર્મ વિભ્રમથી કેવો કહેવાયો, પણ વસ્તુતઃ હું કેવો છું. ?

**अहं न नारकी नाम न तिर्यङ् नापि मानुषः ।**
**न देवः किन्तु सिद्धात्मा, सर्वोऽयं कर्मविभ्रमः ॥१२॥**

**અર્થ:**—વળી એમ વિચારે કે (શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દેખું તો) હું નારક નથી, તિર્યંચ નથી, મનુષ્ય નથી, તેમજ દેવપણ નથી, હું તો સિદ્ધાત્મા છું અને નારકાદિની જે અવસ્થા તે તો સઘળું કર્મોનું પરાક્રમ છે.

**વિવેચનઃ**-નારક, તિર્યંચ માનુષ કે દેવાદિ શરીરરચના તો કર્મોની છે, પરન્તુ આત્મા તો શુદ્ધ સિદ્ધસમાનજ છે. કર્મોના

સંયોગથી તે નારકાદિ બને છે, અને કર્મોના સમૂલ વિયોગથી નારકાદિ અવસ્થાનો નાશ થઈ પોતાના સ્વાભાવિક સ્વરૂપને એટલે સિદ્ધાત્મભાવને પામેછે. કારણકે નારકાદિ અવસ્થાતો આત્માને સ્વાભાવિક નથી, પણ વિભાવિક છે.

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવાદિ એ બધાં પુદ્ગલો છે. અને પુદ્ગલ કાંઇ હું છું એવું જાણી શકે નહીં, કારણકે જડ છે. માટે હું નારકાદિક પુદ્ગલથી અત્યંત ભિન્ન એવો કંઇક છું, ને તે પુદ્ગલો તથા તેની ક્રિયાને જાણનાર–જોનાર છું.

જેમ સૂર્ય જગતના પ્રાણીઓને અને તેની ક્રિયાને દેખતો હોય, તેમ હું પણ આ દેહને અને તેનાથી થતી ક્રિયાને હું જાણું, દેખું છે.

હવે જાણનાર જે છે, તે જે જાણેછે તેથી ભિન્ન છે. આ દૃષ્ટાંતમાં નારકાદિ દેહો, તે જાણવાના (જ્ઞેય) છે. અને હું જાણનાર (જ્ઞાતા) તેથી ભિન્ન છું. પુદ્ગલ હું નહીં, પણ આત્માજ દેહમાં રહી હું એવું બોલેછે,[1] તો તે આત્માજ હું છું. અને આમ સકળ નારકાદિ પર્યાયથી રહિત હું તે આત્મા, તેજ સિદ્ધાત્મા.

આ નારકાદિ શરીર તે કર્મ પુદ્ગલનાં ઘડેલાં, પણ મારાં ઘડેલાં નહીં. કર્મના વિભ્રમથી તે ઘડાએલાં છે. હું તો મારા નિજ-ગુણ તેને જાણું કારણકે હું જ્ઞાનરૂપ છું. આમ જ્ઞાન તેજ સિદ્ધાત્મારૂપ થાયછે.

---

૧ અનુભવને લખવાને પણ સ્થૂળ શબ્દો સમર્થ નથી, પરન્તુ શબ્દના લક્ષ્ય અર્થ ઉપર ધ્યાન આપતાં લાલનનો આશય સમજાઇ જશે.

આત્માને પોતાના સ્વરૂપમાં જોવાની એક યુક્તિઃ—

એક કાચનો સ્થંભ હોય, તેને એક કુટમાં બહારથી કાળો રંગ દીધો હોય, બીજા કુટમાં લીલો રંગ દીધો હોય, ત્રીજા કુટમાં લાલ રંગ દીધો હોય અને ચોથા કુટમાં પીળો રંગ દીધો હોય, પછી તે સ્થંભમાં નિર્મળ જળ ભરેલું હોય; એવી રીતે તે નિર્મળ જળને બહારના રંગની જોકે ઉપાધિ છે છતાં, અંદરથી તે જળ સ્વચ્છ જણાઈ રહેશે. તેમજ નારકના કાળા રંગ, તિર્યંચના લીલા રંગ, માનુષના લાલ રંગ, અને દેવતાના પીળા રંગવાળા શરીરરૂપી કાચની ઉપાધિ હોય, તથાપિ અંદર રહેલો આત્મા (નિર્મળ નિરંગ જળની પેઠે) નિશ્ચયનયની અપેક્ષાએ હમેશા સિદ્ધસમાનજ છે. બહારની ઉપાધિથી એટલે શરીરરૂપ કાચને નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા ઇત્યાદિ રંગની ઉપાધિનો ઉપચાર ભૂલથી આપણે આત્માને કરીએ છીએ, તે ન થતાં જો શરીરનેજ તે ઉપચાર થતો હોય તો, આત્માનું નિજસ્વરૂપ નિશ્ચય નયથી કેવું છે, તેનો અનુભવ થતાં પહેલાં વિચારવાનો તે પણ જાણી શકે.

કર્મરૂપી પ્રતિપક્ષને આજેજ ઉખેડુંછું.

**अनंतवीर्यविज्ञान–दृगानंदात्मकोप्यहम् ।**
**किं न प्रोन्मूलयाम्यद्य, प्रतिपक्षविषद्रुमम् ॥ १३ ॥**

**અર્થઃ**—વળી એવી દઢ ભાવના કરે કે, અનંત વીર્યવાળો, અનંત વિજ્ઞાનવાળો, અનંત દર્શનવાળો, તથા અનંત આનંદવાળો, તો હું છું; તો મારા પ્રતિપક્ષી એટલે શત્રુરૂપ એવાં કર્મ નામના વિષવૃક્ષોને શું હું આજે મૂળથીજ ન ઉખેડી નાંખું?

**વિવેચન:**—કર્મરૂપી વૃક્ષોનાં ફળો જન્મ, જરા, મૃત્યુ, રોગ, આધિ, વ્યાધિ ઉપાધિ આદિક અનેક છે; અને તે વૃક્ષને કાપવાને કેટલાક વીરપુરૂષો દ્રવ્યતપ અને ભાવતપરૂપી કુહાડાથી તે વૃક્ષના ડાળાઓને છેદેછે; પણ તે વૃક્ષના નાના પ્રકારના વિષયસુખની ઇચ્છારૂપી જળનું સિંચન પુનઃપુનઃ થયા કરવાથી તે ડાળાંઓ તે વૃક્ષને પાછાં ફૂટી નીકળેછે; અને જેઓ તે વિષવૃક્ષનાં ફળોનો આસ્વાદ લેછે, એટલે વિષયોને સેવેછે. તેઓ ઘણા ખરા એ વિષયોરૂપી વિષના ઝેરથી મરણ પામેછે; એટલે નાના પ્રકારની યોનિમાંથી મરી જઈ, પાછા તેવીજ યોનિમાં જઇ પડેછે. પરંતુ જો એ વૃક્ષને મૂળથીજ ઉખેડી નાંખવું હોય તો, તેનો એકજ ઉપાય છે, અને તે આ. જે વખતે એ કર્મરૂપ ઝાડ પરરૂપ જણાયું, કે **સવીર્ય** થઈ તેનું મમત્વરૂપી મૂલજ ઉખેડી નાંખવું; એટલે તે આખું વૃક્ષ તુરત પડીજશે. જેમ એક તાડનું વૃક્ષ હોય, અને તેમાં રહેલી વચલી દાંડીને ઉપર જઈ કહાડી નાંખવામાં આવે કે, તે તાડનું વૃક્ષ તુરત પડી જાયછે; તેમ **સવીર્ય** થઈ પરવસ્તુમાંથી મમત્વરૂપ દાંડી કહાડી લીધી અને સ્વવસ્તુમાંજ મમત્વ, એટલે એ **વીર્ય**, **જ્ઞાન**, **દર્શન** અને **આનન્દજ હું** છું. એમ થયું કે, અનાદિકાળનું કર્મરૂપ વિષવૃક્ષ ધબ લઇને પડી જવાનુંજ, કારણકે તેના મમત્વરૂપ મૂળયાંજ ઉખડી ગયાં.

આત્મરૂપ દ્રવ્યમાં **વીર્ય** એ કર્મરૂપ વૃક્ષને કાપવાનું ખડ્ગ છે. **જ્ઞાન** છે, એ ખડ્ગની તીવ્ર ધારા છે, **દર્શન** છે, એ ધારાને પાએલું મજબુત પાણી છે, અને **આનન્દ** છે એ ક્રિયારૂપ ચારિ-

ત્રમાં ઉત્સાહ છે. જ્યારે એવા કુહાડાથીજ–ખડ્ગથી એ કર્મરૂપી વૃક્ષ પડ્યું કે જીવ શરીરધારી છે, ત્યાંસુધી અનુભવરૂપે અને પછી તે શરીર, ચરમ શરીર હોવાથી પોતે **સાદિ અનંત** સ્વરૂપેજ રહેશે, અને જન્મોજન્મમાં જેથી ભટકાતું હતું તે હમેશ ને માટે મટી જશે.

આનંદમંદિરમાં હવે પેઠેલો હું હમેશાં સ્વરૂપથી ચળુંજ નહીં.

**अद्यासाद्य स्वसामर्थ्यं, प्रविश्यानंदमंदिरम् ।**
**न स्वरूपाच्च्यविष्येऽहं, बाह्यार्थेषु गतस्पृहः ॥ १४ ॥**

**અર્થ:**—વળી એવી ભાવના કરે કે, આજે પોતાનું સામર્થ્ય મેળવી આનંદમંદિરમાં પ્રવેશ કરી બાહ્ય પદાર્થોમાંથી જેની સ્પૃહા ગઇ છે, એવો હું થઈ મારા આત્મસ્વરૂપથી ચ્યૂત નહી થાઉં.

**ભાષાંતરકારની સંક્ષિપ્ત ટીકા:**—જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં ઠરે છે, ત્યારે આનંદરૂપ થાય છે, તથા તેને અન્યવસ્તુની વાંછા રહેતી નથી,[1] તો પછી તે પોતાના સ્વરૂપથી પાછો કેમ પડે?

**વિવેચન:**—પોતાના સ્વરૂપનો આસ્વાદ લેનાર એવા કોઈપિણ માણસને અલ્પ કાળમાં ઘણી નિર્જરા કરવી હોય, તેને આ શ્લોકરત્ન અમોઘ ફળ આપનારૂં છે. ધ્યાનાર્થીએ પ્રથમ ઇંદ્રિયજન્ય વિષયોમાંથી સમગ્ર સ્પૃહા (ઇચ્છા) દૂર કરવી, 'જેમ

---

૧ કારણ કે નિજાનંદના સ્વાભાવિક આનંદને મૂકી સુખાભાસની વાંછના કોને થાય?

જેમ એમાંથી સ્પૃહા ગઈ' તેમ તેમ ધ્યાની પુષ્પવત્ હલકો જણાતો જશે. જાણે ઘણાં દોરડાંઓથી બંધાએલું કોઈ અલુન હોય, અને તે જેમ દોરડાં છોડતાં ઉંચું ચડે, તેમ ધ્યાની વિશેષ વિશેષ ઉંચો ચડી વિશેષ વિશેષ દેખશે. એમ જે જે દેખાય, તે સર્વ દ્રશ્યમાંથી પણ સમગ્ર સ્પૃહા કાઢતા જવી; અને એમ થતાં થતાં પદાર્થમાત્રની સ્પૃહાનો અંત આવતાંજ પોતાના સ્વરૂપમાં પ્રવેશ કરતાં, અવ્યાબાધ સુખરૂપ આત્મા પોતેજ આનન્દમંદિરમાં પ્રવેશ કરશે અને તે જ્યોતિર્મય સ્વરૂપ જેવું પ્રાપ્ત થાય કે, તેને એવું દઢાલિંગન કરવું કે, તે છૂટેજ નહીં, માટે મારા ધ્યાનાર્થી બંધુંઓ, **સવીર્ય** થઇ આજેજ આ શ્રેષ્ઠ ઉદ્યમ આરંભો.

**વિ. વિ.** યોગદર્શનકાર **પતંજલિ** પ્રત્યાહાર પર આ ઉદ્યમ કરવા શિષ્યને પ્રેરે, આપણા સંવિજ્ઞપક્ષી શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજ **થિરાદષ્ટિ**માં આ ઉદ્યમ કરવા કહે, અને આ **જ્ઞાનાર્ણવ** ગ્રંથના કર્તા **સવીર્ય** થઇ, બાહ્ય પદાર્થમાં ગતસ્પૃહ થઈ, **આ**નંદરૂપ **આ**ત્મામાં પ્રવેશ કરવાનું કહે, એમાં આ ત્રણે **યોગવી**રોનો આશય એકજ જણાય છે.

અગિયારમું ગુણસ્થાનક જેને ઉપશાંતમોહ કહેછે, ને જેમાં કર્મની ઘણીજ પ્રકૃતિ ઉપશાંત પામેછે, પરન્તુ ક્ષય ન થવાથી ત્યાંથી પાછો પડેછે. હવે પડે કયારે, કે અંદરથી ઉઠતી કર્મ પ્રકૃતિ પરવસ્તુ તરફ દોરે ત્યારે. તો તે વખતે કરવું શું? એ પરવસ્તુ છે, એવું ભાન રાખી ધ્યાનથી ચૂકી ન જતાં, નવી પ્રકૃતિનો બંધ ન થવા દેવો, એટલે **સંવર** કરવો. એટલુંજ નહીં, પરન્તુ

જેમ આગ રાખની અંદર ભરી હોય, ને તેને પવન લાગે તો આગ પ્રગટ થઈ જાય, તેમ અંદર ઉપશાંત રહેલી કર્મ પ્રકૃતિ પણ વિષયાદિની યોગ્ય સામગ્રી જોતાં શુભક્રિયારૂપ રાખ ખસી જઇને કર્મપ્રકૃતિ પ્રગટ થઈ જાય, ને તે કર્મપ્રકૃતિને શરણ થાય તોજ તે નીચે પડે, માટે તે અંદરથી પ્રગટ થઈ કે, તેને પણ પરવસ્તુ ગણી પોતાના **આત્મામાંથી**, એટલે **જ્ઞાન**માંથી ખસેડવી, પોતે ખસવું નહીં એટલે અંદર ઉપશાંત રહેલી પ્રકૃતિ નિર્જરા પામી જશે.

આમ ઉપશાંતના ઉદયનો ક્ષય કરતાં કરતાં ધ્યાની આગળ ચાલ્યો કે **ક્ષીણમોહ ગુણસ્થાનકને** પ્રાપ્ત કરશે, કે જ્યાંથી પડાયજ નહીં, કારણ કે પાડનાર મોહ ત્યાંથી ગયો, અને **ક્ષી**ણમોહ ગુણસ્થાનકે આવ્યો માટે ધ્યાની પુરૂષ કે જેને **મો**ક્ષાભિલાષ માત્ર છે, તેણે વચલા કોઇ ગુણસ્થાનકપર ન અટકતાં સકળ મોહનો એટલે સકળ પરવસ્તુમાં હુંપણાનો ક્ષય કરતાં જવો એજ શ્રેયસ્કર છે.

હવે આનન્દમંદિરમાં રહી શું કરૂં ?

**मयाद्यैव विनिश्चेयं, स्वस्वरूपं हि वस्तुतः ।**
**छित्वाप्यनादिसंभूता—मविद्यावैरिवागुराम् ॥१५॥**

**અર્થ:**—( અનાદિ કાળથી ઉપજેલી ) અવિદ્યારૂપી વૈરીની જાળને તોડી, આજેજ મારા સ્વરૂપનો મારે પરમાર્થથી નિશ્ચય કરવો. ( આવી આવી પ્રતિજ્ઞા ધ્યાનનો અભ્યાસી કરેછે. )

**વિવેચન:**—જેમ સુવર્ણ અને માટી ઘણા કાળથી ખાણમાં

સાથેજ છે, તેમ જીવ અને કર્મ અનાદિ કાળથીજ આ સંસારરૂપી ખાણમાં સાથેજ છે. પરન્તુ યંત્રથી જેમ માટીને છૂટી પાડી સુવર્ણ મેળવાય છે, તેમ ધ્યાનના યમનિયમાદિ યંત્રોથી, કર્મરૂપી માટીને ખસેડી શુદ્ધ જીવસ્વરૂપ પ્રાપ્ત કરાય છે. પરન્તુ જેમ આ સુવર્ણ અને માટીના મિશ્રણને છૂટું કરતાં આખો સમય સુવર્ણભાવનાજ રાખવી પડેછે, તેમ ધ્યાનીપણ કર્મરૂપ માટીને દૂર કરતાં આત્મદષ્ટિજ રાખેછે. વળી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે "**તીવ્ર સંવેગાનામાસન્નઃ**" (જેનો સંવેગ તીવ્ર છે, તેને તરતજ સ્વરૂપપ્રાપ્તિ થાયછે.) તેમ જે સવીર્ય થઇ દઢ નિશ્ચયપૂર્વક આત્મરૂપ મહેલમાં પ્રવેશ કરેછે, તેને તેજ દિવસે પરમાર્થથી સ્વરૂપપ્રાપ્તિ થાયછે જ.

મોહજાળ તેજ અનાદિકાળથી ઉત્પન્ન થએલી અવિદ્યા. અને મારૂં, મારૂં, મારૂં, મારૂં એટલે શરીર ઇંદ્રિય, તેના વિષયો, ઘર, કુટુંબ, સ્ત્રી, છોકરાં, સગાં, વહાલાં, નાત, જાત, દેશ, ખંડ, જગત્, ચૌદ રાજલોક, ઇત્યાદિ સર્વ પર પદાર્થમાં મારૂં મારૂં એ મોહજાળ. હવે ધ્યાનદ્વારા અંતરદષ્ટિએ જુઓ કે તારૂં કોણ? જે તારી સાથે કોઈ દિવસ છૂટું પડે નહીં તે તો જીવ છે. હાલ છે, આગળ હતો, અને હવે પછી પણ છે. તારે મારૂં તો જીવ બીજું મારૂં કાંઈ નહીં. આ સકળ પરવસ્તુનો જાણનાર, એટલે **જ્ઞાનરૂપ હું** એમ કરતાં કરતાં, જેમ જેમ એક એક પરવસ્તુમાંથી, પોતે નીકળશે, તેમ તેમ અવિદ્યા અર્થાત્ મોહજાળના તાંતણા તૂટતા જશે.

વળી **સમ્યક્ત્વ** પ્રાપ્ત થયું કે, પછી આપણે નિશ્ચય કરિ-

યે છીએ, કે આત્મા એજ હું. અને બાકી બીજી વસ્તુ તે જડ; અને જડ એ પરવસ્તુ. ત્યાર પછી પરવસ્તુને વિષ્ટાજાણી–ઉચ્છિષ્ટ જાણી કે અનુક્રમે કે એકદમ તેમાં ત્યાગબુદ્ધિ કરી અને ત્યાગવૃત્તિથી તેને છોડવા માંડિયે કે દેશવિરતિપણું પ્રાપ્ત થાય, વાં સમગ્ર છોડતાં સર્વવિરતિપણું પમાય છે.

કોઈ આજે એક સ્ત્રી. કાલે બીજી, એમ એક એક પરવસ્તુને મુકે અને કેટલાક એવા પણ શૂરવીર હોય કે આ "બત્રીસે ભેળી" એમ કહી સકળ પરવસ્તુને–સમ્યક્ત્વપૂર્વક–સ્વપરવસ્તુના જ્ઞાનપૂર્વક કે વિતરાગનાં વચનમાં શ્રદ્ધાપૂર્વક એકદમ તજવાની વૃત્તિ કરે એટલે સર્વવિરતિપણું તેવા વીરપુરૂષોની સેવામાં આવી ઉભું રહે. એમ અનુક્રમે કે એકદમ સમગ્ર પરવસ્તુને દ્રવ્યભાવે મુકવી તે સર્વવિરતિપણું છે.

પછી પણ મારો ગચ્છ, મારી ચોથ, મારી પાંચમ, મારા સેવક, મારાં પુસ્તક, મારૂં વચન, ઇત્યાદિ જેટલું મારૂં એટલા હિરના[1] નહીં તો સુતરના તાંતણા પણ તોડવાના રહે. ધ્યાની સાધુ, સાધવીને તે "મારાં" "મારાં" કામના નથી. એ "મારાં તારાં" ગયાં ને આ બધાંનો દ્રષ્ટા કોણ, એ કોણ, એ કોણ પછી એ કોણ એમ વિચારણાની શ્રેણીપર ચડતાં ચડતાં પરિણામની ધારા એટલેસુધી વધે કે, એક તાંતણો રહે નહીં. ત્યારે હાસ કરી છૂટવાથી જીવ અલૌકિક શાંતિ ભોગવે. કારણ કે મોહના ફાંસાથી બચે, તેથી આનંદ પામે, રોમાંચ થાય, પોતે સુદ્ધાં સકળ જીવપર સમદષ્ટિ થઈ રહે. જન્મ મરણનાં કારણો નીકળી જ-

૧ હીર (રેશમ) ના સંસારીના, ને સુતરના સાધુના.

વાથી અભયપણું આવે, માટે **લાલનના** સગાં ભાઈ બેનો. માતા પિતા, પુત્ર પુત્રીઓ, સકળ મનુષ્યજાતિઓ, તિર્યંચો, દેવતાઓ, અને મારા વ્હાલા નારક બાંધવો, ધ્યાનનો ટુંકો સરલ રસ્તો લઇ સકળ પરવસ્તુને દૂર કરો, એટલે સ્વવસ્તુ સહેજ પ્રકટ થઈ રહેશે. સ્વવસ્તુને પામવું નથી, પણ વિશુદ્ધ થાઓ એટલે તે તો તમે પોતેજ વસ્તુતઃ છો. એમ જણાઈ રહેશે.

વળી સ્વવસ્તુ કરતાં પરવસ્તુનું પ્રમાણ બહુજ થોડું છે,[1] કારણ કે **તિર્થંકર ભગવાન** આપણા સકળ જીવના પિતા, તેમને પણ આપણે એવું વિશેષણ આપિયે છિયે કે **"અઢાર દૂષણે કરીને રહિત"** પરંતુ કેટલાક ગુણે કરીને સહિત એ કહી શકાય નહીં, કારણ કે ગુણોની સંખ્યા તો અનંત છે. એનો છેડો નથી. તેમ તમે પણ **લાલનનાં** સઘળાં સગાંવહાલાંઓ અનંત ગુણોવાળાં છો. કારણ કે આત્મા એજ તમે છો. માટે દોષો જે પરિમિત ( Limited ) છે તેને છોડો કે તમારૂં અપરિમિતત્વ ( Unlimitedness ) જણાઇ રહેશે. કારણ કે **જ્ઞાન** અનંત છે, દર્શન અનંત છે એટલુંજ નહીં પણ **જ્ઞાન** જેવા ગુણો પણ અનંત છે, છેડોજ નથી.

આ હાલનાજ વખતે, **લાલન** તું એમ માનતો હતો કે, **લાધી તારી માતા,** એટલે ત્યાં માતૃબુદ્ધિ, પરન્તુ જ્યારે જે કોઇ જન્મ આપે તે માતા, પછી તે **લાલનને** જન્મ આપે કે બીજા કોઈ જીવને જન્મ આપે, એમ થતાંજ સકળ સ્ત્રીજાત,

---

૧ तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्यानंत्याज्ज्ञेयमल्पम्
(જુઓ, દેવચંદ્રજીકૃત ચોવીસી, મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનમાં પણ.)

પછી તે મનુષ્ય હો વા તિર્યંચ હો, પરન્તુ સર્વમાં બરાબર **લાધી** ( માતૃ ) બુદ્ધિ થતાં, ધ્યાને ચડતાં ચડતાં જણાઈ આવ્યું કે, કયો જીવ તારી માતા થયાવિના રહ્યાં છે, સર્વ જીવો અનંતવાર માતા થઇ ગયા છે, એમ સ્પષ્ટ દેખાઇ આવ્યું, ને એક માતાને બદલે, સકળ ચૌદરાજલોકના જીવ માતારૂપે દેખાયા. એ બધી માતાઓને જાણે એકજ **લાલન** પુત્ર હોય, એમ **લાલન** હૃદયમાં રક્ષણનો અનુભવ થયો, એટલે એ બધી માતાઓ જાણે હમણાં **લાલન**નું રક્ષણ કરતી હોય એમ જણાયું. એજ વખતે સકળ જીવોની સાથે વૈરભાવ મટીને मित्ति मे सव्वभूएसु ( સકળ જીવો મારા મિત્ર છે ) શત્રુ કોઈ નથી એમ થઈ રહ્યું.

આમ કયો જીવ ! બંધુ, પુત્ર, પિતા, સ્ત્રી એમ નથી થયો ? તેમ એક એક વ્યક્તિ લઇને ધ્યાન કરતાં સકળ જીવ પુત્રરૂપે, સકળ જીવ પિતારૂપે, સકળ જીવ સ્ત્રીરૂપે, સકળ જીવ બંધુરૂપે, એમ અપરોક્ષ અનુભવ થઈ જણાઇ રહેશે. પછી એક બંધુભાવ, એક પુત્રભાવ, એક માતૃભાવ, ગયો એટલે પરવસ્તુમાંથી સ્નેહ લઇ પોતામાંજ ઉતર્યો કે **જગદ્વલ્લભ** એવું પોતાનું સ્વરૂપ જણાઇ રહેશે.

આજેજ તે કાલે નહીં, પણ આજેજ તેનો નિશ્ચય થાય, કારણ કે જ્ઞાનરૂપ આત્મા સર્વથા અજ્ઞાનમય થઇ શકતોજ નથી, ને થાય તો તે જીવ સંજ્ઞા નાશ પામી જાય.

કારણ કે પાપના અંધકારમાં **સવીર્ય** થતો જીવ, પોતાને **જ્ઞાનના દીપ**સાથે હું હું એમ જાણતો જાય છે, સમજતો જાય છે, કે, પરવસ્તુ પોતાથી એટલે **જ્ઞાનપ્રકાશ**થી વિરક્ત થઈ છૂટી પડી

જાય છે. અને એ પ્રકાશ એ પાપના અંધકારને હઠાવવાને જરા દીવા સરખો લાગતો હતો, તે ધ્યાનના બળે તારા, ચંદ્ર, સૂર્ય જેવોજ નહીં પણ અનંત સૂર્ય જેવો શાંત પ્રકાશ જણાતો જાય છે. અને તે પાપના અંધકારને જરા વાર પણ રહેવા દેતો નથી.

પડી જવાની ધાસ્તી ખાનારાઓને આજે પણ ધર્મધ્યાનાદિ સાધનોની સીડીઓ ક્યાં મળી શકતી નથી? પરન્તુ જો પિંડસ્થાદિ ધ્યાન હાથ ધરી, ઉપશમ, ક્ષપક* શ્રેણીએ ચડવું શરૂ કર્યું હોય તો, તે પણ આત્મવીર્યથી અસાધ્ય છે એમ કોણ કહે? જેણે એ સાધ્ય કરી, એ અનંત શક્તિવાન હતા અને પોતાની છૂપી શક્તિને ફોરવનાર હતા, તેમ તું પણ તારી છૂપી શક્તિને ફોરવ કારણ કે તું પણ અનંત શક્તિવાળો છું.

**ગજસકુમાર** નામના આપણા બંધુને કેટલો વખત લાગ્યો? પરન્તુ યથાર્થ સમજાય કે જે બળેછે તે હું નથી, તેતો પુદ્ગલ છે, કારણકે આત્મા કંઇ અગ્નિથી બળતા નથી, જળથી ભીનો થતો નથી પવનથી શોસાતો નથી એમ હિંદુઓની ભગવદ્ગીતામાં પણ કહ્યું છે. ને **જૈન** શાસ્ત્રો પણ એમજ તેનું સ્વરૂપ નિશ્ચયનયથી એટલે વસ્તુતઃ તેવુંજ કહેછે, કારણ કે તે તેવુંજ છે.

સર્વ પ્રતિજ્ઞાનો ઉપસંહાર.

इति प्रतिज्ञां प्रतिपद्यधीरः
समस्तरागादिकलंकमुक्तः॥
आलंबते धर्ममचंचलात्मा
शुक्लं च यद्यस्ति बलं विशालम्॥ १६॥

* Elevation, Lift: not ladder.

**અર્થ:**—એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ધીર પુરૂષ સમસ્ત રાગાદિરૂપ કલંકથી મુક્ત થઈ, તથા ચંચળતા રહિત થઇને, ધર્મધ્યાનનું આલંબન કરેછે, અને જો વિશાળ બળ હોય, તો શુકલધ્યાનનું આલંબન કરેછે (આ પ્રમાણે ધ્યાનની પ્રતિજ્ઞા કરવાનું વર્ણન કર્યું, હવે ધ્યેયનું સ્વરૂપ કહેશે.)

**વિવેચન:**—એક સરોવર યા દરિયામાં જ્યાંસુધી તેનું જળ મોજાઓથી ચંચળ થએલું હોયછે,ત્યાંસુધી એ જળ ઉપર સૂર્ય આખો હોવા છતાં, તેનું પ્રતિબિંબ ખંડિત જણાશે, તેમ જ્યાંસુધી ચિત્તરૂપી જળ, સંસારરૂપી તળાવ વગેરેમાં રાગદ્વેષરૂપી પવનના યોગે, મોજાં કે ભરતીઓટવાળું થાયછે; ત્યાંસુધી અખંડ આત્મસ્વરૂપ જણાતું નથી, માટે ચિત્તને સ્થિર કરવાને પ્રથમ રાગદ્વેષરૂપી પવનો દૂર કરતા જવા, એટલે ચિત્તરૂપી જળમાં વિષયોને સેવવાના જે કલ્લોલો ઉડેછે, તે ઓછા થતા થતા વિરામ પામી જશે. એમ જેમ જેમ તે વિરામ પામતા જાય, તેમ તેમ ધર્મધ્યાનનું આલંબન કરતા જવું કે જે ધર્મધ્યાનના આલંબનથી મન શુભતર પરિણામે વર્તતાં વર્તતાં, તેનો આસ્વાદ લેતાં લેતાં, ત્યાંથી થોડે થોડે વિરામ પામી, **આ**ત્મા તરફ વળી અનુક્રમે તે શુક્લધ્યાનને પણ યોગ્ય થશે.

કોઈ માનવબંધુ **લાલન**ને એમ પૂછે કે, રાગદ્વેષરૂપી પવનો આ સંસારમાં જેવા તેવા છે? કે ચિત્તરૂપ સરોવરમાં તેના થતા કલ્લોલ મટાડી શકાય? આ વાત ખરી છે; તથાપિ તેનો ઉપાય નીચે પ્રમાણે થાયછે.

**પહેલું પગથિયું:**—રાગ ને દ્વેષ જે કરતો હોય, તેને પ્ર-

થમ તો રાગદ્વેષ મટાડવાનું ન કહેતાં તેને કહેવું કે તું રાગદ્વેષ કર. પછી જો પોતાને–યા કોઇ સારા પુરૂષની શિક્ષાથી પોતાને– જે સુદેવ, સુગુરુ, સુધર્મ, સત્ય, ક્ષમા ઇત્યાદિ સદ્‌ગુણોવાળા જે જે મહાપુરૂષો જણાય, તેનાપર રાગ કરવો ને તેવા સદ્‌ગુણો જેનામાં ન હોય, તેનાપર દ્વેષ કરવો. જે પ્રથમ ગુણવાળા હોય તેને વખાણવા, ને બીજા દોષવાળાને વખોડવા; આમ સદ્‌ગુણવાળાપર **રાગ** તેને શાસ્ત્રોમાં **"પ્રશસ્તરાગ"** કહેછે અને એવો રાગ થતાં અવગુણી કે દોષવાનપર અજાણતાં પણ દ્વેષ થઇ આવેછે.

**બીજું પગથિયું:**—આ પગથીયું એવું છે કે જે મનુષ્યાદિમાં કષાયરૂપી અવગુણ છે તે મનુષ્યોને ન વખોડતાં, તેમાં રહેલા અવગુણોને વખોડવા. શું કરે કર્મને વશ છે. એમ કરી તેનાં કર્મોને નિંદવાં પણ માણસને નહીં.

આમ અવગુણીના અવગુણને નિંદશો ત્યારે તે માણસપર રાગ થશે એટલે તેનામાં રહેલા કેટલાક ગુણો પણ દેખાઈ આવશે.

**ત્રીજું પગથિયું:**—આ પગથીયું એવું છે કે પરના અવગુણ જોવા છોડી દેવા, ને પોતાના અવગુણો જોવા, એટલે બીજા અવગુણી ઉપર ક્ષમા થશે.

**ચોથું પગથિયું:**—એવું છે કે પોતાના અવગુણ જોઇ તેને નિંદવા ને પોતાને ક્ષમા ન કરવી, એટલે સ્વાભાવિક રીતે બીજાના પણ અવગુણની ક્ષમા નહીં થાય–સહન નહીં થાય. પરન્તુ તમે અવગણીપર નહીં–પણ અવગુણ, તેના અને પોતાનાપર કટ્ટા

રહેશો તો લાભકારક થશે. એથી તમે કોઇમાં એટલે તેઓમાં ને મારામાં કોઇમાં અવગુણ ન હો એમ ઇચ્છિશો.

**પાંચમું પગથિયું:**—ક્રોધપર ક્રોધ, માન છોડવાનું માન, માયાને છેતરવાની માયા, અને લોભનો વિધ્વંશ કરવાનો લોભ એ અનુક્રમે પ્રગટ કરવા.

**છઠું પગથિયું:**—સર્વત્ર મહા ક્ષમાદષ્ટિ થશે, અને પ્રશસ્ત રાગ રહેશે.

**સાતમું પગથિયું:**—પ્રશસ્ત રાગપણ પુદ્ગલિક વસ્તુ જો કે શુભ હશે તેમાંથી જતો રહેશે, ને દ્વેષ તો પૂર્વેથી ગયો છે. આમ રાગદ્વેષ પવનો મટી જશે, એટલે ચિત્તસરમાં વિષય-કષાયરૂપે બદલાઈ જતા કલ્લોલ નહિ ઉઠે. એટલે શાંતચિત્ત સરમાં **આત્માનું** પ્રતિબિંબ **જ્યોતિરૂપ** દેખાવાના શુભપ્રસંગ આવ્યાજ કરશે.

આમ બને એવું છે. આવા પ્રયોગનો જે અભ્યાસ કરેછે-તેમજ પ્રયોગ કરેછે તેને પ્રથમતો ચિત્તસરમાં પર્વત જેવા રાગદ્વેષના ઉચ્છળતાં મોજાં ઘટી વામવામના થતાં જણાશે, પછી વેંતવેંતનાં, પછી જરાજરા લહરી, અને પછી શાન્તતા આવી કે અનુભવ જ્યોતિનો પ્રકાશ થશે. ક્રમ આવો છે. અહીં **અંતરાત્મા** સ્વરૂપ કેવું શાંત છે, તે જણાતાંજ જણાઇ આવશે કે જીવ ક્યા ગુણસ્થાનકમાં રહી **નિજાનંદ** અનુભવે છે.

**॥ इति ध्यान स्वरूपम् ॥**

## અથ ધ્યેયસ્વરૂપ પ્રારંભ.

ध्येयं वस्तु वदंति निर्मलधियस्तच्चेतनाचेतनं ।
स्थित्युत्पत्तिविनाशलक्षणयुतं मूर्तेतरं च क्रमात् ॥
शुद्धं ध्यानविशीर्णकर्मकवचो देवश्च मुक्तेर्वरः ।
सर्वज्ञः सकलः शिवः स भगवान् सिद्धः परो निष्कलः ॥

**ભાવાર્થ:**—નિર્મળ બુદ્ધિવાળા પુરૂષો ધ્યેયવસ્તુ શી છે? તે કહેછે. વસ્તુનું ધ્યાન થાયછે, પણ કાંઈ અવસ્તુનું ધ્યાન થતું નથી. વસ્તુ ચેતન અને અચેતન, એમ બે પ્રકારે હોયછે. ચેતન તે જીવ છે, અને અચેતન તે પાંચ પ્રકારનાં દ્રવ્યો; એટલે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, અને પુદ્ગલ છે.વળી વસ્તુ છે તે, સ્થિતિ ઉત્પત્તિ અને વિનાશ લક્ષણવાળી હોયછે. સર્વથા નિત્ય અથવા અનિત્ય નથી હોતી. વળી તે મૂર્ત હોયછે, અથવા અમૂર્ત હોય, છે. પુદ્ગલ મૂર્ત છે અને ચેતનાદિ અમૂર્ત છે. શુદ્ધ ધ્યાનથી દૂર કરેલું છે, કર્મરૂપી આવરણ જેણે એ મુક્તિરૂપી સ્ત્રીના સ્વામી **સર્વજ્ઞ** એવા જે દેવ તે **ભ**ગવાન શરીરવાળા, શિવ અને **અર્હત્** છે, તે **પ્રથમ** ધ્યેય છે, અને બીજા શરીરરહિત **સિદ્ધભગવાન** તે **બીજા** ધ્યેય છે.

**વિવેચન:**—ધ્યેય એટલે જેનું ધ્યાન કરવામાં આવે છે તે—

એવા ધ્યેય છ પદાર્થો છે. એટલે ધર્મ,[1] અધર્મ, આકાશ, કાળ-પુદ્ગલ અને જીવ.

**ધર્મ-અધર્મ** એક એક દ્રવ્ય છે, અમૂર્ત છે, લોકાકાશપર્યંત વ્યાપક છે, જડ એટલે અચેતન છે. ધર્મ-એ ગતિસહાયક દ્રવ્ય છે અને અધર્મ એ સ્થિતિસહાય દ્રવ્ય છે. ગતિસ્થિતિ પોતે તો જીવ અને અજીવ પદાર્થોમાં રહેલી છે; પરન્તુ આ બે દ્રવ્યોની સહાયવિના ગતિસ્થિતિ જીવ અજીવથી થતી નથી. જેમ મત્સ્યાદિમાં તરવાનું સામર્થ્ય છે, પરન્તુ જળવિના (તરવાની) ગતિ ક્યાં કરે? એવી રીતે સ્થિર રહેવાનું કે ગતિ કરવાનું જીવ અજીવમાં સામર્થ્ય છે, પરન્તુ ધર્મ અધર્મના આધારવિના તેનાથી ગતિસ્થિતિ બને નહીં. આ ગતિસ્થિતિને અંગ્રેજીમાં ( Inertia ) કહેછે, એમ ન ધારવું કારણ કે Inertia નામનો પુદ્ગલાદિ વસ્તુથી ભિન્ન પદાર્થ યુરોપિયન સાયન્સને હજુ જડ્યો નથી. એમણે તો Inertia ને સજીવ અજીવ પદાર્થના ગુણતરિકે જાણ્યો છે. એટલે માછલામાં જાણે જળ હોય અને તેથી તે તરતું હોય. પરન્તુ માછલામાં જળ હોવું એ અસંભવિત છે; માટે તેઓને જૂદાંજ દ્રવ્યો ગણવાં એજ યોગ્ય છે, આ બન્ને દ્રવ્યો લોકપ્રમાણ છે.

**આકાશ** દ્રવ્ય એક છે, અમૂર્ત છે, જડ છે, વસ્તુને અવગાહ ( Space ) આપેછે, આમ Space કે આકાશ નામનું પણ પુદ્ગલથી એક ભિન્ન દ્રવ્ય છે અને તે લોકાલોક પ્રમાણ છે.

**કાલ**—પદાર્થોમાં થતી વર્તના (ક્રિયા)નું નામ છે, અને તે

---

[1] ધર્મ-ધર્માસ્તિકાય એમ કાળસિવાય બધાં દ્રવ્યને અસ્તિકાય શબ્દ લગાડવો.

દ્રવ્યને અસ્તિકાયરૂપ નથી ગણ્યું. પરન્તુ વસ્તુની વર્તનાનો ઉપચાર એમાં થાયછે. પણ એ દ્રવ્ય એક વસ્તુજ છે. એ અચેતન તથા જડ છે. અમૂર્ત છે અને વસ્તુના નવા જૂનાપણાને ( ફેરફારનો ) સહાયક છે અને એ પણ લોકપ્રમાણ છે.

**પુદ્‌ગલ**—અનેક છે, મૂર્ત છે, ઉત્પત્તિ, સ્થિતિ, તથા વિનાશ લક્ષણવાળું છે, અને અચેતન છે, શક્તિરૂપે લોકપ્રમાણ છે.

**જીવ:**—અનેક છે, અમૂર્ત છે, ચેતન છે, તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, અને ઉપયોગરૂપ છે, ( શક્તિરૂપે) ઝીણામાં ઝીણો પરમાણુ જેવડો, તેમજ લોકાકાશ જેવડો અને વ્યક્તિરૂપે **અર્હત**સિદ્ધ દશાવાળો, જ્ઞાનરૂપે જીવ લોકાલોક પ્રમાણ છે એટલે જ્યાં જ્ઞાનાદિ છે ત્યાં પોતે છે, અને જ્ઞાનાદિ સર્વત્ર હોવાથી અને પોતે જ્ઞાનજ હોવાથી સર્વત્ર છે એમ પણ કહેવાય છે.

આ ૭ પદાર્થના ધ્યેય ઉપરાંત બીજા ધ્યેય **અર્હત્** અને **સિદ્ધ** ભગવાન છે. આમાં પણ **અર્હત**નું ધ્યાન ધ્યાનાર્થીને શરૂઆતમાં શ્રેયસ્કર છે, કારણ કે ધ્યાનદ્વારાએજ જેણે સકળ કર્મોનો ક્ષય કર્યો એવા **અર્હત્** સશરીર હોવાથી, તેમનું ધ્યાન કરવું સરળ થશે.

બીજું ધ્યેય સિદ્ધ ભગવાન્, શરીર રહિત એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ સાદિઅનંત, અમૂર્ત–અગુરૂ લઘુરૂપ છે.

અમૂર્ત વસ્તુનું ધ્યાન કરવામાં કંઈકિ સહાયભૂત સ્પષ્ટીકરણ અહીં કરવું ઉચિત છે.

**આત્માનું** શુદ્ધસ્વરૂપ **દ્રવ્યાર્થિક** નયે એવું છે જે આત્મા એક વસ્તુ છે, અને તેમાં અનંત જ્ઞાન ભરેલું છે એમ નથી, પરંતુ

જ્ઞાન એજ આત્મા છે. જેમ આંખનું કામ દેખવું છે અને તે અજવાળાને દેખે છે, એટલુંજ નહીં પણ અંધારાનેએ નિરંતર દેખે છે; નહીં દેખે એવું આંખથી અનતુંજ નથી. જો ઘરમાં દીવો હોય તો તેનાથી સકળ પદાર્થો જણાય છે; તેમ શરીરરૂપી દીવીમાં જ્ઞાનરૂપ અખંડ દીવો હોવાથી આ જગત્‌ના સર્વ પદાર્થો દેખાય છે–જણાય છે.

સૂર્ય, ચંદ્ર, દીવા આદિ તેજસ્વી પદાર્થો પ્રકાશ આપે છે. પરન્તુ એમને પણ આત્મા પ્રકાશિત કરે છે; કારણ કે આત્માવડે એ પ્રકાશવાળા છે એમ જણાય છે.

આત્મા અથવા જ્ઞાનમાં વસ્તુતઃ જાણવું–નહીં જાણવું, એમ નથી. તે તો જાણવાને પણ જાણે, અને ન જાણવાને પણ જાણે. It knows that it knows, It knows that it does not know. એમ હોવાથી એનું કામ તો જાણવું એજ હોય છે અને જ્યાંસુધી ઇંદ્રિયદ્વારા, એટલે બારીઓમાંથી આપણે જોઈએ છીએ, ત્યાંસુધી કેટલુંક જણાય છે, અને કેટલુંક નથી જણાતું. વળી ઇંદ્રિયદ્વારથી થતા જ્ઞાનને દૂર કરીને અર્થાત્ પ્રત્યાહાર કરી **થિર** દૃષ્ટિસુધી પહોંચી, કેવળ મનના દિવાનખાનામાં આવિયે તો પણ વસ્તુસ્વરૂપ ઘણુંજ વિશેષ દેખાય; પરન્તુ તેમાં જ્યારે રાગ દ્વેષનાં મોજાં બંધ થાય, ત્યારેજ આત્માદર્શનની છાયા જોવામાં આવે, અને ત્યારેજ વસ્તુસ્વરૂપ આતમના પૂર્ણ પ્રકાશને લીધે યથાર્થ જણાઈ રહે.

નિર્મળ મન સ્ફટિક જેવું છે, તેથી તે વસ્તુને છુપાવશે નહીં; પરન્તુ એ સ્ફટિકવત્ મન કંઈ પોતે આત્મા નથી. એ

સ્ફટિક જેવા નિર્મળ ચિત્તમાં પોતે પોતાને જે અનુભવાય છે, તેજ આત્મતત્વ છે.

અનુભવ થયા પછી મનુષ્યમાં કે ઈતર યોનિમાં કાર્મણ શરીરમાં ધ્યાનદ્વારા કર્મો કેવાં લાગે છે, તે યથાર્થ લખાતું નથી. કારણ કે તેવા વર્ણનમાટે વચનગોચર કોષમાં શબ્દો મળતા નથી. તથાપિ ઉપમા અલંકારથી સહજ કથન અત્રે કરવામાં આવે છે તે આ પ્રમાણે:—

અંગ્રેજી દવા વેચનારા ( Druggist) ની દુકાનની કાચની બારીમાં અંદરથી મોટા મોટા કાચના કળશો દેખાશે. તે કાચના કળશોમાં પૂર્ણ ભરેલું જૂદા જૂદા રંગવાળું પાણી હશે. પછવાડે દીવો હોય છે તેથી તે પાણીનો રંગ ચકચકિત લાગે છે. હવે એ કાચના કળશોમાં થોડી રજ હોય અને ઉપર નીચે જતી હોય,. એમ કર્મપુદ્ગલો આત્મામાં જતાં આવતાં જણાય છે. નિર્મળ સ્ફટિક જેવા આત્માને ક્રોધનો કાળો, માનનો લાલ, માયાનો લીલો, અને લોભનો પીળો રંગ લાગ્યો હોય એમ જણાય છે; અને એ કળશોની પછવાડે દીવો છે તેમ ન જાણતાં એ કળશમાં દીવો છે એમ ધારવું. આવા આવા રંગો માત્ર એક વસ્તુમાંથીજ થયા છે. અને તે વસ્તુ રાગ છે. એ રાગ પર વસ્તુમાં છે અને પરવસ્તુ પુદ્ગલિક હોવાથી એટલે વર્ણ,[1] ગંધ[2] રૂપ,[3] તથા [4]રસ સ્પર્શવાળી[5] હોવાથી એ રંગવાળા પુદ્ગલો થતાં દેખાય છે અને તેનો ઉપચાર રાગથી પોતામાં કરી જવાય છે. માટે પરવસ્તુમાંથી જેમ જેમ રાગ દૂર થયો, તેમ તેમ એ કાળો, લાલ, લીલો તથા પીળો રંગ મટી કેવળ સફેદ રંગવાળો ધવળ રંગવાળો થશે.

એટલે જાણવું કે, ધર્મધ્યાનને યોગ્ય થયો, પછી એ શુભધ્યાનને-પણ મૂકી ઉપર ચડતાં શુદ્ધ આત્મતત્વ, ધવલ રંગ રહિત સ્ફાટિકવત્ થઈ અદૃશ્યતત્વ, અદૃશ્યતત્વથી અનુભવાઈ રહેશે. અને એમ થયું કે ધ્યાની શુકલધ્યાનના ઉપલા પાયાપર જતો જણાશે.

ધ્યાનાર્થીએ ધર્મધ્યાનમાં શું ધ્યાવવું?

**अमी जीवादयो भावा, चिदचिल्लक्ष्मलांछिताः ।**
**तत्स्वरूपाविरोधेन, ध्येया धर्मे मनीषिभिः ॥ १८ ॥**

**અર્થ:**—આ જીવાદિ છ દ્રવ્યો (જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ) છે. તે ચેતન અને અચેતન લક્ષણથી લાંછિત છે; તે સર્વને બુદ્ધિવાન પુરૂષોએ, તેમના સ્વરૂપમાં જેમ વિરોધ ન આવે તેવી રીતે ધર્મધ્યાનમાં ધ્યાવવા.

**વિવેચન:**—ધર્મધ્યાનમાં આ છ પદાર્થોનું ધ્યાન કરવાથી આ છએ દ્રવ્યનું તેના અશેષ પર્યાયો સુદ્ધાં રફતે રફતે અનુભવજ્ઞાન થાય છે; અને જેમ જેમ અનુભવજ્ઞાન થતું જશે, તેમ તેમ શાસ્ત્રકારોનું શ્રુતકેવલિપણાનું અને ભગવાનના કેવલિપણાનું પ્રરૂપેલુંજ અપરોક્ષજ્ઞાન પોતાને થતું જશે.

સકળ દ્રવ્યોનો સમાવેશ બે દ્રવ્યમાં થાય છે, એટલે જીવ અને અજીવમાં થાય છે. કારણ કે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, અને પુદ્ગલ એ પાંચે દ્રવ્યો અજીવ છે. હવે જીવ તે ચેતન છે, અને પાંચે દ્રવ્યો એટલે બાકીના બધા અચેતન છે. ધર્મધ્યાનદ્વારા જીવ અને અજીવનું અપરોક્ષજ્ઞાન કરવું, તેનું નામજ અનુભવજ્ઞાન.

માટે ધ્યાનમાં પ્રથમ જીવનું, પછી અજીવનું, પછી અજીવમ આવેલા પાંચે પદાર્થોનું, પછી પ્રત્યેક દ્રવ્ય દ્રવ્યનું, તેના ગુણોનું અને તેના પર્યાયોનું ધ્યાન ધરવું. એ બધાનો સમાવેશ ધર્મ ધ્યાનમાં થાય છે. આ છ દ્રવ્યનું સામાન્ય રીતે, તથા વિશેષ રીતે એવું ભેદજ્ઞાન જોઇએ કે, એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના દ્રવ્ય, ગુણ પર્યાયો ભળી ન જાય.

ધ્યાનીએ ધ્યાનવિનાનો વખત કેમ ગાળવો?

**ध्याने ह्युपरते धीमान्, मनः कुर्यात्समाहितम् ।**
**निर्वेदपदमापन्नं, मग्नं वा करुणांबुधौ ॥ १९ ॥**

**અર્થ:**—ધ્યાન પૂરૂં થાય ત્યારે બુદ્ધિવાન ધ્યાની પુરૂષે મનને સમાધાનયુક્ત કરવું, અથવા વૈરાગ્યયુક્ત કરવું, અથવા તો કરૂણારૂપી સમુદ્રમાં મગ્ન કરવું.

**વિવેચન:**—ધ્યાની પુરૂષોને અભ્યાસદ્વારા મન વશ હોવાથી ધ્યાન થઇ રહ્યા બાદ પણ, તે મનની સ્થિતિ પોતાના વીર્યવડે જેવી રાખવા ધારે તેવી રાખી શકે છે; અને તે મનની સ્થિતિ ધ્યાનવિનાના કાળમાં ત્રણમાંથી કોઇએક પ્રકારની રાખી શકાય છે, કાંતો તે સમાહિત એટલે મનને નિર્વિકલ્પ રાખે, અથવા બે ઉત્તમ વિકલ્પોમાં રાખે. એ બે વિકલ્પો એ કે, પર વૈરાગ્યરૂપ એટલે સઘળા પરદ્રવ્યમાં અરાગતારૂપ વિકલ્પ, અથવા તો ચૌદ રાજલોકમાં આવેલા ચોરાસીલક્ષ જીવના વર્ગોમાં રહેલા સકળ જંતુપર કરૂણા.

વૈરાગ્ય અને કરૂણા એ બન્ને ધર્મ ધ્યાનમાં અત્યંત ઉપયોગી છે.

સકળ જીવ અધર્મને તજી ધર્મને આદરે, અને કર્મરૂપી શત્રુઓથી બચે; એવી કરૂણા આપણા પિતૃરત્નશ્રી **મહાવીર**ને થઈ, એમ **શ્રી વીર** **ભ**ગવાનના વડિલ પુત્ર **દેવચંદ્ર**જી કહેછે. "सवी जीव करुं शासनरसी, एसीं भावदया मंन उल्लसी" અને આપણે **શ્રી વીર** **ભ**ગવાનના સુપુત્ર હોવાથી આપણા પિતાની એ ધ્યાનની શિક્ષારૂપ સ્વયંભુરમણસમુદ્રમાં આપણા મંનને વારંવાર સ્નાન કરાવવું એજ આપણું ભૂષણ છે.

## सर्वतो जयमाकांक्षेत्पुत्रात् शिष्यात् पराजयम् ।

"સર્વથી જયની ઈચ્છા રાખવી પણ પુત્રથી અને શિષ્યથી પરાજયની" અર્થાત્ પિતા કે ગુરૂ પોતાના પુત્ર કે શિષ્યને પોતાનાથી, જ્ઞાન, વિદ્યા, ધ્યાન, દાન, શિળ, તપ ઇત્યાદિમાં વિશેષ કરે અને તેથી પોતે રાજી થાય.

સંસારીઓમાં પિતા પાસે બે લાખ રૂપિયા હોય અને પુત્ર તેના ત્રણ લાખ રૂપિયા કરે તો પિતા રાજી થાય. તેમ આપણા પિતાશ્રી **મહાવીર,** તેમના પુત્રરત્નો સુસાધુ, ને શ્રાવકો, સકળ જંતુઉપર કરૂણા કરે તો તેમાં પિતા તો રાજીજ હોય, એમ ન્યાયબુદ્ધિ પણ કહે છે. માટે આગળ થએલા સર્વે આચાર્યો, ગુરૂઓ વગેરેના **વારંવાર** ઉપકાર પૂર્વક પ્રાપ્ત કરેલી વિદ્યા, દયા પામી તેમાં વધારો કરવો જેથી આપણા મોટા ભાઇઓ વિતરાગના "મોટા" પુત્રો, જે આચાર્યાદિ તે વિશેષ ખુશી થશે. અને સુપિતાની માફક જ્ઞાનદ્રવ્યના પોતાના જ ઘરમાં (જૈનશાશનમાં)

વધારાથી ખુશી થશે, પણ કુપિતાની માફક મારાથી તું કેમ વધ્યો એમ નહીં કહે, માટે આજે પણ આગળ ગયા તેથી પણ વિશેષશ્રાવક ગણો, શ્રમણગણો ઉપાધ્યાયગણો, આચાર્યગણો, થવા જોઇએ.

તિર્થંકર એ તો સીમા. ને હાલપણ તિર્થંકર ગોત્ર જેથી બંધાય, તેવી ક્રિયા કરે તેને ઉત્તેજન આપવું. કે જેથી પોતાનું ને સકળ જીવનું ભલું છે. પણ હલકી દષ્ટિ તેવાં કાર્યોમાં ન કરવી; કે તમે તો તિર્થંકર જેવું કરો છો. બહુ સારી વાત છે. તેવું કંઇ પણ લક્ષ અંશે થતું હોય તો, સકળ જીવમાં અરાગ, અદ્વેષ, સકળ જીવના બંધુ સમાન વૃત્તિ રહે ને સર્વ બિચારાં કર્મથી છૂટે એવી તીર્થંકર થયા પહેલાંની વૃત્તિઓ આજપણ **લાલનને,** તમને તેના સકળ જંતુમાત્ર બંધુઓને હો, વારંવાર હો, નિરંતર હો, એજ ભાવના.

એક ધ્યાની મહાત્માને નિશ્ચય સમ્યક્ત્વ એટલે અનુભવજ્ઞાન કે થિરાદષ્ટિ કે વિવેકખ્યાતિ થતાં મોક્ષનું સ્વરૂપ કંઇક જણાયું. અને તે વખતે તેણે **મોક્ષ**ની ઇચ્છા ન કરી, સિદ્ધ ભગવાન થવાની ઇચ્છા ન કરી, પરન્તુ તિર્થંકર ગોત્ર આંધવામાં જે અદ્ભુત ગુણો જોઇએ તે કરૂણાનો જ દઢ વિચાર રાખ્યો. સર્વ જીવઉપરની-સર્વ કાળના સર્વજીવ ઉપરની-કરૂણા કરવાના અદ્ભુત ગુણો આપ્રમાણે ભાવના દ્વારા ધારણ કર્યા; તિર્થંકર ગોત્ર આંધ્યું. ને નિર્વાણનો તેને અનુભવ થયા છતાં કરૂણા બળે તેનો ત્યાગ કર્યો.

આ ભાવિ તિર્થંકર મહાત્માએ આ પ્રમાણે કહ્યું[1]:—

"I will not take Nirvân for myself and leave my brothers in the bonds of birth and death, in their ignorance and in their darkness, in their helplessness and in their folly. If I have won wisdom, I have won it for their enlightenment. If I have won strength, I have won it for their service. I have learnt to vibrate in agony for man. What avail is it then to throw aside the sheaths and go on where no agony is useful? I will stay where I am and will work for man. Every pain of man shall strike me, every agony of man shall touch me and shall wring my heart. Every folly of man shall be my folly by identification with humanity and every vice and crime of theirs, my sufferings, until the whole of us are free". આ માનવ કરૂણાંબુધિમાં સ્નાન.

**ભાવાર્થ:**—હું મારા પોતાનેમાટે નિર્વાણ નહીં લઉં, અને તે લઇને મરણ અને જન્મના બંધનોમાં, અજ્ઞાન અને અંધકારના પડમાં, મૂર્ખતા અને નિરાધારતામાં, મારા બંધુઓને શું છોડી જાઉં? જો મને જ્ઞાન પ્રાપ્ત થયું છે તો તેઓને જ્ઞાની કરવાને માટે; જોમને બળ પ્રાપ્ત થયું છે તો, તે તેઓની સેવાનેમાટે થયું છે. મનુષ્યના દુ:ખે દુખિયો થવાનું હું શીખ્યો છું. ત્યારે શરીર અને તેના કોશો દૂર ફેંકી દેવાથી શો લાભ છે, કે જ્યાં ચઢીને દુ:ખ નકામું થાયછે. માટે હું જ્યાં છું ત્યાંજ રહી મનુષ્યની સેવા અ-

---

૧. શ્રીમદ્ હરિભદ્રાચાર્ય કહેછે કે, જે ગચ્છનું ભલું કરે તે ગણધર ગોત્ર, ને સર્વનું ભલું કરે તે તિર્થંકર ગોત્ર બાંધે છે. (યોગબિન્દુ.)

જાવીશ, તેનું હરેક દુઃખ મને પીડો, તેઓની હરેક ચિંતા મને વળગો અને મ્હારા હૈયાંને ડોળી નાંખો; તેનું પ્રત્યેક મૌર્ખ્ય આખી મનુષ્યજાતસાથે હું એકરૂપ હોવાથી તે બધું મૌર્ખ્ય મને હો. તેઓના દરેક દુર્ગુણ અને અપરાધનાં ફળોનું દુઃખ હું ભોગવું. આ બધું ત્યાંસુધી રહો કે જ્યાંસુધી આ આખી માનવજાત સાથે હું એકરૂપ હોવાથી નિર્વાણ પામું.

અથવા શાનું ધ્યાન કરે?

**अथ लोकत्रयीनाथ,–ममूर्त्तपरमेश्वरम् ।**
**ध्यातुं प्रक्रमते साक्षात्, परमात्मानमव्ययम् ॥२०॥**

**અર્થ:**—અથવા ત્રણે લોકના નાથ, અમૂર્ત, પરમેશ્વર, અવિનાશી એવા સાક્ષાત્ પરમાત્માનું ધ્યાન કરવા હવે પછી ધ્યાની ઉદ્યમ કરેછે.

**વિવેચન:**—ઇલિકા (ઇડ) છે તે ભ્રમરનું ધ્યાન કરતાં કરતાં જેમ ભ્રમરરૂપ બનેછે[1]. તેમ ત્રણે લોકના નાથ લોકાલોક

---

૧ પ્રત્યક્ષ પ્રમાણનું એક સ્થૂળ ઉદાહરણ.

**લાલન,** અમેરિકા ખંડના યુનૈટેડ સ્ટેટ્સમાંના મિચિગન સ્ટેટના શાર્લોટ નામના ગામમાં મિસિસ **ગ્રીન** નામની એક તેમની સગી બહેનને ત્યાં ધ્યાનના પાઠ આપવાને નવ દિવસ સુધી રહ્યો હતો.

એવણે માં............સા........... હા............ર છોડી દીધો અને વનસ્પતિ, ફળ, અન્ન, સૂકો મેવો ઇત્યાદિ આહાર કરવાના સોગન લીધા.

એમનો ધર્મવિચાર ક્રિશ્ચયન સાયન્સ એટલે **પરમાત્માના** ગુ-

પ્રકાશક હોવાથી સકળ પદાર્થોના સમગ્ર જ્ઞાતા, અરૂપી, પરમેશ્વર, અવિનાશી, તથા પોતાના નિજસ્વરૂપમાં રહેનાર એવા પરમાત્માનું ધ્યાન કરવાને ઉદ્યમ કરે તો પ્રત્યેક ધ્યાનવાન ગુણસ્થાનક વા ગુણશ્રેણીથી પરમાત્માભાવની સમીપ આવી અંતે પરમાત્મતત્વ પામે.

---

ણમાં ધ્યાન કરવાથી રોગો મટી જાય છે, અને પૈસા આદિ જે વિભવો જોઇએ તે મળેછે એવો છે. એ પંથની આચાર્યા મિસિસ ( Marry Eddy ) **મેરી એડી** હાલ જીવતી છે. અને હજારો નહીં પણ લાખો સ્ત્રીપુરૂષ તેમના પંથમાં છે. આ વિચારથી મારી કેટલીક બેનો જરા જૂદાં પડ્યાં છે; અને પોતાને ( Free Christian Scientists ) **ફ્રી ક્રિશ્ચિયન સાયન્ટીસ્ટસ** નામથી ઓળખાવેછે, આગલા મતસાથે એમાં વિશેષતા એટલી છે કે, પરમાત્માના ધ્યાનથી રોગાદિ મટે અને જે જોઇએ તે મળે, પણ જો "સદ્ગુણ હોય તો" આ ઉત્તમ ભેદવાળી એક બાઈ મિસિસ એડીના ઉપર આજ પંદર વર્ષ થયાં એટલો ભાવ રાખેછે કે તેને અસાધ્ય રોગ હતો તે મટી ગયો, એટલુંજ નહીં પણ તેમના આખા શરીરના પરમાણુ એવીજ રીતે બહુજ **મિસિસ એડિની** છબીનું રાતદિવસ ધ્યાન કરવાથી બદલાઇ ગયાં કે લોકો તેને મિસિસ એડિ કહેછે. કારણ કે તેના શરીરનો વર્ણ તેમના સદ્વર્તન સાથે તેના જેવોજ થઇ ગયો.

**મિસિસ** મેરી **એડિના** લેખમાં પણ સદ્વર્તન છે, પણ ખુલ્લો ઉપદેશ એટલો દેખાતો નથી કે જેટલો આ તેમના પંથના ફાંટામાં દેખાય છે. આ બેન નિરંતર તેની છબી જોઇ તેણીનાં લખાણો વાંચી નિરોગી થઇ ને તે ધ્યાનથી તેના શરીરનો ઘણે ભાગે આકાર પણ ધ્યેયના જેવોજ થયો, તો પછી તિર્થંકરના ધ્યાન કરનારને, તેમના લેખો વાંચનારને શા શા લાભ શક્ય નથી?

સૂર્ય દિવસનો પ્રકાશ કરેછે, પણ રાત્રિયે નહીં; ચંદ્ર એક પક્ષમાં પ્રકાશ કરેછે, પણ બીજા પક્ષની રાત્રિમાં નહીં; પરન્તુ આત્મા તો દિવસે વા રાત્રિયે, લોકમાં અથવા અલોકમાં, સર્વ સ્થળે પ્રકાશિત રહી, ત્રણે લોકના સર્વ ભાવોને યથાર્થ દેખાડી આપેછે.

સંસાર અવસ્થા એ રાત્રિરૂપ જણાય છે, તેમાં અશુભ પ્રવર્તન એ અંધારી રાત્રિ જેવું લાગે છે, અને શુભ પ્રવર્તન એ અજવાળી રાત્રિ જેવું લાગે છે. સંસારથી રહિતપણું એટલે સાધુ, ઉપાધ્યાય, કે આચાર્યની અવસ્થા, એ દિવસના પ્રકાશ જેવી લાગે છે, પરન્તુ ધ્યાન અવસ્થાતો રાત્રિએ અને દિવસે કેવળ પ્રકાશમયજ એટલે ન આથમે એવા સૂર્યપ્રકાશ જેવી ભાસેછે. અને તે અવસ્થા ધ્યાનદ્વારાએજ વસ્તુ સકળના સાક્ષાત્કારરૂપ અપરોક્ષ જ્ઞાનવાળી થાયછે.

સાક્ષાત્કાર કે અપરોક્ષ જ્ઞાનનું એક સ્વરૂપ આવું હોયછે. જેમ પૃથ્વીપર અજવાળું કે દિવસ, અને અંધારૂં કે રાત્રિ હોય છે, તેમ નહીં. પણ સૂર્યમાં અજવાળું અને અંધારૂં ઉભય નથી પણ એકાંત પ્રકાશજ છે. તેમ આત્મા જ્ઞાનમયજ દીસે છે; એ જાણવું ન જાણવું એમ નહીં, પણ એકાંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદરૂપ, સાદિ અનંત, અગુરૂલઘુ જે અનુભવાય તેજ આત્મતત્વ, અને જ્ઞાનદર્શનાદિ એનાંજ બીજાં સ્વરૂપો. જેમ એકજ માણસ બાપ, દીકરો આદિક હોય શકે? તેમ એકજ આત્મા-જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ આદિ હોઈ શકે.

પોતાના આત્માને પરમાત્માસાથે અભેદપણે કેમ ધ્યાયવો ?

**त्रिकालविषयं साक्षा–च्छक्तिव्यक्तिविवक्षया ।**
**सामान्येन नयेनैकं, परमात्मानमामनेत् ॥ २१ ॥**

**અર્થ:**—શક્તિ અને વ્યક્તિની વિવક્ષાથીજ માત્ર ભિન્ન જ-ણાતા, પરન્તુ સામાન્ય દ્રવ્યાર્થિક નયના મતથી અભેદરૂપ એવા એક પરમાત્મા જે ત્રણેકાળે પોતાની સાથે એકજરૂપે છે તેને ધ્યાવવા.

**વિવેચન:**—સંસારી આત્મા અને મુક્ત આત્માએ બન્નેમાં સમાન ગુણો છે. એકના શક્તિરૂપ એટલે છદ્મ (છૂપા) છે, અને બીજાના વ્યક્તિરૂપ એટલે પ્રગટ છે. માટે સામાન્યનયની અપેક્ષાથી ત્રણે કાળે એકરૂપ રહેનાર આત્મા પરમાત્માની સત્તા એક હોવાથી આત્માને અભેદભાવે ધ્યાયી શકાય; અથવા અભેદભાવે ધ્યાવતાં એટલે આત્મા, પરમાત્મા એમ વિવેચન ન કરતાં સંસાર અવસ્થામાં શક્તિરૂપ પરમાત્મા, અને મુક્ત અવસ્થામાં વ્યક્તિરૂપ પરમાત્મા, એમ એકજ પરમાત્મતત્વને ધ્યાવવું. પોતાને સંસાર અવસ્થામાં શક્તિરૂપે એટલે છદ્મરીતે પરમાત્મા છે એમજ માનવું.

જીવ જે અશુભ ક્રિયા આદિ કરેછે, એટલે અસત્યાદિ દુર્ગુણ સેવેછે, કે આર્તાદિ દૂર્ધ્યાન કરેછે. તે, લોકો કહેછે કે, સહેલા છે. પરન્તુ મારા માનવ બાંધવો, અસત્ય સહેલું નથી, દૂર્ધ્યાન કરવું સહેલું નથી તે જુઓ આપને દેખાડું !

સત્ય બોલવું હોય તો તેને જેવું સાંભળ્યું, જોયું હોય તેવુંજ કહે-

વામાં કંઇપણ ઉમેરવાની—ઓછું કરવાની જરાપણ તસ્દી લેવી પડતી નથી. પરન્તુ અસત્ય બોલતી વખતે એટલે હોય કંઈ ને કહેવું કંઈ, માટે મનમાં ગોઠવણ કરવાના શ્રમમાં ઉતરવું પડે અને તેવું વચનનું કુરૂપ અંદર ઘડાયું કે પછી બોલાય. માટે **લાલન** તો એમ કહેછે કે **સત્ય બોલવામાં** કંઈ શ્રમ નથી, કંઇપણ સાચી ખોટી ગોઠવણ કરવી પડતી નથી. મનને ભાંજગડમાં બિલકુલ ઉતરવું પડતું નથી. સત્ય બોલવું એટલે જીવ જેવું જાણેછે તેવુંજ કહેવામાં જીવને શ્રમ નથી, જેવું તે જાણેછે, તેનું સુંદરરૂપ મનમાં સરળતાથી વિચારી શકેછે અને વચનમાં વદી શકે છે, માટે કહો કે સત્ય, તેમજ શુભધ્યાન એજ સહેલી શ્રેણી જેવાં છે. અને અસત્ય વદવું અને દુર્ધ્યાન કરવું સેહેલું નથી. વિચારશો તો સત્યજ સારૂં, સેહેલું અને શુભ ફળદાઈ લાગશે.

વળી અસત્ય બોલવામાં જીવને —જાણે પાછલે પગે દાદરપરથી ઉતરવું હોય–કે ચાલવું પડતું હોય તેવું લાગેછે. કદાચ ટેવવથી સહેલુ લાગતું હશે, પરન્તુ વસ્તુતઃ સહેલું નથી કારણ કે જે દોરડાથી—અસત્ય બોલી નીચે અજાણતાં પણ ઉતરી પડેછે, તે દોરડું બોલ્યા પહેલાં ખોટી ગોઠવણ કરવાની ટેવને લીધે ગુંચવાએલું છે, તે ઠેકાણે પોતાના પગમાં એ મનરૂપ ગુંચવાએલું દોરડું આવ્યાથી ઠેબાં ખાયછે. માટે આવા પુરૂષનું મન અશાંત હોયછે, પરન્તુ સત્ય બોલવામાં એટલે જેવું જાણ્યું તેવું બોલવામાં વચનની શ્રેણી ( Lift ) પર ચડવામાં મનરૂપી દોરડું સીધું, શાંત છે અને ઉપર ચડવામાં તેથી સુગમતા રહે છે. માટે **લાલન** એમ કહેછે કેઃ—આ મનુષ્યભવ અલબત તે દેવતાને

દુર્લભ, દુર્લભ વળી તિર્યંચને-પણ આપણને મળ્યો માટે સુલભ અને તેમાં સદ્દગુણો પ્રમાણે વર્તન કરવાં એ વિમાનમાં ચડવા જેવું સુંદર, આલ્હાદક ને સરળ છે. અને દુર્ગુણ પ્રમાણે વર્તન કરવું એ અસ્વાભાવિક હોવાથી મહાકષ્ટ અને દુઃખકારક છે, અને ભાંગતા જતા દાદર કે રસ્તામાં ઠેબાતા, ઠેબાતા ઉતરવા જેવું છે.

અલબત્ત વ્યવહારમાં ચડવું કઠિણ અને ઉત્તરવું સહેલું લાગતું હોય, કારણ કે ડુંગર ચડતાં હાંફ ચડે છે, અને ઉતરતાં એટલું થતું નથી, પરન્તુ **પરમાર્થમાં** તેમ નથી, તેમાં ચડવું સહેલું ને ઉતરવું કઠિણ છે, કારણ કે જેથી ચડાય છે તે શ્રેણી[1] (lift) વિમાનજેવી હોય છે, ને જેથી ઉતરાય છે તે ભાંગેલા દાદરનાં પગથીઆં[2] જેવી છે. સદ્દગુણમાં ચડવાને પગથીઆંવાળી સીડી હોય નહિ પણ સરળ શ્રેણી (Lift) હોય એમ અનુભવાય છે.

**બાહુબલિની** બાહુમાં જે બળ છે, **અભયકુમારના** મસ્તિકમાં જે બુદ્ધિ છે, **શ્રીમહાવીરના** અંતઃકરણમાં જે દયા છે, અને **હેમચંદ્રની** કવિતામાં જે માધુર્ય છે, તેજ સામર્થ્ય તારામાં છે, તેઓમાં વ્યક્તિરૂપે અને તારામાં શક્તિરૂપે છે, માટે ધ્યાનની કળાથી તેને તું વ્યક્તિરૂપ કર. બીજા દાદરો તો પગથીએ પગથીએ તને ચડાવશે પણ શુભધ્યાન અને શુભપરિણામ તો ઉપશમક્ષપણક શ્રેણી જેવા ( Elevater ) છે.

**ટિપ્પણઃ**—ધીરજ રાખી, શાંત રહી, હું કોણ? એવો પ્રશ્ન પોતાને કરવો. એટલે અંદર હું કોણ એવું બોલવાને પ્રેરતું કંઈ

---

૧ ચડતા પરિણામવાળી હોવાથી. ૨ વ્રતાદિ લઈ પછી ભાંગતા હોયની તેવા.

જણાશે, અને એ પ્રેરનારમાં હું બુદ્ધિ થઈ, એટલે આ દેહ, ઇંદ્રિયો, એ હુંથી જૂદા હાલતા ચાલતા હથિયારો જણાશે. પછી એ પ્રેરણાથી શરીરયંત્ર ચાલતું દેખાય, તે અનાદિકાળના કર્મનો ધૂમાડો, સ્ટીમ (steam) વરાળ છે અને જેમ વરાળને જોરે સાંચો ચાલે તેમ આ શરીરરૂપ સંચો–ફેક્ટરી (factory) ચાલતી જણાશે. પરન્તુ વરાળ હું નથી, પરન્તુ હું તો એ વરાળને, તેમજ આ શરીર ફેક્ટરીના ચાલતા સંચાને, તેમજ આ પિસ્ટનરૂપ ફરતી ઇંદ્રિયોને હવેથી, જોનાર છું. એમ થયું કે આ ફેક્ટરીમાં ભૂલથી બંધાઈ ગએલો જીવ કાંઈ **અલગ** છે, અંદર છે, શાન્ત છે, એમ જણાશે. અને દ્રશ્ય એવી વસ્તુસાથે એકમેક થયો છે, તેમાંથી છૂટતાં પોતાના ખરા સ્વરૂપની **ક્ષણવારમાં** ઝાંખી થશે.

હું કોણ? એવો પ્રશ્ન કરવો અને પછી જરા વિશેષ સ્થિર થઇ જોવું કે મારામાં રહી હું કોણ એવો પ્રશ્ન કોણે કર્યો? પછી એ પણ પ્રશ્ન કોણે કર્યો? એની તપાસ કરવાને કોણ ઉદ્યમવંત જણાય છે? આમ કરતાં **સહજ**માત્ર જે જણાઇ આવે તેજ **તું.**

બહાર, કરોડ ભવસુધી શોધો તોપણ કસ્તુરી મૃગની માફક તમને તે મળશેજ નહીં એવું, અને અંતરમાં ક્ષણમાંજ મળે એવું **આ**ત્મતત્વ છે.

વિશેષ—બહાર થતી "શુભ" ક્રિયા ઉપર પણ હું શું કરૂં છું? એ કોણે ક્રિયા કરી? એવો પ્રશ્ન થતાંજ **કર્તા** મળી આવેછે, અને એ કર્તા કોણ? શુભકર્મ. શુભકર્મ કોના **આ**ત્માનાં પરિણામ? આમપણ સક્રિય આત્મતત્વ માલમ પડશે. પણ

તેમાં શાથી ક્રિયા કરી ? જેથી કરી તે સાધન હું નથી, એમ થતાંજ અનુભવ થશે-માટે **અંતર્ભાવથી ક્ષણમાંજ ગ્રહી શકાય** એવો આત્મા, તે તુંજ એમ આ શ્લોકમાં વર્ણવ્યું છે.

હવે પરમાત્મરૂપ ધ્યેયનું સ્વરૂપ વિસ્તારથી કહે છે.

साकारं निर्गताकारं, निष्क्रियं परमाक्षरम् ।
निर्विकल्पं च निःकंपं, नित्यमानंदमंदिरम् ॥ २२ ॥
विश्वरूपमविज्ञात–स्वरूपं सर्वदोदितम् ।
कृतकृत्यं शिवं शांतं, निष्कलं करणच्युतम् ॥ २३ ॥
निःशेषभवसंभूत–क्लेशद्रुमहुताशनम् ।
शुद्धमत्यंतनिर्लेपं, ज्ञानराज्ये प्रतिष्ठितम् ॥ २४ ॥
विशुद्धादर्शसंक्रांत–प्रतिबिंबसमप्रभम् ।
ज्योतिर्मयं महावीर्यं, परिपूर्णं पुरातनम् ॥ २५ ॥
विशुद्धाष्टगुणोपेतं, निर्द्वंद्वं निर्गतामयम् ।
अप्रमेयं परिच्छिन्न–विश्वतत्वव्यवस्थितम् ॥ २६ ॥
यदग्राह्यं बहिर्भावै–र्ग्राह्यं चांतर्मुखैः क्षणात् ।
तत्स्वभावात्मकं साक्षात् स्वरूपं परमात्मनः ॥ २७ ॥

**અર્થ:**—આકારે સહિત, આકારે રહિત, અક્રિય, પરમ અક્ષરરૂપ, નિર્વિકલ્પ, નિઃકંપ, નિત્ય અને આનન્દના મંદિરરૂપ પરમાત્મા છે. ॥ ૨૨ ॥

વિશ્વરૂપ છે, મિથ્યાદષ્ટિથી જેનું સ્વરૂપ જણાતું નથી, સદા-

કાળ ઉદયરૂપ છે, કૃતકૃત્ય છે ( અર્થાત્ કશું કરવાનું બાકી રહેલું નથી ) શિવ એટલે કલ્યાણરૂપ છે, શાંત એટલે ક્ષોભ-રહિત છે, નિષ્કલ એટલે શરીરરહિત છે, ઇંદ્રિયોવિનાના છે ॥૨૩॥

સમસ્ત ભવોમાં ઉપજેલાં કલેશરૂપ વૃક્ષોને ( બાળવામાં ) અગ્નિસમાન છે, કર્મમળથી રહિત હોવાથી શુદ્ધ છે, અત્યંત નિર્લેપ છે, અને જ્ઞાનનું ચક્રવર્તિ રાજ્ય જેનેવિષે સ્થાપિત છે ॥૨૪॥

નિર્મળ આરિસામાં પ્રતિબિંબસમાન જેની પ્રભા છે, જ્યોતિર્મય ( જ્ઞાનપ્રકાશરૂપ ) છે, મહાશક્તિવાન છે, પરિપૂર્ણ છે અને પુરાતન પણ છે. ॥ ૨૫ ॥

નિર્મળ આઠ ગુણોએ કરીને સહિત છે, નિર્દ્વંદ્વ એટલે રાગ-દ્વેષરહિત છે, રોગરહિત છે, અપ્રમેય એટલે જેનું પ્રમાણ ન કાઢી શકાય, એવા અનુપમ છે, જૂદાં જૂદાં વિશ્વતત્વની વ્યવસ્થા જેણે જાણી છે ॥ ૨૬ ॥

બાહ્યભાવથી જે ગ્રહણ થઈ શકતા નથી. જે અંતર્ભાવથી ક્ષણમાં ગ્રહી શકાય છે એવું પરમાત્માનું સાક્ષાત્ સ્વરૂપ સ્વભાવથીજ છે. તેનું ધ્યાન કરવું કારણ કે એજ પરમધ્યેયરૂપ છે॥૨૭॥

**વિવેચનઃ**—આ, પરમાત્માનું ધ્યેય સ્વરૂપ કહ્યું. તેના પ્રત્યેક વિશેષણપર મનન કરી ધ્યાનમાં પ્રવેશ કરવો કે જેથી, ધ્યાનમાં એકાગ્રતા થઈ, અનુભવ સહજ થઈ શકે.

આત્માને આટલાં વિશેષણો શ્લોક ૨૩ થી તે ૨૭ સુધીમાં આપ્યાં છે, તે પ્રત્યેક વિશેષણપર અનુપ્રેક્ષણ કરી (મનન કરી) પોતામાં લાગુ પાડવા ધ્યાન કરવું. અહીં સહજ તેમ કરી દેખાડવા **લાલન** યત્ન કરે છે.

**साकारं निर्गताकारं, निष्क्रियं परमाक्षरम् ।**
**निर्विकल्पं च निःकंपं, नित्यमानन्दमंदिरम् ॥**

**साकारः**—આત્મા સાકારરૂપ છે કારણ કે જ્ઞાન સાકારોપયોગવંત છે, પદાર્થોના અશેષ ( સમસ્ત ) વિષયોને જાણે છે, અને વિશેષો સાકાર છે, માટે જ્ઞાન પણ સાકાર થાય છે અને જ્ઞાન છે એજ પોતે છે. ( કંઈ જ્ઞેય પોતે નથી. )

**निर्गताकारः**—એટલે આત્મા નિર્ગત આકાર એટલે નિરાકારરૂપ છે. કારણ કે, સામાન્યોપયોગરૂપ છે. વસ્તુમાં રહેલા સામાન્યના દ્રષ્ટા છે. ( આમ વિશેષ અને સામાન્ય ઉપયોગ ઉભય આત્મા છે એટલે જ્ઞાન, દર્શનરૂપ છે.[1] )

**निष्क्रियंः**—આત્મા નિષ્ક્રિય છે. ત્યારે આ **લાલન**નો હાથ કલમ પકડીને નિષ્ક્રિય શબ્દની વ્યાખ્યા લખે છે, તે છતાં નિ-

---

૧ વીંટી, સાંકળી, કંદોરો એ અલંકારો તે **વિશેષ, અને તે** બધામાં વ્યાપ્ત એવું સુવર્ણ તે **સામાન્ય.** હેમચંદ, તારાચંદ, દીપચંદ, લાલચંદ એ **વિશેષ્ય** ને મનુષ્ય તે **સામાન્ય.**

પરન્તુ હેમચંદ એ સામાન્ય પણ હોઈ શકે ત્યારે **વિશેષઃ**—જામનગરનો, ચાર વર્ષનો, વિઠ્ઠલજીનો પુત્ર એમ હોય છે.

માટે આત્માને એક જાણનાર—દેખનાર એટલે વસ્તુના વિશેષ જાણનાર અને સામાન્ય રૂપો દેખનાર, જેમ-આ દીવો ટેબલપર છે, તે **લાલન**ને સમગ્ર દેખી રહ્યો છે ( દર્શન ) તેમજ **લાલન**ની અનેક ક્રિયા પણ જાણી રહ્યો છે, ( જ્ઞાન ) આમ જે તત્વ, મન્વાદિમાં દેખે છે ને જાણે છે, તે આત્મા. પરન્તુ જે જણાય કે દેખાય છે તે, જ્ઞેય કે દૃશ્ય છે તે, તે નહીં.

ષ્ક્રિય કેમ કહેવાય? માટે વાચક આંધવો ચાલો, આત્મા નિષ્ક્રય છે તેની તપાસ કરિયે. કલમ હાથમાં છે. ને હાથ ચાલે છે, તેથી કલમ અક્ષરો લખે છે, હાથ શાથી ચાલે છે? મન મગજમાં રહી હાથની નસોને પ્રેરે છે. એ પ્રેરણાનું કારણ **લાલન**ને માટે તથા બીજાને માટે ( ઉપદેશ કરૂં ) એવો રાગ છે, એટલે કર્મ છે. જેમ એક ફેક્ટરી એક જીનમાં રહેલી વરાળના બળે ચાલે, તેમાં કાંઈ ઇજિનેર કર્તા થઈ શકે નહીં-ઇજિનેર કર્તા કહેવાયજ નહીં, પરન્તુ વરાળ કહેવાય, પણ જેમ ઈન્જીનમાં વરાળ રાખવી એ ઇજિનેરના સ્વાધીનમાં છે. તેમ કર્મ છે એટલે વરાળ છે ત્યાંસુધી ઇજિનેર તેને કહેવો પડે છે. પરન્તુ વરાળ ન હોય એટલે કર્મજનિત વરાળ ન હોય તો ઈજનેર નથી પણ તે નિષ્ક્રિય છે.

જેમ સૂર્યને દેખી ( તેના સ્વાભાવિક પ્રકાશથી ) કમળ ખીલે, તેમ આત્માને દેખી કર્મપ્રકૃતિઓ ઉછળે. પરન્તુ કર્મપ્રકૃતિ જો ખરી ગઈ તો પછી જેને લીધે શરીરાદિ ફેક્ટરી ચાલતી હતી તે ખપી જઈ આત્મા માત્ર નિજગુણમાં રમણ કરે. પરન્તુ પર એવા નિમિત્તનો ક્ષય થવાથી પરમાં તો અક્રિયજ રહે. કર્મ જડ છે; પરન્તુ એને જીવ સહાય આપવાનું છોડે તોજ તે ક્ષય થાય. નહીં તો તેના નિમિત્તે પોતે સક્રિય કહેવાય. જેથી આ ઇજિનેર મીલ ચલાવે છે; પરન્તુ ચાલે છે તો વરાળથી માટે આત્માએ તો અલગ રહી એવી શરીરાદિ ફેક્ટરી ન ચલાવતાં જ્ઞાનાદિરૂપે સિદ્ધ સ્થિતિમાં રહેવું જોઈએ. જેમ આ ટેબલપર દીવો છે તે કાંઈ **લાલન**ના શરીરને કે હાથને કે કલમને કે કલમમાંથી નીકળતા

અક્ષરોને કંઈ ચલાવતો નથી, પણ તેથી અક્રિય અલગ અલગ રહી જુએ છે, તેમ જીવ પણ તેમાં ભળે નહિ તો સ્વરૂપે પોતાની સ્વાભાવિક **अक्रिय** અવસ્થામાં આવી રહે.

**परमाक्षरं**:—અક્ષરનો અર્થ નાશ ન થાય તેવું. પરન્તુ અક્ષર અક્ષરમાં પણ ભેદ છે, એક વર્ષ કે સો વર્ષ, પૂર્વ પૂર્વ વર્ષના આયુષ્ય આગળ ક્ષર એટલે નાશવંત લાગે કારણ કે પૂર્વની અપેક્ષાએ વર્ષો સેકન્ડ જેવડાં પણ નથી. પરન્તુ એવા પૂર્વો પણ અક્ષર નથી, ક્ષર છે કારણ કે તે ખૂટી જાય છે. પરન્તુ આ સઘળા કાળમાં કાળદ્રવ્ય પોતે અક્ષર છે, તેમ ધર્માસ્તિકાય, આકાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અક્ષર છે, પરન્તુ તેમનાં પર્યાય થતાં તેમની ક્ષરતા કહેવાય છે, તો જે દ્રવ્યરૂપે અક્ષર એવા જીવ પણ મનુષ્યાદિ પર્યાય પામી ક્ષરતા પામે છે. પરન્તુ જ્યારે પરમાત્મ અવસ્થા કે, સિદ્ધ અવસ્થાને પામે છે, તો પછી બીજાં દ્રવ્ય દ્રવ્યરૂપે અક્ષર રહેવા છતાં પર્યાયરૂપ હમેશ ક્ષર રહેવાના. તેમ આ પરમાત્મદશા પામ્યા પછી, કોઈ કાળે પણ મનુષ્યાદિ પર્યાયરૂપ થઈ ક્ષરતા પામતો નથી, માટે તે **પરમાક્ષર**રૂપ છે.

પ્રકૃતિ પ્રલયકાળમાં સર્વે પર્યાય છોડી એકરસરૂપ દ્રવ્યપણે હોય છે છતાં એ શાંતિ, પછી તેમાં રજ, તમ, સત્ત્વાપત્તિથી પાછી પર્યાયરૂપે ક્ષયવતી થાય છે. પરન્તુ આ ત્રિગુણાતીત આત્મા સિદ્ધ સ્થિતિ પામ્યા પછી કોઈ કાળે મનુષ્યાદિ પર્યાય પામી ક્ષર થતો નથી માટે તે પરમાક્ષર છે The–most unchangeable છે.

**निर्विकल्पं**:–વિકલ્પ મનાદિના ધર્મ છે, એ વિકલ્પો રાગાદિથી ઉઠે માટે રાગાદિનો ધ્વંસ થતાં ચિત્તમાં વિકલ્પો ઉઠતા હતા તે-

પણ વિલય પામેછે અને એવા નિર્વિકલ્પ ચિત્તમાંજ આ લૌ-કાલોક ભાસ્કરનો પૂર્ણોદય જણાઈ આવેછે.

**निःकम्पंः**—એટલે નહીં હાલવું ચાલવું. હાલવા ચાલવાની ક્રિયા-વગરનું. કારણ કે મોહિનીનો પૂર્ણ પૂર્ણ ઉચ્છેદ બારમા ગુણ-સ્થાનકે થઈ ગયો છે, એટલે મોહાદિના સેવકો જે સકામ ક્રિયા કરતા હતા તેનો પણ ઉચ્છેદ થવા લાગે છે એટલે પૂર્વ પ્રયો-ગથી, જેવી ક્રિયા થાય તેવી ક્રિયા અવ્યાપકપણે થવા લાગી અને તેને લીધેજ "અખંડ આ **સ્થિર** જ્યોતિમાં નથી થાતું નથી જાતું" એમ આ અવસ્થામાં અનુભવાય છે.

**नित्यम्ः**—દેહાદિ હતાં, ત્યાંસુધી સૂર્યની ગતિવડે પોતાનાં વર્ષ માપતો, અને એ બિચારા સૂર્યોએ તેમનાં વર્ષોની ઘણા કાળસુધી નોકરી કરી, તેમનાં મ્હોટા મ્હોટા પૂર્વનાં આયુષ્ય ગણ્યાં. પ-રન્તુ વારંવાર જતાં આવતાં પુદ્ગલ એ હું નહીં, પરંતુ તેમાં રહેલો શાશ્વત જીવ તે જ હું એમ અનુભવ થયો કે દેહાદિ નિરસ-પણે રહ્યાથી દેહાદિ ક્ષય પામી, ચરમ શરીર પણ ક્ષય પામી, **સાદિઅનંતપણે** શાશ્વત રહેછે માટે **नित्यम्.**

**आनन्दमंदिरमः**—જેમ પૃથ્વીમાં રાત અને દહાડો, તેમ દેહ-ભાવમાં સુખ દુઃખ, પરંતુ જેમ સૂર્યમાં રાતદહાડો નહીં પણ કે-વળ પ્રકાશ, તેમ **આત્મભાવમાં** સુખદુઃખ નહીં, પણ કેવળ અવ્યાબાધ (જે કોઈ દિવસ જવાનું નથી) તેવું સુખ, માટે **आनन्दमंदिरं.**

विश्वरूपमविज्ञात–स्वरूपं सर्वदोदितम् ।
कृतकृत्यं शिवं शान्तं निष्कलं करणच्युतं ॥

**विश्वरूपम्ः**—જ્ઞાન, લોકાલોકમાં પ્રકાશી રહ્યું છે, માટે વિશ્વરૂપ છે અને જ્ઞાન એજ પરમાત્મતત્વ છે.

**अविज्ञातस्वरूपम्ः**—અજ્ઞાનથી, બહિરાત્મથી એ સ્વરૂપ જ-ણાતું નથી, દેખાતું નથી,–આસ્વાદાતું નથી–અનુભવાતું નથી–વે-દાતું નથી–ગ્રહતાતું નથી– આલિંગાતું નથી. તેમાં કંઈ આ કારણ નથી કે જ્ઞાનના પ્રકાશમાં કંઈ ન્યૂનતા છે. એવો પરિપૂર્ણ પ્રકા-શિત છે; પરંતુ તેના તેજમાં મિથ્યાત્વાત્મા—બહિરાત્મા–અજ્ઞા-નાત્મા–વિષયાનંદી, પુદ્ગલાનંદી, આત્મા ઘુવડની પેઠે અંજાઈ જા-યછે. અને આતો સત્ય છે કે, વસ્તુ વસ્તુરૂપે નહીં દેખાવામાં બે કારણો હોય છે. એક તો પ્રકાશમાં ન્યૂનતા, અને બીજું પ્ર-કાશનું અતિશયપણું. તેમાં પરમાત્મપ્રકાશ, તો લોકાલોક પ્રકાશ છે. એમ પૂર્વના વિશ્વરૂપ વિશેષણથી કહ્યું, અને તે સર્વદા ઉ-દય પામેલુંજ છે. એ ઉત્તર વિશેષણથી કહેશે. માટે પ્રકાશની ન્યૂનતા નથી, પરંતુ અધિકતાથી અજ્ઞાન–બહિરાત્મારૂપી ઘૂવડ તેને દેખી–જાણી–ગ્રહી–આસ્વાદિ–અનુભવી શકતું નથી, એવું પરમાત્મતત્વ છે.

**सर्वेदोदितम्ः**—સર્વદા ઉદય પામેલું પરમાત્મતત્વ છે, અં-ધારી રાત્રિએ જેમ ન દેખાય તેમ મિથ્યાત્વથી ન દેખાય; પરંતુ અંધારી તારવાળી રાતે જેમ ઝાંખુઝાંખું દેખાય, તેમ માર્ગાનુ-સારીના ગુણોમાં પ્રવેશ કરતાં પ્રાણીથી ઝાંખું દેખાય. તથાપિ જેમ મધ્યાન્હે વસ્તુરૂપે વસ્તુ દેખાય, તેમ અંતરાત્મથી નિશ્ચ-યસમ્યક્ત્વવાળા પ્રાણીથી દેખાય, જેમ બહિરાત્મ ઘુવડ પરમા-ત્મપ્રકાશને દેખતું નથી, તેમ અંતરાત્મરૂપી ચક્રવાક lark પર-

માત્મપ્રકાશને દેખતો-તેના ગુણગાન કરતો વિલસે છે, કારણકે એ અંતરાત્મરૂપી ચક્રવાક પરમાત્મપ્રકાશથી અંજાતું નથી; પરંતુ તેમની સત્ય-ખરી-મજબૂત-આંખ તેને સારી રીતે જોઈ શકે છે એવું પરમાત્મતત્વ છે.

વળી તારાનો પ્રકાશ અજવાળી રાતે અસ્તપ્રાય થાયછે, ચંદ્રનો પ્રકાશ દિવસના અસ્તપ્રાય થાય છે, અને બિચારો સૂર્ય પણ રાતના અસ્ત થાય છે; પરંતુ આ **પરમાત્મારૂપી** સૂર્યનો સૂર્ય, અંતરાત્મારૂપી ભૂમંડળમાં, ક્ષાયક સમ્યક્ત્વરૂપી જીવન્મુક્ત ક્ષેત્રમાં કે માહાવિદેહ ક્ષેત્રમાં એવો તો ઉદય પામે છે, કે ઉદય થયો ત્યાંથી માંડીને અનંતકાળસુધી હમેશાં તેવોજ ઉદય પામેલોજ રહેછે. માટેજ શાસ્ત્ર તેને **સાદિઅનંતભાગે** ઉગતો એમ કહે છે. અને જ્યારે આ સૂર્યનો સૂર્ય ઉદય પામ્યો કે તારાવાળી રાત્રિનો, ચંદ્રવાળી રાત્રિનો, અને રાતે અસ્ત પામતા મધ્યાન્હ સૂર્યનો પણ આ પ્રકાશના ઝળઝળાટમાં અસ્ત હોય છે. એવું સર્વદા ઉદય પામેલું પરમાત્મતત્વ છે.

**कृतकृत्यं:**—**કૃત્ય** એટલે કરવા યોગ્ય અને **કૃત** એટલે કર્યું. કરવા યોગ્ય કે જે કાંઈ કરવાનું હતું તે જેણે કર્યું તે **કૃતકૃત્ય** કહેવાય. જ્યારે આપણે કોઈ કાર્ય ફતેહમંદ કરવું હોય, ત્યારેજ આપણે તેમાં પ્રવૃતિ કરિયે છીએ. અને કેટલાક કાળે તેની સિદ્ધિપણ થાયછે. પરંતુ સઘળાં કાર્યોનો સઘળાં સુખોનો સમાવેશ એક મોક્ષના અનંત સુખમાં-અનંત આનંદમાં-થઈ જાય છે. એ મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યનું કાર્ય એટલે સિદ્ધિપદ પ્રાપ્તિરૂપ કાર્યનું કાર્ય જેણે

સાધ્યું તેજ ખરેખરો कृतकृत्य છે. અને એ કૃતકૃત્ય તેજ પરમાત્મત્વ છે.

**शिवंः**—પરમસુખરૂપ, જેમાં દુઃખનો અંશ નથી. જેમ ભૂમિપર રાતદિવસ હોય, અંધારૂં અજવાળું હોય, તેમ પરમાત્મસિવાયની સર્વ અવસ્થામાં સુખદુઃખ હોય, પરંતુ જેમ સૂર્યમાં રાત્રિદિવસ નહીં, અજવાળું અંધારૂં નહીં, પરંતુ કેવળ પ્રકાશજ હોય, તેમ પરમાત્મત્વમાં કેવળ સુખજ અવ્યાબાધ સુખજ–અનંત આનંદજ હોય–માટે પરમાત્મતત્વ તેજ **શિવરૂપ** છે.

**शान्तंः**—જ્યાંસુધી પરમાત્મતત્વની ઝાંખી પણ થઈ નથી, ત્યાંસુધી બાહ્યપ્રવૃત્તિ રહી, અશાંત, અશાંત, અશાંત જીવ રહેછે. પરંતુ જ્યારે ચોથા ગુણસ્થાનકે—સમ્યક્ત્વ ગુણસ્થાનકે–તેને ઝાંખી થાયછે, એટલે એ **પરમશાન્તપદ**ને પામવા બાહ્યપ્રકૃતિ ઘટાડી એટલે દેશવૃત્તિ થઈ અંતર પ્રવૃત્તિ કરી, કંઈ શાન્તતા પ્રાપ્ત કરેછે. પરંતુ એ પરમ શાન્તતાના અભિલાષી દેશવૃત્તિ ધરી, બાહ્યપ્રવૃત્તિની ઓછાશથી અંતઃપ્રવૃત્તિ વિશેષ કરવા સર્વ બાહ્યપ્રવૃત્તિ દૂર કરી સંપૂર્ણ અંતઃપ્રવૃત્તિ કરે છે કે, આ **પરમશાન્તપદ** પોતાને પ્રાપ્ત થાય છે. જેવું **શાન્તપદ** પરમાત્માનું છે, તેવુંજ શાન્તપદ આ અંતરાત્મામાં અનુભવાય છે.

૧ **આ શાન્તદશાની** લહેકી પણ જે ધ્યાનીના હૃદયમંડળમાં વાય છે, તેમને પણ મોટા ચક્રવર્તિના કરતાં **વિશેષ** સુખ અનુભવાય છે.

જ્યારે કોઈ અજાણી અને નવી ઉમદા ચીજ પોતાના દેશમાં આવેછે, ત્યારે તેનું મૂલ્ય ઘણુંજ થાય છે. એવું સંભળાય છે કે;

કેટલાક વર્ષ ઉપર અમદાવાદમાં પ્રથમજ કારેલાંનું શાક આવ્યું. અને એક શેર કારેલાના એક ગૃહસ્થે રૂ. ૫૦૦ આપ્યા. તેમ આ શાંતિની જરાસરખી લ્હેરકી પણ જેને આવી છે, તેને માલૂમ હોશે કે ચક્રવર્તિનું રાજ્યપણ આ શાન્તિના જરાસરખા સુખની સાથે કંઈ હિસાબમાં નથી. કારણ કે તે અપૂર્વ અને અનુપમ છે.

**निष्कलंः—कल** એટલે શરીર, અને **निः** એટલે નહીં, રહિત. એ પરમાત્મતત્વ (કેવલી તિર્થંકર અવસ્થામાં ભાવથી શરીરરહિત હોય છે, ને સિદ્ધ અવસ્થામાં દ્રવ્યથી શરીરરહિત હોય છે) શરીરરહિત એવું છે, કારણ કે શરીરરૂપ અંધીખાનાની દુઃખોની શાળા છે, એ શરીરસહિત ચક્રવર્ત્તિ રાજ્ય મળે કે ઇંદ્રપણું મળે તોપણ આધિ ઉપાધિ જાય નહીં. પરંતુ આ પદ ચક્રવર્તિ, ઇંદ્રાદિને વંદ્ય એવું પણ તે અશરીરિ છે એટલે શરીરરૂપ કેદખાનામાંથી મુક્ત છે. મોહરાજરૂપી જેલરની આણમાંથી સર્વથા મુક્ત થઈ, સ્વસત્તાક મુક્તિરાજ ful Liberated laud માં બિરાજે છે, એવું પરમાત્મતત્વ છે.

**करणच्युतः**—ઇંદ્રિયો રહિત છે, એટલે કે ઇંદ્રિયોના વિષયોથી પણ રહિત છે. જેમ લીંટ, વિષ્ટાપર બેસનારી માખી દુઃખને સુખ માને, તેમ ઇંદ્રિયોના વિષ્ટારૂપ વિષયોમાં જે જીવ સુખ માનતો હતો તે વિષયોને ઇંદ્રિયોએ ત્યાગ કર્યા.

ઇંદ્રિયો જ્યાંસુધી છે, અને તેથી જ્યાંસુધી વિષયો સેવાય છે, તે વિષયો સેવતાં નથી, પરંતુ વિષ (ઝેર) સેવાય છે. અને એ

ઝેર ખાવાથી આપણે આત્મઘાત કરી વારંવાર જન્મમરણ પ્રાપ્ત કરિયે છિયે.

વળી ઇંદ્રિયોરૂપી જાળિયાં, શરીરરૂપ કેદખાનાની ભીંતોમાં છે, ત્યાંસુધી કેદખાનાની બહાર શું છે તેની એમને કાંઈ ખરી ખબર પણ પડતી નથી. પરન્તુ કષાયાદિ દુષ્ટ ચાલને મૂકી દેવાથી એટલે કંઇક (અનંતાનુબંધીની) મસ્તી ઓછી થવાથી દેશવૃત્તિની બેડી સહિતપણ એ કેદખાનામાંથી છૂટી–જરા બહાર આવી જગત્ને, (વસ્તુતત્વને) જૂએછે ત્યારે તેમને એટલુંબધું દેખાય છે કે કંઈ મણાજ નહીં. પરંતુ સર્વ વ્રતી થતાં બેડી તદ્દન કપાઈ જાય છે. ત્યારે તો તેમને શું દેખાઈ રહે છે તે વચનના કળશોમાં સમાતું નથી અને હજી પણ એ સર્વવ્રતી થવાથી છૂટો પણ નજરકેદ જેવો છે. માટે સાતમા ગુણસ્થાનકપર પહોંચ્યો કે તેમને હમેશને માટે મુક્તતા મળી. અગીઆરમા ગુણસ્થાનકથી કદાચ ભૂલે તોપણ પાછો પૂર્વની આવડતથી બહાર નીકળી આવે. માટે ઇંદ્રિયોરૂપી જાળિયાંરૂપી શરીર કેદખાનામાંથી નીકળતાં તેઓ પણ નીકળીજ જાય છે.

નિગોદરૂપી કારાગ્રહમાં આ જાળિયાંપણ નહોતાં. વ્યવહાર રાશિમાં આવતાં એકેંદ્રિમાં એક, બે ઇંદ્રિયમાં બે, તેંદ્રિયોમાં ત્રણ, ચારેંદ્રિયમાં ચાર ને પંચેંદ્રિયમાં પાંચ, એ કેદખાનાનાં જાળિયાં થયાં. માટે ઇંદ્રિયો રહિતજ અર્થાત્ જાળિયાંરૂપ ઇંદ્રિયોમાંથી જોવાનું મૂકી દઈ જે ક્ષાયક સમ્યક્ત્વરૂપ મેદાનમાંથી જોવાનું જુએ છે, તે પરમાત્મતત્વ છે.

અહીં એક ઇંદ્રિયગોચર ઉદાહરણ લઈ સિદ્ધ કરિયે કે ઇંદ્રિય જતાં પણ ખરૂં સુખ આત્મા કેમ ભોગવે?

એક સાકર નો ગાંગડો લો. જીભરૂપ રસેંદ્રિયના જાળિયામાં જોતાં–આસ્વાદતાં સાકર મીઠી લાગેછે. સાકર એ વિષય અને જીભ એ આ ઉદાહરણમાં ઇંદ્રિય છે. પરન્તુ જરા વિચાર કરો કે મીઠું કોણ છે? સાકર કે પોતે? એ મીઠાશની પ્રવૃત્તિ કોનામાં થાય છે? સાકરમાં કે પોતાનામાં? કાં તાવ આવતો હોય ત્યારે સાકર મીઠી નથી લાગતી? આ છેલ્લા દાખલાપરથી, તેમજ મીઠાશ પ્રવૃત્તિ કયાંથી છે તેનો ખ્યાલ કરવાથી માલૂમ પડશે કે મીઠાશતો આપણામાં છે. માત્ર સાકરનામના પદાર્થ મારફતે તે આપણી મીઠાશ ઇંદ્રિયોના પ્યાલામાં પ્રદર્શિત કરિયે છીએ. પરંતુ પોતાનામાંજ રહેલી મીઠાશ, પરિપૂર્ણ મીઠાશ. (અનંત આનંદ, જ્ઞાનરૂપ પુળી અને દર્શનરૂપ દૂધપાકનું જે સુખ) પોતાનામાં ન હોય ત્યારે એવી પ્યાલા કે સાકરરૂપ ચમચાની શી જરૂર છે? મધુબિંદુની માફક ટપક ટપક કરતું એક એક બિંદુપણ મોક્ષપદના પૂર્ણ મધપૂડા જેવું નથી માટે દેહભાવરૂપી કેદખાનામાંથી નીકળે તો સાઠસિત્તેર વર્ષ જેવડી ડાળિયોનાં આયુષ્ય જઈ સાદિરૂપ અનંત અનંત વૃક્ષનાં આયુષ્ય મળશે. મોતરૂપ હાથી તેમને સિંહના સાવક (બચ્ચાં)–**શ્રીવીર** પ્રભુરૂપ કેશરીસિંહ બચ્ચાંને જોઇ ભાગી જશે કે મોતરૂપ હાથી મરી જશે, અર્થાત્ અમર વૃક્ષપણું મળશે. સંસાર કૂપમાંથી નીકળી મોક્ષમેદાનમાં અવાશે. માટે ઇંદ્રિયોથી સુખ છે એમ નહીં પરંતુ સુખતો પોતાનામાંજ છે. એમ સમજી પરપદાર્થમાં સુખની લા-

લસા છોડી આત્મવસ્તુના સુખને આસ્વાદે છે. તે ઇંદ્રિયોની અપેક્ષા રાખતા નથી. એવું પરમ આત્મતત્વ છે.

**निःशेषभवसंभूत–क्लेशद्रुमहुताशनम् ।**
**शुद्धमत्यंतनिर्लेपं, ज्ञानराज्ये प्रतिष्ठितं ॥**

**निःशेषभवसंभूतक्लेशद्रुमहुताशनम्**—અનેક જન્મોજન્મરૂપી ભવોમાં ઉત્પન્ન થએલા કર્મવાસનાનાં વૃક્ષોને એકદમ ભસ્મિભૂત કરનાર અગ્નિ જેવું પરમાત્મતત્વ છે.

ક્લેશો એ દુઃખનું નામ છે, શ્રીમદ્ હરિભદ્ર જેમને માર્ગાનુસારી ગણતા સંભળાય છે, એવા "યોગસૂત્ર"ના કર્તા **પતંજલિ** પણ પાંચ જાતના કલેશો, આ પ્રમાણે કહેછે. **अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पंच क्लेशाः** અર્થાત અવિદ્યા,[1] અસ્મિતા,[2] રાગ, દ્વેષ, ને અભિનિવેશ.[3] પરંતુ આગળ જતાં જેમ **પતંજલિ** મુનિ **પુરુષ** (પરમાત્મા) ની વ્યાખ્યા આવી આપેછે કેઃ-**क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः** કલેશ, કર્મ, વિપાક, અને આશય થકી અસ્પૃષ્ટ એવો પુરૂષ તે પરમાત્મા છે. જે શ્રીમન્ યોગાધિરાજ **શુભચંદ્ર** મહારાજ પણ કહેછે. સમગ્ર કલેશરૂપ વૃક્ષોને બાળી નાખનાર અગ્નિ જેવું પરમાત્મતત્વ છે.

**शुद्धम्**:—દ્રવ્ય કર્મ, અને ભાવકર્મના જવાથી પરમ વિશુદ્ધિ

---

૧ વેદાંતની માયા, યોગની અવિદ્યા, સાંખ્યની પ્રકૃતિ અને જૈનનું કર્મ એ પર્યાય છે. (યોગી બિંદુ.)
૨ અવિદ્યામાં હુંપણાનો અધ્યાસ.
૩ મરણનો ભય.

પામેલું પરમાત્મત્વ તત્વ છે.[1] The supremely pure.[2]

**अत्यंतनिर्लेपः**—સંપૂર્ણ નિર્લેપ, કર્મ મલના સ્પર્શરહિત, કમળના પત્રને જેમ જળ સ્પર્શ કરે નહીં તેમ તિર્થંકરાદિ અવસ્થામાં સંસાર જળમાં દેખાતાં છતાં કેવળ અસ્પર્શવાળું, અને સિદ્ધ અવસ્થામાં એ જળરહિત હોવાથી સમગ્ર નિર્લેપ એવું પરમાત્મતત્વ છે.

**ज्ञानराज्ये प्रतिष्ठितम्**—એ પરમાત્મતત્વજ્ઞાનરૂપી રાજ્યાસનપર બિરાજેલું છે.

રાજા જ્યાંસુધી **અજ્ઞ** હોય. ત્યાંસુધીજ એમ કહેવામાં આવ્યું હશે કે "જગત્ જીવ હે કર્માધિના" પરંતુ રાજા (જીવ) જ્યારે **પ્રજ્ઞ** હોય, ત્યારે તે કર્મ આધીન કેમ કહેવાય? પ્રજાને આધીન રાજા કેમ હોય? પ્રધાનને વશ રાજા કેવી રીતે હોય? પરન્તુ અજ્ઞાન જીવની અપેક્ષાએ એ વચનો હશે, જ્યારે જ્ઞાન થયું એટલે નિશ્ચય સમકિત આવ્યું અને દેશવિરતિપણાની કે સર્વવિરતિપણની સ્થિતિમાં રહેવાયું, ત્યારે આ જાગતો જીવરૂપી રાજા કર્મને આધીન કેમ હોય? જ્યારે જ્ઞાન થયું એટલે જીવે પોતાનું યુવરાજ પદ ઓળખ્યું, ત્યારે "જગત્ કર્મ હે જીવાધીના" એમ કેમ નહીં થાય? અને પૂર્ણ જ્ઞાન એમ કરતાં થયું ત્યારે કર્મનું સૈન્ય કેમ ટકી શકશે? જ્ઞાનના રાજ્યથી એટલે નિશ્ચય સમ્યક્ત્વથી તે છેક તેરમા ગુણઠાણાસુધી જીવને આધીન કર્મ હોવાં ઘટે અને તેરમે ગુણસ્થાનને અંતે અઘાતી ક-

---

૧ **शुद्धः**—द्रव्याश्रावकर्म्मणामभावात् परमशुद्धिसमन्वितः ૨ મણિલાલ નભુભાઈ–સમાધિ શતકના ભાષાન્તરમાં.

ર્મનો ક્ષય થયા પછી કર્મતો નષ્ટજ થાય. એમ છતાં કેવળ જ્ઞાનનુંજ સર્વત્ર રાજ્ય જામી કર્મનો સંપૂર્ણ નાશ થઈ, જે પદ પમાય છે, તેજ પરમાત્મતત્વ છે. સૂર્ય જેમ આકાશમાં રહ્યાં છતાં જાણે જગત્ ઉપર રાજ્ય કરતો હોય, તેમ પોતાના પ્રકાશવડે તે તત્વ વિરાજી રહેછે. તેમ સિદ્ધી ક્ષેત્રમાં રહેલા એવા જીવો લોકાલોકના સર્વે પદાર્થોને પ્રકાશ કરી, વિરાજતા હોય એમ જણાય છે, આવું જ્ઞાનરૂપી રાજ્ય છે, તેજ પરમાત્મતત્વ છે.

**विशुद्धादर्शसंक्रांत–प्रतिविंवसमप्रभम् ।**
**ज्योतिर्मयं महावीर्यं परिपूर्णं पुरातनम् ॥**

"**विशुद्धादर्शसंक्रांतप्रतिविंवसमप्रभम्**"—નિર્મળ અરિસામાં જેવું પ્રતિબિંબ પડે છે, તેવી કાંતિવાળું પરમાત્મપદ છે. જેમ નિર્મળ અરિસો કોઇ પણ પદાર્થનું પ્રતિબિંબ છૂપાવતો નથી; પરંતુ સર્વે પદાર્થનું પ્રતિબિંબ પોતામાંહે છે, તેમ નિર્મળ એવું પરમાત્મપદ જગત્ના સર્વભાવોના દ્રવ્યગુણ પર્યાયોને પોતામાં બિંબિત દેખાડે છે.

સૂર્યનું બિંબ જેમ રસ્તામાં પડે છે, અને રસ્તા ઉપર પડેલા પ્રકાશનું પ્રતિબિંબ ઘરમાં આવે છે તેમ નહીં; પરંતુ જેમાં સૂર્યનું અને સર્વે પદાર્થોના ભાવોનું બિંબ પડેછે એવી પ્રભાવાળું પરમાત્મપદ છે. સૂર્યોદય થતાં જેમ જગત્ના ખુલ્લા પદાર્થો છૂપા રહી શકતા નથી, તેમ ક્ષાયકસમ્યકત્વરૂપ ભૂમિમાં પરમાત્મતત્વનો ઉદય થતાં કોઇ પણ પદાર્થ છૂપા (छद्म) રહેતા નથી. "**ज्योतिर्मयं महावीर्यं परिपूर्णं पुरातनम्**" **ज्योतिर्मयं**–પર-

માત્મતત્વ જ્યોતિરૂપ છે, એટલે જ્યોતિ એજ પરમાત્મા. ચંદ્ર સૂર્યાદિની જ્યોતિ જેમ ઉદય અસ્ત થાય છે, તેમ નહીં પણ સર્વદા, સર્વકાળે, સર્વસ્થાને ઉદય અવસ્થામાંજ સ્થિરપણે એક-સરખી રહેતી જ્યોતિ તેજ પરમાત્મતત્વ છે. **લાલન** કહેછે કેઃ–

"અખંડ આ સ્થિર જ્યોતિમાં નથી થાતું નથી જાતું."

અર્થાત્ એ જ્યોતિની વધઘટ થતી નથી, અખંડ એકજરૂપે રહેછે.

**महावीर्यम्**—આત્મતત્વ અનંતવીર્યરૂપ છે, કોઈ એક ભાજન છે અને તેમાં અનંતવીર્ય ભર્યું છે એમ નહીં પરન્તુ અનંતવીર્ય તેજ પરમાત્માતત્વ છે. એ વીર્યની સ્ફુરણા આપણા અને જગત્માત્રના પિતૃરત્ન **શ્રીમહાવીર**માં જન્મતીજ વખતે બહાર પણ પ્રગટ થતું આપણે જોયું છે. કે જેમના અંગુઠાના દબાણથી મેરૂપણ કંપ્યો હતો.

**परिपूर्णम्**—આત્મતત્વ પરિપૂર્ણ અવસ્થામાં હોય ત્યારે પરમાત્મતત્વ છે, આત્મા એ અવસ્થામાં વધતો ઘટતો નથી.[1]

**पुरातनम्**—આત્મતત્વની જેમ આદિ નથી, તેમ અંતપણ નથી, કાળદ્રવ્ય થકી પણ પૂર્વે હોવાથી પુરાતન છે. કાળ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ, એ પુરાતન પરમાત્મતત્વોમાં બાળકોની માફક ઝુલતાં હોય, એવાં અનુભવાય છે.

**विशुद्धाष्टगुणोपेतं, निर्द्वंद्वं निर्गतामयम् ।**
**अप्रमेयं परिच्छिन्नं, विश्वतत्वव्यवस्थितम् ॥**

---

1 જુઓ લાલનકૃત શુદ્ધોપયોગ અથવા સહજ સમાધિ. મિસિસ નવરા પેદ્રીના ઉદાહરણમાં.

**विशुद्धाष्टगुणोपेतम्ः**—નિર્મળ એવા આઠ ગુણે કરીને સહિત એવું, સિદ્ધ એવું પરમાત્મપદ છે.

કોઈ અચિંત્ય વસ્તુ છે, જે વસ્તુ શબ્દગોચર કે મનોગોચર થતી નથી, પરંતુ ધ્યાનીના નિર્મળતર અંતઃકરણમાં અનુભવાય છે, તેજ વસ્તુનું એક સ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન છે, બીજું સ્વરૂપ પણ પૂર્ણપણે દર્શન છે, ત્રીજું ચારિત્ર છે, ચોથું વીર્ય છે, પાંચમું આનંદ છે, છઠ્ઠું અમરત્વ છે, સાતમું અરૂપતા છે અને આઠમું અગુરૂ-લઘુતા છે.[1]

**निर्द्वंद्वः**—પરમાત્મતત્વ એવું છે કે, જેમાં રાગદ્વેષનો દ્વંદ્વ નથી.

જ્યારે લાલન એમ કહે કે આ સુવર્ણની વીંટી સારી છે, ત્યારે તેને સુવર્ણની વીંટીપર રાગ છે, અને કથિરની વીંટીઉપર અરૂચિ હોવાથી દ્વેષ છે, આમ પરવસ્તુમાં જે રાગદ્વેષ છે, તે પરમાત્મતત્વમાં નથી કારણ કે પરમાત્મતત્વ પોતાની સુંદરતા પોતાનામાં જુએ છે, પણ કસ્તુરી મૃગની પેઠે સુવાસ શોધવાને બહાર ભટકતું નથી.

**निर्गतामयम्**—પરમાત્મતત્વ એવું છે કે જેમાંથી સર્વે રોગો ક્ષય પામ્યા છે.

રોગ એ અશુભ કર્મનો પરિપાક-ફળ-છે પરંતુ આ તત્વમાં કર્મનોજ સંપૂર્ણ ક્ષય છે. તો રોગ તો ક્યાંથી હોય?

૧ પુદ્ગલમાં વીંટીની અપેક્ષાએ કડું ભારે, અને કડાંની અપેક્ષાએ વીંટી હલકી, એમ ગુરૂ લઘુ થઈ શકે. પરન્તુ આત્મતત્વ કોઈની સાથે સરખાવાઈ શકાતું નથી કે તેના સુવર્ણની માફક ખંડ થઇ શકતા નથી, કારણ કે તે અનુપમેય છે, તેથી તે અગુરૂ લઘુકપણ છે.

**अप्रमेयम्**—પરમાત્મતત્વ માપી શકાય તેવું નથી, એટલે તે અપ્રમેય છે.

જુઓ આપણે એક દશ માઇલના પર્વતપર ચડિયે તો એ પર્વત આપણા પગરૂપી ટેપ લાઈનથી મપાયો પરંતુ આપણા પગમાં ગુપ્ત રીતે રહેલી લંબાઈની શક્તિ માપી શકાય નહીં. તેમજ મનુષ્યની સર્વ ઇંદ્રિયોમાં દેખાઈ આવતું સામર્થ્ય જ્યારે માપી શકાતું નથી ત્યારે પરમાત્મતત્વ જે જગત્‌ના સર્વ દ્રવ્યોને સર્વ રીતે જાણી રહ્યું છે, એટલે માપી રહ્યું છે, તે પોતે તો કેમ માપી શકાય? માટે તે અપ્રમેય છે. આકાશદ્રવ્યમાં અંતર્ગત ધર્મ અધર્મ, પુદ્‌ગલ અને કાળ એ આવી જાયછે, પરંતુ લોકાલોકપ્રકાશક એવા પરમાત્મતત્વમાં આકાશ પણ પ્રતિબિંબિત હોવાથી માપી શકાય છે. પરંતુ પરમાત્મતત્વ માપવાને બીજો કોઈ ગજ, સાંકળ કે તોલો કાંઈ નથી.

## " परिच्छिन्नविश्वतत्वव्यवस्थितम् "

ષડ્‌દ્રવ્ય નવ તત્વરૂપી વિશ્વનાં તત્વોની વ્યવસ્થા જેણે જાણી છે એવું પરમાત્મતત્વ છે.

પરમાત્મતત્વરૂપી જ્યોતિ બીજાં સર્વ તત્વોને ભેદી જાયછે કારણ કે પોતે અભેદ્ય છે. કારણ કે તેને

**अणोरणीयान् महतो महीयान्॥** એમ ઉપનિષદ ઓળખાવે છે. તેમજ આ ગ્રંથના કર્તા યોગવીર શ્રી **શુભચંદ્ર** પણ કહેછે કેઃ—

અર્થાત્ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એ તત્વ છે, પણ એ આત્મતત્વથી

બીજું કોઈ સૂક્ષ્મ નથી, માટેજ તે વિશ્વનાં સર્વ તત્વોને પરિચ્છેદે છે. પરંતુ પોતે સૂક્ષ્મ તમ હોવાથી અવિચ્છિન્ન છે.

**यदग्राह्यं बहिर्भावे ग्राह्यं चांतर्मुखैः क्षणात् ।**
**तत्स्वभावात्मकं साक्षात् स्वरूपं परमात्मनः ॥**

બ્રાહ્યદ્દષ્ટિથી કે વિષયવાસનાથી કે પુદ્ગલભાવથી એ પરમાત્મતત્વ કરોડો પૂર્વ જતાં પણ ગ્રહાતું નથી–સમજાતું નથી.–પકડાતું નથી પરંતુ અંતર્ભાવથી એટલે હું કોણ છું. એનો વિચાર કરતાં સ્વાભાવિક રીતે એક ક્ષણમાંજ એ પરમાત્મતત્વનો સાક્ષાત્કાર થાય છે.

અત્યારસુધી એ પરમાત્મતત્વ ન જણાયું હોય તો આપણે સમજવું કે ભવોભવમાં તેમજ આ ભવમાં પણ કોઈ એક ક્ષણવાર સુધી પણ અંતર્દૃષ્ટિ એટલે "હું કોણ" તપાસ્યું નથી, અને તેથીજ પરમાત્મતત્વ જે નિકટમાં નિકટ તેપણ જણાયું નથી. માટે કસ્તુરી મૃગની પેઠે કસ્તુરીરૂપ પરમાત્મતત્વ બહાર નહીં ઢુંઢતાં અંતરમાંજ શોધવું કે આ ભવમાંજ અનુભવ કે નિશ્ચય સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. કે જે નિશ્ચય સમ્યક્ત્વમાં અથવા અંતરાત્મમાં પરમાત્મતત્વનો સાક્ષાત્ અનુભવ થાય.

સિદ્ધાત્મારૂપ ધ્યેયનું લક્ષણ કહે છે.

**अणोरपि च यः सूक्ष्मो, महानाकाशतोऽपि च ।**
**जगद्वंद्यः स सिद्धात्मा, निष्पन्नोऽत्यंतनिर्वृतः ॥२८॥**

**અર્થ:**—જે અણુથી પણ સૂક્ષ્મ છે, અને જે આકાશ કરતાં પણ મોટો છે. તે સિદ્ધાત્મા જગદ્વંદ્ય નિષ્પન્ન અત્યંત સુખમય છે.

**વિવેચનઃ**—છાંદોગ્ય ઉપનિષદ્‌માં આત્માનું સ્વરૂપ કહેતાં કહેછે કે જે, "**अणोरणीयान् महतो महीयान्**" અણુથી પણ સૂક્ષ્મ અને મહત્ (પ્રકૃતિ)થી પણ મોટો છે. ખરૂં જોતાં **સિદ્ધાત્મા** નાનો મોટો નથી. પરન્તુ વસ્તુતઃ આપણે બધા સિદ્ધાત્મા સરખા છીએ તે છતાં બહિર્ભાવને લીધે નાના મોટા લાગિયે છિયે. વાસ્તવિકરીતે તો આત્માથી કોઇ સૂક્ષ્મ નથી, કારણ કે તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવમાં પણ જીવ છે; અને મોટામાં મોટા મહાસાગરમાં પણ છે. અર્થાત્ એનાથી કોઇ મોટું નથી. પરમાણુની વ્યાખ્યા કરનાર પરમાણુથી સૂક્ષ્મ, આકાશને જાણનાર આકાશથી મોટો કહેવાય છે.

આત્મા—જેમ સ્વર અનંતવાર લંબાયાં છતા પોતાનું નિજ-સ્વરૂપ ફેરવતા નથી, અને તેનો ઉચ્ચાર લંબાયોજ જાય છે. જેમ કે: ઈ-ઈ-ઈ-ઈ-ઈ-ઈ-ઈ-ઈ- હમેશા ઈ રૂપેજ રહે છે, પરન્તુ **કી** લંબાવતાં લંબાવાતો નથી, અને **કી**માંથી ઈ નીકળે છે. તેમ સ્વરની પેઠે આત્મા શાશ્વત છે, અને શરીર ક્. ખ્. ગ જેવું છે. જે માત્ર સ્વરની એટલે શાશ્વત આત્માની મદદથીજ જીવતું કહેવાય છે.

સ્થાવરજીવ, ત્રસજીવ; એમાં સ્થાવર ત્રસરૂપ પુદ્ગલો ખસે, પરન્તુ જીવતો શાશ્વત છે, તે માટે તેનો સાક્ષાત્કાર એટલે અનુભવ કરવો કે, સર્વ ભય જઈ નિર્ભયસ્વરૂપ પોતાનું જણાઇ રહે. મોત મરી જાય, (સાદિ અનંત થઈ રહે) અને ભય ભાગી જાય, વળી સિદ્ધાત્મતત્વ એજ પોતાનું લોકાલોક પ્રકાશ સ્વરૂપ છે, અને અનંત આનન્દમય પણ એજ અવસ્થા છે.

જગદ્‌માં વંદ્ય મનુષ્યોને રાજા, રાજાને ચક્રવર્તી, ચક્રવર્તીને ઇંદ્ર, ઇંદ્રદેવને પણ તિર્થંકર, અને તિર્થંકરને પણ સિદ્ધદેવવંદ્ય, માટે જગદ્‌વંદ્ય તો તેજ ખરા.

સૂર્ય નામના જ્યોતિર્દેવ જગત્‌ને પ્રકાશ આપેછે, માટે તેને કેટલાક આપણા માનવબાંધવો વંદ્ય ગણે છે, પરન્તુ એ સૂર્યને પણ તું કોણ છે એવું સ્વરૂપ દેખાડનાર શુદ્ધચૈતન્ય, આત્મા સિદ્ધસ્વરૂપ છે.

એ સિદ્ધાત્મારૂપ ધ્યેયના ધ્યાનથી શું થાય છે?

**अस्याणुध्यानमात्रेण, शीर्यंते जन्मजा रुजः ।**
**नान्यथा जन्मिनां सोयं, जगतां प्रभुरच्युतः ॥२९॥**

**અર્થ:**—જેના ધ્યાનમાત્રથી સંસારમાં ઉત્પન્ન થતા જન્મ, જરા, મરણાદિ રોગો જતા રહે છે, અન્યથા મનુષ્યના એવા રોગ જતા નથી, માટે જેના ધ્યાનથી, તે રોગ સમૂળગા જાય છે, તે જગત્‌ના અવિનાશી પ્રભુ સિદ્ધાત્મા છે.

**વિવેચન:**—જે અશુભધ્યાન છોડીને શુભધ્યાન આરમ્ભે છે, તેના રોગો અનુક્રમે જતા રહે છે, તેમ શુદ્ધચૈતન્યના ધ્યાનથી તો જન્મ, જરા, મરણાદિ સર્વ રોગો જતા રહે છે.

અર્થસહિત ૐકારનો પાંચ પ્રકારે જાપ કરવાથી પણ સર્વ રોગો જતા રહે છે. એ જાપના પાંચ પ્રકારો આ પ્રમાણે છે. (૧) **વાચિક** એટલે બીજાં સાંભળે તેમ અર્થ ચિંતનપૂર્વક જાપ. (૨) **ઉપાંશુ:**—એટલે પોતેજ શ્રવણ કરી શકે, એવો અર્થચિંતનપૂર્વક જાપ. (૩) **માનસ** એટલે (અંતર મુખમાં) જલ્પ અર્થચિંતન-પૂર્વક કરવો. (૪) **ધ્યાનજ** એટલે પોતાની મેળેજ અંદર **જાપ**

થયા કરતો હોય તે દ્રષ્ટારૂપે જોવો. (૫) અભેદ્‌ભાવ તે ૐકાર-રૂપજ હું છું. સોઽહંરૂપ.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, ૐકારના અર્થસહિત જાપથી સકળ અંતરાયનો અભાવ, અને આત્મદર્શનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ॥ ततः प्रत्येकचेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥ અને તે અંતરાય આ પ્રમાણે ગણાવે છે. " व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रांतिदर्शनालब्धभूमिकत्वानवस्थानानि चित्तविक्षेपास्तेऽन्तरायाः " વ્યાધિ, સ્ત્યાન, (ધ્યાનમાં અપ્રવૃત્તિ) સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધ ભૂમિકત્વ, અનવસ્થા વગેરે જે ચિત્તને વિક્ષેપ કરવાનાં કારણો છે, તે અંતરાયો છે. તે બધા ૐકારના ધ્યાનથી દૂર થાય છે.

ૐકાર પરવસ્તુના સમ્બન્ધે ઉત્પત્તિ, સ્થિતિ, અને લય જણાવશે,-ઉત્પાદ, વ્યય અને ધ્રુવ જણાવશે " ઉલટ, પલટ, ધ્રુવ સત્તા રાખે " એમ જણાશે.

ૐકાર આત્મતત્વ સંબંધે પંચ પરમેષ્ઠિરૂપ પોતાના આત્માને દાખવશે, એટલે કે પોતાનુંજ સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ અને અરિહંત સ્વરૂપ અનુક્રમે દેખાડશે.

ૐ अ+अ+आ+उ+म् એટલે [१]अ કહેતાં **અરિહંતરૂપ આત્મા,** [२]अ કહેતાં **અશરીરિ-સિદ્ધરૂપ આત્મા.** [३]आ કહેતાં **આચાર્ય-રૂપ આત્મા.** उ કહેતાં **ઉપાધ્યાયરૂપ આત્મા** અને म् કહેતાં **મુનિરૂપ આત્મા.** એમ ધ્યાન કરતાં જવું.

અભ્યાસીએ મુનિરૂપ પોતાના આત્માને પ્રથમ, પછી ઉપાધ્યાયરૂપે, પછી આચાર્યરૂપે, પછી અરિહંતરૂપે, અને છેવટે સિ-

દ્રરૂપે ધ્યાવવો. એ કંઇક ધ્યાનાભિલાષીઓને ઉત્સાહક થશે.

રોગાદિ યમ નિયમ, આસન જપ થતાંજ નિવૃત્ત થાય છે. **आसनजयात् द्वंद्वाभिघातः** યમ નિયમપૂર્વક આસનના જપથી દ્વંદ્વનો ( ટાઢ તડકા વગેરેનો ) અભિઘાત થાય છે.

વળી **સિદ્ધ**ભગવાનના ધ્યાનથી થતી નિર્જરાને લીધે, અશુભ કર્મોનાં પુદ્ગલોની નિર્જરા થાય છે, એટલે રોગનાં કારણરૂપ અશુભ કર્મો ગયાં તો તે કર્મનું કાર્ય રોગ તે કેમ થવા સંભવે ?

**સિદ્ધાત્મા**ના ધ્યાનથી જીવ ગુણસ્થાનક યા ગુણશ્રેણિપર ચડે છે, અને જેમ જેમ ઉપર ગયો, તેમ તેમ કર્મરૂપી ભાર ઓછો થઈ, આત્મા નિર્લેપ થતો જાય છે.

એક સરોવરમાં જેમ માટીથી લપેટેલું તૂંબડું હોય, તેને જેમ પાણીની છોળો લાગે ને માટી પલળીને રફતે રફતે જેમ ઉખડી જાય, તેમ તેમ તુંબડું ઉચું આવતું જાય, તેમ ધ્યાનરૂપ સરોવરમાં શુભ પરિણામરૂપ છોળો લાગવાથી જીવરૂપ તૂંબડું ઉચું ચડે અને જેમ જેમ ઉચું ચડે તેમ નિરોગ થતું જાય. અને બારમા ગુણસ્થાનકે બધી માટી ખસી જાય, તેરમે પોતાના શુકલધ્યાનના સરોવરમાં જીવ ઝુલતો દેખાય, અને ચૌદમામાં મનોયોગાદિ ગયાથી ધ્યાનાતીત અવસ્થામાં આવે. કારણ કે હવે ધ્યાન કરવાના મનાદિ ગયા અને જીવ તે સિદ્ધ થયો, જીવપણું ગયું એટલે જીવમાં કર્મ હતાં તે બાદ થયાં. એટલે તે જે બાકી રહ્યો તે **આત્મરૂપેજ** રહ્યો. તેજ **સિદ્ધાત્મા,** અપુનર્ભવ હોવાથી **અમરત્વ** પામે છે.

**સિદ્ધાત્મા**નું અણુમાત્ર-જરા સરખું-ધ્યાન ત્રણ કરણયોગે કર-

વાથી સકળ રોગો જતા રહે છે. તે છતાં લોકોને ઔષધાદિમાં કેટલી શ્રદ્ધા છે? અરે જૈન બાંધવો! ધ્યાનપદ્ધતિ તમારા ચતુર્વિધ સંઘમાં વધારો, અને કાયા વચન અને મનને વિશુદ્ધ રાખી આત્મધ્યાન કરો કે જેથી કંઇ રોગ રહે નહીં.

શ્રીમન્ આચાર્ય મહારાજ–કલિકાળ કેવળી હેમચંદ્રાચાર્યે પણ યોગશાસ્ત્રમાં કહે છે કેઃ–

**योगः सर्वविपद्वल्ली, विताने परशुसितः ।**
**अमूलमंत्रं तंत्रं च, कार्मणं निर्वृतिःश्रियः ॥ २९ ॥**

સઘળી આપદારૂપી વેલીઓના સમૂહને યોગ (ધ્યાનમાર્ગ) તીક્ષ્ણ ધારવાળા કુહાડા જેવો છે, એટલુંજ નહીં પરન્તુ મોક્ષરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરવાને અમૂલ મંત્ર, તંત્ર અને કામણરૂપ છે.

આજે અમેરિકામાં માત્ર શુભ [1]પરિણામ રાખી રોગ મટાડવાના દાખલાની ખોટ નથી, પરન્તુ આશ્ચર્યની વાત એ છે કે,- આપણે આપણા યોગમાર્ગને મૂકી કેવળ બાહ્યક્રિયા ઉપર રાચી માચી રહ્યા છિયે? પરન્તુ આ બાહ્યક્રિયા યોગસાધનાથી ઘટવાની નથી પરન્તુ વિશુદ્ધ થશે, સુશોભિત થશે, સાર્થ થશે. વિધિપૂર્વક થવાથી ફળદા થશે. એજ **લાલન**ની સર્વે માનવબાંધવોને પ્રાર્થના [2]છે.

---

૧ જુઓ લાલનના **આંતરવેધ** નામના અનુવાદમાં. આ લઘુ પુસ્તકમાં આપણા અમેરિકન બાંધવો શુભ પરિણામ, નિર્મળ અધ્યવસાયથી રોગ શાંતિ કેવી રીતે કરે છે તેનું ખરેખરૂં પ્રયોગસહ વર્ણન છે.

૨ પરન્તુ જન્મ જરા મરણાદિ રોગ–રોગો તો માત્ર પોતાના સિદ્ધસ્વરૂપની જરામાત્ર ધ્યાનમાંજ ઝાંખી થતાંજ ચાલ્યા જાય છે. મોત મરી જાય છે એટલે પોતાનું સાદિઅનન્ત સ્વરૂપ–અક્ષય સ્થિતિરૂપ દેખાઇ રહે છે.

વસ્તુતઃ જ્ઞાન કયું ?

**विज्ञातमपि निःशेषं, यदज्ञानादपार्थकम् ।**
**यस्मिंश्च विदिते विश्वं, ज्ञातमेव न संशयः ॥ ३० ॥**

**અર્થ:**—પરમાત્માના જાણ્યાવિના બીજું બધું જાણેલું નકામું છે, અને જેના જાણ્યાથી આખું વિશ્વ જણાયું એમાં સંદેહ નથી.

**વિવેચન:**—પાશ્ચિમાત્ય દેશમાં જેને જ્ઞાન કહેવામાં આવે છે, અને જે જ્ઞાનથી સંસારના વિષયાદિ સુખમાં વધારો થાય છે. એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, એ લોકોના સાયન્સના જ્ઞાનથી, કેટલાક લાભો થયા છે, પણ વિશેષ ભાગે સંસાર વૃદ્ધિનાં કારણો થયાં છે, જેમ કે એવી એવી તોપો બનાવી છે કે જેથી એકદમ લાખો મનુષ્યનો વધ થાય; પરન્તુ જ્યારે **શુભ** તરફ એ લોકોનું લક્ષ જશે, ત્યારે લાખો જીવોને બચાવવાનાં યંત્રો શોધી કહાડશે. અને **આત્મજ્ઞાન** થયું તો સકળ પદાર્થોનું જ્ઞાન થયું. જે સૂર્યને દેખે તે તેના પ્રકાશથી દેખાતા સર્વ પદાર્થોને દેખે છે. પરન્તુ **આત્માનુભવના** પ્રકાશથી શું નથી જણાતું-દેખાતું ?

જેથી લોકાલોક પ્રકાશ પામે, જેથી પાંચે દ્રવ્યના અશેષદ્રવ્ય ગુણપર્યાયનું યથાર્થ જ્ઞાન થઈ શકે, એજ **જ્ઞાન** છે. ને તેજ **આત્મજ્ઞાન** છે, અને તેજ સૂર્યને પણ પ્રકાશ આપે છે.

સૂર્ય આકાશમાં હોય, પરન્તુ તેનો પ્રકાશ જગત્‌માં પડે છે-તેમ આત્મા ગમે તે સ્થાનકે હોય તથાપિ તેનો પ્રકાશ લોકાલોક'કમાં વ્યાપક છે, અને સર્વે પદાર્થો એ જ્ઞાનને જાણે પારદર્શક હોય તેવા દેખાય છે. મારા ગુરૂ પ્રભુ **આનંદઘન** પણ ગાન કરે છે કે, "કેવલ કમલા અપસર સુંદર ગાન કરે રસ રંગ ભરી."

આત્માનો નિશ્ચય કેમ થતો નથી? અને કેમ થાયછે.

**यत्स्वरूपापरिज्ञानात् , नात्मतत्वे स्थितिर्भवेत् ।**
**यं ज्ञात्वा मुनिभिः साक्षात् , प्राप्तं तस्यैव वैभवम्॥२१॥**

**અર્થઃ**—જે પરમાત્માનું સ્વરૂપ જાણ્યાવિના આત્મતત્વમાં સ્થિતિ થતી નથી; અને જેના જાણવાથી મુનિઓએ, સાક્ષાત્ પરમાત્માનોજ વૈભવ પ્રાપ્ત કર્યો, એમ જાણવું.

**વિવેચનઃ**—આખા જગત્માં કોઈ પણ જગા એવી નથી કે જ્યાં માણસનું મન નિરંતર સ્થિરતા પામે, પરન્તુ જ્યાં તે કંઈક પણ સ્થિરીભાવ પામે તેવું તો એક પરમાત્માનું ધ્યાનજ છે.

પરમાત્માના ધ્યાનથી પરમાત્મા થતાં સઘળાં આવરણો દૂર થઈ, અને સઘળી વસ્તુઓ વગર બાધા કરવે પ્રાપ્ત થાયછે, કારણ કે દાનાંતરાય જવાથી દાન કરી શકે છે, અને લાભાંતરાય જવાથી સર્વ પ્રાપ્ત થાયછે.

આત્મતત્વ સિવાયના સઘળા જ્ઞાનથી લોકોને લાભજ થાય તેમ નથી, કેટલાક તો તેમને નીચેજ લઈ જવામાં મદદ કરેછે અને કેટલાક ઉંચે. જેમ લોખંડની બેડીરૂપ અશુભ કર્મનો બોજો ઉચકે છે, તેમ શુભકર્મરૂપ સોનાની બેડીનો (મૂર્ખ શોભા ગણીને) બોજો ઉચકે છે, પરન્તુ જાણતો નથી કે અશુભ કર્મ જેમ નારકીના કારાગ્રહમાં, ને તિર્યંચના બંધીખાનામાં (of Correction) બંધ કરી રાખી જીવને રીબાવે છે તેમ શુભકર્મરૂપ સોનાની બેડી સાથે પણ ઉત્તમ મનુષ્ય કે ઉત્તમ દેવતા આદિના મહેલોમાં કે બાગમાં નજર કેદ રાખે છે. પરન્તુ આ

છેલ્લા બે પણ કર્મપરિણામ રાજાના કેદી ખરા, તેને કેદમાંથી છોડી છૂટો ન કરે (મોક્ષ ન આપવા દે) માટે. પરન્તુ આત્મા, તે બન્ને બેડીયોને અશુભકર્મરૂપ લોખંડની અને શુભકર્મરૂપ સુવર્ણની બેડિયોને તોડી જન્મમરણના ફંદાથી છોડાવી, સકળ પદાર્થ સંપૂર્ણ જ્ઞાન કરાવી મોક્ષપદ આપે છે. માટે એકાંત મોક્ષસાધન પણ એજ **આત્મજ્ઞાનજ** છે અને તે ધ્યાનથીજ પ્રાપ્ત થાયછે.

મુમુક્ષુએ ધ્યેય કેમ ભાવવો?

**स एव नियतं ध्येयः स विज्ञेयो मुमुक्षुभिः ।**
**अनन्यशरणीभूय, तद्दत्तेनांतरात्मना ॥ ३२ ॥**

**અર્થ:**—મોક્ષની ઇચ્છા રાખનાર જનોએ નિશ્ચયે એજ પરમાત્માનું ધ્યાન ધરવું; અને બીજાં સર્વે શરણોને છોડી, તેમાંજ જોડેલા અંતરાત્માવડે, પરમાત્માનેજ જાણવો.

**વિવેચન:**—સકળ પરવસ્તુ અને બીજા નાના મોટા લૌકિક લોકોત્તર દેવદેવીનાં શરણ છોડી એક **વીતરાગનેજ** ધ્યાનદ્વારા. એ પામવાની ઇચ્છા રાખનાર મોક્ષાભિલાષીએ તો પરમાત્માની સન્મુખ અંતરાત્મા કરી, તેની સાથે પોતાની એકતા **અભેદભાવે** કરીને ભાવવી.

અંતરાત્મા, પરવસ્તુ અને સ્વવસ્તુને સમજી, પરવસ્તુથી વિમુખ, અને સ્વવસ્તુની સન્મુખ થાય છે. એવું અંતરાત્માથી એટલે ભેદજ્ઞાનથીજ બને છે. એમ ભેદજ્ઞાન થયાપછી સ્વવસ્તુ

માં ધ્યાનીને સોઽહંરૂપ પોતાનો નિશ્ચય થાય છે. અને પરવસ્તુમાં લાગણુદ્ધિ થતાં દેશવૃત્તિથી માંડી ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી પરવસ્તુમાંથી હુંપણાને ખેંચતો જાય છે.

શ્રી દેવચંદ્રજી પણ કહેછે કેઃ-"પ્રીતિ અનાદિની પરથકી, જે તોડે હો, તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ" ઋષભજિણંદસું પ્રીતડી.

કેવા તત્વનું ધ્યાન કરવું ?

## अवाग्गोचरमव्यक्त-मनंतं शब्दवर्जितम् ।
## अजं जन्मभ्रमातीतं, निर्विकल्पं विचिंतयेत् ॥ ३३ ॥

**અર્થઃ**—જે વાણીને અગોચર છે, એવા અવ્યક્ત, અનંત, શબ્દવર્જિત, જન્મરહિત, જન્મોજન્મરૂપ જેમનો ભ્રમ ગયો છે એવા, પરમાત્માને નિર્વિકલ્પરૂપે[1] ચિંતવન કરવું.

**વિવેચનઃ**—જે **પરમાત્મારૂપ તત્વ** વાણી, મન અને ઈંદ્રિયને ગોચર નથી, પરન્તુ જે કેવળ ધ્યાનવડેજ જણાય છે, તે તત્વને કેવી રીતે સમજી ચિંતવન કરવું? તે આ શ્લોકમાં સૂચવ્યું છે. સર્વ વિકલ્પોથી પર, અવ્યક્ત, અનંત, શબ્દવર્જિત, અજ અને જન્માદિના ભ્રમથી રહિત પરમાત્મતત્વ કેમ જણાય? જે વચનમાં આવે છે તે વચન પુદ્ગલિક છે. માટે વચનદ્વારા પૌદ્ગલિક વસ્તુ જણાય, પરન્તુ વચનાતીત વસ્તુને જાણવાને ધ્યાનજ મુખ્યમાર્ગ છે, માટે જેમ જેમ નિર્વિકલ્પ થઇ ધ્યાન કરવામાં

---

૧ (અથવા નિર્વિકલ્પ થઇને.)

આવશે, તેમ તેમ અંધકારમાં જેમ પ્રથમ પ્રભાત, પછી અરૂણોદય, અને પછી પૂર્ણ સૂર્યોદય થાય, તેમ આત્મસ્વરૂપ દઢધ્યાનમાં પ્રગટ થશે. એટલુંજ નહીં પણ પોતાને નિશ્ચયપૂર્વક અનુભવ થશે કે જે જન્મે મરે છે, તે પુદ્ગલિક છે, પણ હું નહીં અથવા હું (આત્મા) જેમ જન્મક્રિયા કરે છે, તેમ મરણક્રિયા કરે તેમાં પોતાને તત્વદષ્ટિથી કંઇ નથી. જેમ દોડવું અને ચાલવું એમ બે ક્રિયા કરી, તેમાં પોતે તો વિદ્યમાન રહ્યો, તેમ જીવવું અને મરવું એરૂપ જીવ બે જાતની ક્રિયા કરે છે. તેમાં જીવને શું? જેમ ખાવું, પીવું, લેવું દેવું, ઇત્યાદિ ક્રિયા કરેછે, તેમ જીવવું અને મરવું એવી પણ બે ક્રિયાઓ કરે છે. જીવે છે એટલે જીવ છે તે, પોતાનાથી પર એવાં, પુદ્ગલિક પરમાણુઓ એકઠાં કરે છે, અને મરે છે એટલે પોતાથી પર એવાં પુદ્ગલોને વિખેરે છે. પુદ્ગલો ભેગાં થવાં અને પુદ્ગલો વિખરાવાં તેમાં સદા ચેતનરૂપ એવા જીવને શું?

એને તો જ્યારથી આત્મતત્વનો અનુભવ થયો ત્યારથી "મોત મરી ગયું" અને "ભય ભાગી ગયો" કારણ કે પુદ્ગલના ચયરૂપ જન્મને અને અપચયરૂપ મરણને જે પોતાનામાં આરોપિત કરતો હતો તે મટી ગયું અને પોતે તો ચેતનરૂપ છે, એમ ઓળખાઈ ગયું. સાદિઅનંત છે એમ જણાઈ ગયું. પોતે મરતો જીવતો નથી, પણ દેહ જીવે મરે છે એમ નિશ્ચય થયો.

જેમ કડીઓ ઘર બાંધે, અને ઘર ભાંગે, તેમાં તેને કાંઈ નથી, તેમ આ પુદ્ગલરૂપ ઘર બાંધે કે ઘર તોડે, તેમાં વસ્તુતઃ શાશ્વત જીવને કંઈ હાનિ નથી, એમ ઉચ્ચ અનુભવી અપરોક્ષ રીતે જાણી શકે છે

પરન્તુ ઘર બંધાવનાર પોતે પોતાને ઘરનો માલિક સમજે અને ઘર પડે તો, માલિકપણાના અભિમાનને લીધે તેને આંધતી વખતે સુખ અને પાડતી વખતે દુઃખ થાયછે, તથાપિ પોતાનામાં ફરીથી બાંધવાનું સામર્થ્ય હોવાથી તે અત્યંત બેહાલ થતો નથી. તેમ પુદ્ગલ બાંધીને માલિકપણું જાણે એટલે પોતાને દુઃખ સુખ પણ થાય.

મોટી હાનિ તો પુદ્ગલ જ્યારે પોતે બાંધ્યું. અને પછી ભૂલી જઈ ભ્રમથી પુદ્ગલ તેજ હું એમ-જે જાણે તેને છે. એવા મનુષ્યને તો પુદ્ગલ ગયું તો હું ગયો, એમ થઈ જાય છે; અને તેથી મહા દુઃખ પામેછે. જીવ, પોતે જાણે તોપણ ચેતનરૂપ છે. અને ન જાણે તોપણ વસ્તુતઃ પોતાનું ચેતનરૂપ છોડતો નથી, એમ અનુભવ થાયછે. વસ્તુતઃ તે દેહાદિના આવવાથી કે જવાથી ખોવાતો નથી[1]

૧ બગદાદ શહેરમાં (આગળના કાળનું, લંડન કે ઉજ્જન જેવા શહેરમાં) એક ફકીર ગયો પણ તે લોકની અવરજવર અને અતિભીડથી ઘુંચવાઈ ગયો, લોકો ધંધામાં એવા નિમગ્ન થએલા કે એ બિચારાની સામે કોઇએ પણ જોયું નહીં. તેમજ કોઇને પૂછયા ગાછયા વગર-આખો દિવસ આમતેમ રવડયો. એટલે સાંજ પડી અને એક ફુવારા પાસે આવ્યો, ત્યાં પાણી પીધું, અને પાછો પોતાના ગતિ (ચાલવાના) કાર્યમાં પ્રવૃત્ત થયો. એટલે ચાલતાં ચાલતાં વિચાર કરવા લાગ્યો કે "હવે તો સૂઈ જઈએ" આમ વિચારતો રસ્તાની એક બાજુએ ચોગાન હતું ત્યાં ચાલવા લાગ્યો, ચાલતાં ચાલતાં લવવા લાગ્યો કે, આપણે સૂઈ તો જશું પણ સવારે બધા લોકો ઉઠશે તો તેમાં એટલાં બધાં માણસનું સાથે ઉઠવું (જાગૃતિ) થશે તો "આપણે કેમ મળિયે;" કદાચ, એટલી બધી જાગૃતિમાં "હું

માટે પુદ્ગલ એ હું એવી ભ્રાંતિ છોડી તો મરાશે નહીં અને જન્માશે પણ નહીં. પુદ્ગલનો હું ધણી એવી ખોટી માલિકી છો-

---

ખોવાઈ જાઉં તો," માટે મારે કેમ કરવું? આમ લવતો હતો તે પાસેના એક ચાલનાર માણસે સાંભળ્યું, પરન્તુ ફકીર સાહેબને એક એવો નવો બુટ્ટો સૂઝયો કે, આ તુંબડું છે તેને દોરો બાંધીને પછી એ દોરો મારે પગે બાંધી લેવો, આમ કરવાથી હું જલદી જડી આવીશ, તેમ ખોવાઈ પણ જઈશ નહીં. વિચારની સાથેજ ફકીરસાહેબે કામ આદરી તે પ્રમાણે કરી નાખ્યું, પરંતુ પહેલાની ફકીરની વાત સાંભળનાર માણસ, થોડે દૂર મેદાનમાં સૂતો. ફકીરસાહેબ બરાબર ઘુધમાં પડ્યા એટલે પેલો માણસ દોરો કાપી, તુંબડાં સાથે પોતાને પગે બાંધી દીધો, સવાર થયું અને ફકીર ઉઠયો, અને જુએ છે તો, પોતાને પગે તુંબડું ન જડે, જોતાં જોતાં, મુંઝાઓ, અને માથું ધુણાવતો ધુણાવતો કહેછે. "યા ખુદા કયા કમબખ્તિ કે મેં ઇસ શહેરમેં આયા અબ મેં મુઝકો ઇતની ગરદીમેં કહાં ઢું ઢું?"

પ્રિય વાંચનાર, આ દૃષ્ટાંતમાં ફકીરે તુંબડું બાંધ્યું ત્યારે પણ ફકીર વિદ્યમાન છે, ને તુંબડું છુટયું તોપણ તે તો વિદ્યમાન છે, તેમજ માણસ શરીરરૂપી તુંબડું કર્મરૂપી દોરડાંથી બાંધે છે, તોપણ જીવ વિદ્યમાન છે, અને સદ્ગુરૂ કે (શુક્લ ધ્યાનના પરિણામવાળો ચૈતન્યભાવ) કદાચ કર્મનાં દોરડાં સહિત દેહાદિભાવ તુંબડાને છોડિ દે કે છુટી જાય, તોપણ જીવ તો વિદ્યમાન છે.

**ઉપનયઃ**—માટે આ ચોરાસી લાખ યોનિમાં ભટકતો ફકીર **લાલન** જ્યારે મનુષ્ય યોનિરૂપી શહેરમાં આવ્યો છે અને **આનન્દઘન** જેવા સદ્ગુરૂ દેહભાવને લઈ મોહનિદ્રામાં સૂતેલા **લાલનને** બોધ કરવા આ દેહભાવરૂપ આ તુંબડું છોડી લેછે તોપણ તે શાશ્વત છે એમ દાખવ્યું, અને દેખાડયું કે તું તુંબડું નહીં. તેમ તું નહીં **કર્મ.** પરન્તુ એ કર્મસાથે હાલ એકમેક થઈ પડેલો હવે કંઈક છુટો પડેલો

ડવી કે તેના ચય અપચયથી સુખ દુઃખરૂપ દ્વંદ્વ ન થાય, પરન્તુ ચેતન એ હું અને ચેતનામાં પ્રકાશતા અનંત જ્ઞાન, દર્શન,

---

જીવ તે તું છે. અને દેહભાવ, કર્મભાવસહિત જાય, તોપણ જાણવું કે જ્ઞાન એટલે તું કાયમ છે.

**બીજું ઉદાહરણઃ**—સ્વપ્નમાં કોઈ જીવને એવું સ્વપ્ન આવેછે કે, હું મરી ગયો અને લોકો મારે ઘેર આવી, મને બાંધી બુમો પાડતા લઈ જાયછે. આ મારૂં મુડદું જાયછે, હું તેને દેખું છું. એવું સ્વપ્ન કોઇને થાયછે. હવે વાંચનાર બંધુ, વિચારો કે, જો તે મરી ગયો, અને ઠાઠડીમાં જતો દેખાયો, તોપણ તે **કાયમ** છે, એમ થયું. તેમજ માણસ મરી જાય તોપણ જીવ પોતાના મડદાંને દેખતાં કાયમજ રહેછે. એ મડદાંની સાથે સ્મશાનમાં બળવા જતો નથી. પરન્તુ પોતાનાં મુડદાંને અમુક વખતસુધી દેખેછે.

**નિચોળઃ**—પરન્તુ ઉપલા ઉદાહરણમાં કોઈ અભાગી ફકીર પાછો તુંબડાનેજ ઇચ્છે છે, ને ત્યારેજ પોતાને મળેલો માનેછે, તેમ શરીર છૂટતાં શરીરની કર્મવાસનાથી પાછું શરીરજ બંધાયજ છે, અને ત્યારે પોતાને જીવતો માનેછે, પરન્તુ જ્ઞાન, જાગૃત થએલો જીવ વિચારે છે કે, આ તુંબડું જેમ કર્મ દોરડાથી પહેલા માણસને બાંધેલું છે, તેમ આ મારા કાર્મણ દેહને બાંધેલી છે, હું જો તે હું હોઉં તો, એ **કાર્મણ**ને દેહભાવની ઇચ્છારૂપ દોરીને અને દેહરૂપ તુંબડાને કેમ દેખું: માટે તે કાર્મણ શરીરને બાંધેલો તે હું નહીં. પરન્તુ તે કાર્મણ શરીરને તેમાંની કર્મવાસના અને દેહાદિનો દ્રષ્ટા હું છું. આ હું તો જ્યારે કાર્મણાદિને બાંધેલો હતો ત્યારે પણ હતો અને હવે તેથી છૂટચો દ્રષ્ટારૂપે દેખાયો તોપણ એ હું તો કાયમ, શાશ્વત, અનાદિ અનંત અજન્મ ને અમર છું.

૧ આપણા પિતા જિન છે તો આપણે જૈન છીએ. જિનનો અર્થ, જિતનાર, રાજા જેવા. તો જૈનનો અર્થ જીતનાર રાજપુત્ર (રજપૂત) એમ થાય. આપણા પિતા જ્યારે શત્રુને જીતનાર રાજા છે, તો આ

ચારિત્ર, વીર્ય, એનોજ હું માલિક એમ નિશ્ચય કરવો કે, અનંતગુણો અને શાશ્વત આત્મા, પોતાથી કોઈ કાળે પણ છૂટા પ-

પણે પણ આપણા શત્રુને, જીતનારા રાજપુત્રો છિયે, એમ સમજવું. વળી સિંહને જોઈ આપણે સાવક (સિંહના બચ્ચા) છીએ, એમ યાદ આવેછે. કારણ કે પિતાશ્રીરૂપ સિંહ, આપણા નિજગુણ જે આપણે જાણતા નથી, અને પોતાની સામે (અંતરાત્મામાં) જોતા નથી તેથી જાણતા નથી, તે છતાં દેખાડે છે, અને આપણી શુદ્ધિ ઠેકાણે લાવવા, આપણને ઉપદેશ કરીને કહ્યું છે કે, તમે તમારી તરફ (અંતરાત્મામાં) જુઓ એટલે તમારા પણ ગુણો મારા જેવા છે તે દેખાઈ રહેશે.

પરમાત્મા મોટા સિંહ અને આપણે નાના સિંહ, શ્રી વીર પ્રભુરૂપ, મોટા સિંહને જોઈ, જેમ પશુઓ ભાગે તેમ નાના સિંહ સાવક (બચ્ચાં) ને જોઈ પશુઓ ભાગે, અને પરમાત્મારૂપ મોટા સિંહને જોતાંજ રાગદ્વેષરૂપ ભરવાડોના કષાયાદિ પશુઓ ભાગે તેમ અંતરાત્મરૂપ નાના સિંહ સાવકોને જોતાં પણ મિથ્યાત્વ મોહ, અને મિશ્ર મોહરૂપ ભરવાડનાં ક્રોધાદિ પશુઓ ભાગે. માટે **લાલનના** સગા બંધુઓ, **મહાવીર** શાસનરૂપ એકજ રાજકુટુંબમાં આપણે જન્મ્યા છીએ. તો પિતાની સામે જોઈ જોઈ પોતાનું સ્વરૂપ ઓળખો, કે આપણે કોના પુત્ર છીએ? શત્રુને જીતનાર જિનના પુત્ર જૈન છિયે, કર્મોથી હારનારા પુરૂષોના બાયલા પુત્રો નથી, "શું કરિયે ભાઈ કર્મ બળવાન છે" એમ એકાંત વદનારા નથી, પરન્તુ કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ ને પુરૂષાકાર, એ પાંચે કારણના જ્ઞાનવડે ગૌણ, મુખ્ય સમજી દૂર કરશું. કર્મને પિતાશ્રીની અનંત દયા જોઈ આપણી દયાવડે સ્થૂળ હિંસાને તો દૂર કરીશું. પિતાશ્રીનું સત્ય જોઈ, આપણા સત્યવડે, સ્થૂળ અસત્યનું તો સત્યાનાશ કાઢશું. પિતાશ્રીના આપ્તગુણ અને પ્રામાણિકપણાને જોઈ આપણી પ્રામાણિકતાથી, પ્રથમ સ્થૂળ ચોરીને પછી સૂક્ષ્મ ચોરીના કર્મને ચોળી નાંખશું. પિતાશ્રીનું નિજસ્વરૂપમાં રમણતારૂપ બ્રહ્મ જોઈ, આપણા સ્વદારાં સંતોષરૂપ બ્રહ્મચર્યવડે પ-

ડેજ નહીં. આત્મા તેજ પોતે છે. પોતે પોતાથી કેમ ખોવાય? ને જે ખોવાય તે પરજ હોવું જોઇએ.

---

સ્દારાની વિષયવાસનાને વણસાડી મૂકીશું. પછી સ્વદારાનો ત્યાગ કરી નિજગુણોનો ભોગ કરીશું. પિતાશ્રીની અનંત જ્ઞાનાદિ લક્ષ્મીને જોઈ, આપણે નિજગુણ તરફ લક્ષ લગાડીશું અને તેમ બાહ્ય પરિગ્રહનું પરિમાણ કરશું. પરદ્રવ્યના લોભને લાહ્ય લગાડી, અને તે પરિગ્રહને પણ અંતે છોડી–એ પરિગ્રહના પણ કેદખાનામાંથી છૂટી આપણ પિતાની પેઠે જ્ઞાનાદિ, લક્ષ્મીને આલિંગશું.

આમ થોડે થોડે પરમાત્મા સાથે, અભેદભાવ કરતાં જવાથી થોડાજ વખતમાં એવો અનુભવ થશે કે, પોતાનામાં સિંહપણું છે તે જોશું. હાલની માફક કર્મવાદી બકરાના ટોળામાં ભળેલા સિંહ સાવકની માફક રડતા, બાયલા જેવા નહીં દેખાઇશું. પરન્તુ પિતાની સાથે અભેદભાવ થવા, તેનું અનુકરણ ઉત્તરોત્તર વિશેષભાવે કરતા જશું. એટલે કે શ્રીવીર પ્રભુએ અપરાધી **ગોસાલા**ને પણ. "અરે બિચારાની શી ગતિ થશે" એમ કહી શીત લેશ્યારૂપે, **ક્ષમા**નાં શિતળ જળ છાંટયાં. ને તેના દ્વેષાગ્નિને શાંત કરવા માર્ગ લીધો, તેમ આપણે પણ અન્યદર્શનરૂપ ગોસલાના દ્વેષને પણ ક્ષમાના શિતળ જળે શાંત કરીશું. જેમ પિતાશ્રીએ પોતાના પૂર્વભવમાં એટલે પરિવ્રાજકના ભવમાં માન કરી નીચ ગોત્ર સંપાદન કર્યું, તો તેમ ન કરી એટલે, આપણી શ્રાવક વૃત્તિનું અભિમાન નહીં કરી શ્રાવક વૃત્તિથી થતા આગામી લાભમાં નહીં છકી જઈ અન્યને હલકાને તુચ્છ નહીં ગણશું. કે જેથી શ્રાવિકારૂપ ક્ષાત્રસલા રાણીના ઉચ્ચ કુળમાં જન્મવાનું મળે અને મિથ્યાત્વદર્શનરૂપ બ્રાહ્મણ કુળમાં જન્મ લેવો ન પડે. અને અભિમાન કરતાં આપણું શ્રાવકપણું આવ્યું હોય તેપણ ચાલ્યું ન જાય. માટે તે કુલાભિમાન ન કરતાં, પોતાની ઋદ્ધિનું માન ન કરતાં, જ્યાં પણ ગુણ દેખાય ત્યાં પોતે નમ્રતા રાખીશું તો હજી પણ ઉચ્ચ ગોત્રને પામ-

ત્રણે લોકના ગુરૂ કોણ ?

**यद्बोधानंतभागेऽपि द्रव्यपर्यायसंभृतः ।**
**लोकालोकः स्थितिं धत्ते स स्याल्लोकत्रयीगुरुः ॥ ३४ ॥**

**અર્થ:**—જેના જ્ઞાનના અનન્તમા ભાગમાં દ્રવ્ય (ગુણ) પર્યાયયુક્ત લોકાલોક આવી રહેલું હોય તે પરમાત્મા ત્રણે લોકના ગુરૂ હોય.

**વિવેચન:**—જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય અલ્પ છે. છએ દ્રવ્યમાં જ્ઞાતા જીવ છે, અને પાંચે દ્રવ્યો તેના, સકળ ગુણપર્યાય સુદ્ધાં જ્ઞેય છે, એવાં અસંખ્ય દ્રવ્યો અને તેના અસંખ્ય ગુણો અને અસંખ્ય પર્યાય માત્ર આત્મજ્ઞાનના અનંતમા ભાગથીજ જણાઇ રહેછે અને વળી આત્મા લોકાલોક પ્રકાશક છે.

---

શું. "નમે તે વધે" એ કહેવતનું નમ્રતામાટે અનુકરણ કરશું. પોતાને ચેલો જોઇતો હતો માટે પોતાથી એમ કહેવાઈ ગયું કે અહીં પણ ઠીક છે અને પોતે જાણતા તો હતા કે દિક્ષા લેવા આવનાર મનુષ્યને શ્રી **આદિશ્વર** ભગવાનપાસે મોકલવાથી વિશેષ લાભ છે. આ પ્રમાણે કંઈક માયા થવાથી થોડાક ભવસુધી રખડવું પડચું એમ આપણને ન થાય માટે **અયાચી** થવાનો પ્રયત્ન કરશું.

પિતાશ્રીએ દેવદુષ્યપણ અર્ધું આપી દીધું એ જોઈ આપણે પણ પરવસ્તુરૂપ પોતાની રિદ્ધિમાં લોભ ન કરી અન્નદાન વસ્ત્રદાન વિગેરે કરશું.

આપણી આસપાસ અને આપણી અંદર વ્યાપક એવી જ્યોતિની ભાવના કરતાં કરતાં પણ અનુભવીઓને દેખાતી જ્યોતિ આપણને પણ દેખાશે અને તેથી આપણને પણ અનુભવ થશે. આ કાળમાં અનુભવ તો સિદ્ધસ્વરૂપ જેવો છે, રત્નચિંતામણિ જેવો છે અને મોક્ષપ્રાપ્તિનો પણ ખરેખરો માર્ગ એજ છે.

આત્મા આવો મોટામાં મોટો અને પોતાના અનંત ભાગના જ્ઞાનથી, લોકાલોકના સકળ દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે-દેખે તે છતાં અહિરાત્મભાવથી તેને કેવો અનર્થ થયો છે? માટે સકળ માનવબંધુઓને આ લેખકની એવી વિનંતી છે, કે અનુભવ થાય તો તો ઇષ્ટ છે, પરન્તુ ન થાય તો વિતરાગવચનમાં શ્રદ્ધા રાખીને પણ પોતાના આત્મા કરતાં કોઇ પરવસ્તુને અધિક ગણવી નહીં. આત્મા ત્રણે લોકનો નાથ છે, એના જ્ઞાનને માટે લોકાલોકના પદાર્થો છે, આત્મા કાંઈ એને માટે નથી. માટે પોતાના દાસ એવા પુદ્ગલના દાસ થવા કરતાં પોતે પોતાનું સ્વરૂપ સમજી પોતાનાં ખરાં ધન જ્ઞાનાદિનાજ માલિક થવું એજ ઇહલોક-પરલોકમાં શ્રેયસ્કર છે. જેમ નાનોસરખો દીવોપણ ઘરના સર્વ પદાર્થોને, પોતાના પ્રકાશથીજ તેજમાં રાખી દેખેછે, તેમ જ્ઞાનનો અનંતમો ભાગપણ એ દિવાને, ચંદ્રને અને સૂર્યાદિ સર્વે પ્રકાશક પદાર્થોને પોતાના અનંત પ્રકાશમાં દેખી રહેછે-જાણી રહેછે.

ધ્યાની અભેદ ધ્યાન કેવી રીતે કરે?

**तत्स्वरूपाहितस्वांत-सद्गुणग्रामरंजितः ।**
**यो जयत्यात्मनात्मानं, तस्मिंस्तद्रूपसिद्धये ॥ ३५॥**

**અર્થ:**—ધ્યાન કરનારો પરમાત્માના સ્વરૂપમાં પોતાનું મન લગાડે, તેના ગુણસમૂહથી પોતે રંગાય અને તેના સ્વરૂપની પ્રાપ્તિને માટે પોતાના આત્માને, પોતે પરમાત્માના આત્મા સાથે (અભેદપણે) જોડે.

**વિવેચન:**—પરમાત્મા સાથે પોતાના આત્માને જોડવાથી પોતાના આત્મામાંજ રહેલા પરમાત્માના સકળ ગુણો પ્રગટ થાય.

જેમ સિંહને જોઇને બકરાના ટોળામાં ભરાઈ ગએલાં સિંહના સાવક ( બાળક )ને પોતાનું સ્વરૂપ યાદ આવ્યું. તેમ શ્રાવકો, સાધુઓ, અને આચાર્યો જે શ્રીજિનેશ્વર ભગવાન મહાવીરરૂપ સિંહના પુત્રો છે, તેઓએ પોતાના પિતાશ્રીનું સ્વરૂપ જોઈ પોતાનું સ્વરૂપ યાદ કરવું અને તે યાદ કરવાને તેના ગુણગ્રામથી જેમ જેમ આપણે રંગાઇએ, તેમ તેમ પોતાના આત્મામાં રહેલા પરમાત્માને યોગ્ય જે ગુણો, તે પ્રગટ થતા જાય, એટલે જણાતા જાય-દેખાતા જાય.

પરમાત્માને મનન, સ્મરણ, કીર્તન, ભજન, વંદન કરવું અથવા સમાધિસ્થ થઈ તેમનું પિંડસ્થ,[૧] પદસ્થ તથા રૂપસ્થ ધ્યાન ધરવું, તેમાં હેતુ એ કે, જેથી પોતાની સ્વરૂપપ્રાપ્તિ થતાં પોતાનુંજ રૂપાતીત સ્વરૂપ અનુભવાય.

ધ્યાની અભેદભાવ કેમ પામે છે?

इत्यजस्रं स्मरन्योगी, तत्स्वरूपावलंबितः ।
तन्मयत्वमवाप्नोति, ग्राह्यग्राहकवर्जितम् ॥ ३६ ॥

**અર્થઃ**—એ પ્રમાણે નિરંતર સ્મરણ કરતો, અને પરમાત્માના સ્વરૂપનું અવલંબન કરતો, યોગી, ગ્રાહ્ય પરમાત્મા અને ગ્રાહક પોતે ( અંતરાત્મા ) એ ભાવો જેમાં નથી, એવા તન્મય કહેતાં અભેદપણાને પામેછે.

**વિવેચનઃ**—જેનું સ્મરણ કરિયે તેવા પોતે થઇએ, એ વાર્તાના પૂરાવાની આજે ખોટ નથી, તેમાં પણ જેનું નિરંતર એ-

૧ પિંડસ્થાદિ ધ્યાનસ્વરૂપ, "ચતુર્વિધ ધ્યાનસ્વરૂપ-યોગશાસ્ત્રમાં જોવું."

ટલે અંતરરહિત, અટકયાવિના સ્મરણ થયા કરે તેની સાથે તો તન્મયપણું થાય, એમાં પણ કાંઈ આશ્ચર્ય નથી.

આ જગાએ એક વિચિત્ર ઉદાહરણ લખવામાં આવેછે, પ્રથમ જે ગ્રાહ્ય એટલે ધ્યેય અને ગ્રાહક એટલે ધ્યાની એવા સબીજ ધ્યાનનું ઉદાહરણ આપવામાં આવશે; અને તે ઉદાહરણનો ઉત્તરભાગ, તે નિર્બીજ ધ્યાનને પુષ્ટ કરશે. તથાપિ વાચક બાંધવો વા બહેનોને એ પ્રાર્થના છે કે ઉદાહરણનો સાર લઈ ઉદાહરણ મૂકી દેવું.

## ભેંસનું ધ્યાન.

એક ખેડુતને ત્યાં એક યોગીમહારાજ આવ્યા, જે એને ત્યાં પાંચ સાત દિવસ સુધી રહ્યા પછી તે યોગીમહારાજ જવાને તૈયાર થયા, ત્યારે તે યોગીએ તે ખેડુતને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે "બેટા, તારે કંઈ જોઇએ" પટેલે કહ્યું કે "મારે સ્ત્રી, પુત્ર, પુત્રની પત્નિ, ખેતર, ઢોર, ઘર વગેરે જે જોઇએ તે છે, અને અમો સઘળાં આ હાલતમાં પૂર્ણ સુખી છઇએ."

પછી જ્યારે યોગીમહારાજ પચાસેક કદમ આગળ ચાલ્યા એટલે પટેલ પછવાડે જઈ કહેછે કે, "સાહેબ, મને ખબર નથી; પરન્તુ લોકો કહેછે કે, યોગીઓ પોતાની ઝોળીમાં ભગવાન રાખે છે, માટે આપની ઝોળીમાં ભગવાન હોય તો આપો."

તે સાંભળી યોગીરાજ હસ્યા. અને કહ્યું કે, જો તારે ભગવાન જોઇએ છે તો તને મળશે, ત્રીસેક દિવસનું[1] કામ છે.

---

૧ एवं त्यक्त्वा बहिर्वाचं, त्यजेदंतरशेषतः ।
एष योगः समासेन, प्रदीपः परमात्मनः ॥
(સમાધિશતકપરથી સૂચિત.)

પછી પટેલની પ્રાર્થનાથી યોગીરાજ તેમને ઘેર પધાર્યા, યોગીરાજે પટેલને કહ્યું કે, "તારૂં ક્ષેત્ર લુંટાઈ જાય તો ?" "તો તો ખોટું" પટેલે કહ્યું; પરન્તુ મારાં ઘરો છે એટલે મને ચાલશે. "તારાં ઘરો બળી જાય તો ?" યોગીરાજે પ્રશ્નપરંપરા હાથમાં લીધી. "કંઈ નહીં મહારાજ" મારો પુત્ર, તેની સ્ત્રી, હું અને મારી સ્ત્રી એટલાં મહેનત કરશું. અમારાં ઢોરો અમને કમાવી આપે એટલાં છે. આ સાંભળી યોગીરાજે પ્રશ્ન કર્યો,–"તારો પુત્ર, તેની સ્ત્રી અને તારી સ્ત્રી પણ મરણ પામે તો ?"

પટેલને તો પ્રત્યેક પ્રશ્ને ધાસ્તી વધવા લાગી, અને તે ખૂબ ગભરાઇને બોલ્યો કે, સાંભળો યોગીરાજ! ગમે તો બધું જાય, અને છેવટે હું પણ મરૂં તેની મને જરા પણ ફિકર નથી, પણ આ મારા ઘરની પછવાડે વાડામાં મારી વહાલામાં વહાલી ભેંસ છે, તે જીવે. આ ઉપરથી જણાશે કે પટેલને પોતાના જીવ કરતાં પણ ભેંસ વહાલી હતી.[1]

પટેલ પોતે વાડામાં પોતાનો ખાટલો ભેંસ પાસે રાખી ત્યાંજ

---

૧ તેમ કેટલાક ભોળાને પોતાના શાશ્વત જીવના કરતાંપણ ભેંસ જેવો દેહ વધારે વહાલો હોય છે. જો એમ નહીં હોય તો, આ ભેંસ જેવા વિષયોના મેલા ખાબોચિયામાં ખરડાતા દેહને માટે આટલાં, સાચાં ખોટાં કરે!! અરે પટેલ, તું તારી પાસે ને તારા જીવ કરતાં વધારે (ભેંસને) માને છે તો અમે પણ તારા જેવા મૂઢ છિયે; કારણ કે અમે અમારા જ્ઞાનરૂપ જીવની દરકાર ન કરી, ભેંસના ભાઈ જેવા દેહને માટે મરીએ છીએ.

બેસતા ઉઠતા, અને જે કોઈ મળવા આવે, તેમની પાસે પોતાની ભેંસનાં શીંગડાંનાં તેમજ તેના ઝીણા ઝીણા આછા વાળનાં, તેના શરીરનાં, તથા તેની ખરીનાં, વગેરે વખાણ કરવામાં પોતાનો વખત નિર્ગમન કરતા. અને તેને ખવરાવવા પીવરાવવામાં તથા નવરાવવા-ધોવરાવવા વગેરેમાંજ પોતાના જીવિતનું સર્વસ્વ ગણતા હતા. (આપણે પણ પટેલની માફક ભેંસ જેવા દેહનીજ આખો દહાડો વાત કરિયે છીએ).

હવે આ પટેલના જીવિતરૂપ ભેંસની વાત યોગીને હાથ આવી તેથી પટેલના મંનની કુંચી તો આમ યોગીરાજને મળી.

પટેલના ઘરની પરશાળમાં બે સામસામા ઓરડા હતા, તે-માંના એકમાં યોગીરાજ બેઠા અને બીજામાં પટેલ બેઠા.

પટેલને યોગીએ ત્યાં રહી ભેંસનું ધ્યાન ધરવાનું કહ્યું. પટેલ પોતાના મનની આંખે ભેંસને જોવા લાગ્યા, પટેલ શીંગડાં બરાબર જોઇ શકયા; પરન્તુ પછી પટેલનું મન સ્થિર ન રહેવાથી, તે ભેંસના બીજા અવયવો બરાબર જોઈ શકયા નહીં.

બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે એમ પંદર દિવસો સુધી પટેલ ભેંસના ધ્યાનમાં બબ્બે ઘડી બેઠા; અને પંદરમે દિવસે પટેલને પોતાની વહાલી ભેંસનું બરાબર દર્શન થયું. ત્યારે યોગીને કહેવા લાગ્યા કે, જો મને ચિત્ર કહાડતાં આવડતું હોય તો હું મારી ભેં-સનું બરાબર ચિત્ર ચિતરી આપું. એક જરા સરખા ભેંસના વાળને પણ જોઇ શકું છું.

આમ પોતાને અત્યંત પરિચિત એવી ભેંસનું ધ્યાન કરતાં કરતાં પટેલ, એકાગ્રતાની સ્થિતિએ ચઢ્યા, યોગશાસ્ત્રમાં એને "સબીજ-

ધ્યાન" કહેછે. તેમાં પટેલ કાંઇક પહોંચ્યા. ઇતિ "સબીજધ્યાન" અથવા આ દૃષ્ટાંતનો પૂર્વભાગ.

અથ નિર્બીજધ્યાનઃ—( ભેંસના ધ્યાનનો ઉત્તરભાગ ) પછી સોળમે દિવસે પટેલ બે ઘડી સુધી તેજ ભેંસ, કે જેનું એકાગ્રતારૂપ ધ્યાન થઈ ગયું છે. તેના ધ્યાનમાં મગ્ન થયા.

આમ બીજા પંદરેક દિવસ સુધી ધ્યાને ચડતાં ચડતાં જ્યારે ત્રીશ દિવસો પૂરા થયા ત્યારે, જે ઓરડામાં પટેલ બેઠા હતા, તેના બારણામાંથી બહાર નીકળતી વેળાએ ખુબ ડોકું મરડવા લાગ્યા અને બહુ મુશ્કેલીએ ઓરડામાંથી બહાર આવ્યા.આ મુશ્કેલીનું કારણ એ કે, 'પટેલ પોતાને ભુલી ગયા; અને એમ ધાર્યું કે, આ ઓરડાનું બારણું નાનું છે, અને મારાં શિંગડાં મોટાં છે" તો મહારાથી કેમ બહાર નીકળી શકાય? તેથી શિંગડાં ફેરવી માંડ માંડ બહાર આવ્યો.

આમ પટેલ પોતાને ભૂલી ભેંસરૂપ બની ગયો, એજ રીતે જેનું ધ્યાન કરતાં અધ્યવસાય ધ્યેયરૂપજ થઈ પોતાને ભૂલાવી દે તે નિર્બીજધ્યાન કહેવાય છે. "ઇતિ નિર્બીજ સમાધિદૃષ્ટાંત."

**નિચોળ:**—જેમ પટેલે પોતાનાં સર્વ સગાં, ઘરકુટુંબ, પુત્ર અને આખરે પોતાનો દેહ પણ મૂકી દીધો, એટલે સર્વમાંથી પોતાની પ્રીતિ કે મન કહાડી લઈ, ફક્ત એક ભેંસનુંજ ધ્યાન કર્યું. તો પહેલાં તેણે ભેંસ દીઠી, પછી આગળ વધતાં ભેંસના ગુણો જોવા લાગ્યો. એટલે ત્રીસમે દહાડે ભેંસરૂપ યથાર્થ છું તેમ થયું. ( તેમ હું લાલન એમ નથી કહેતો કે ભેંસનું ધ્યાન કરજો, પરન્તુ તેની પેઠે સર્વ વસ્તુમાંથી, પ્રીતિ કે મન કહાડી લેતો આપણું પરમાત્માનું ધ્યાન સિદ્ધ થાયછે; એ કહેવાની મતલબ છે. )

એમ સર્વ વસ્તુમાંથી પ્રીતિ કે મન કાઢી પરમાત્માનું ધ્યાન કરવાથી પ્રથમ એટલે સબીજ ધ્યાનાવસ્થામાં પરમાત્માનું બાહ્ય-સ્વરૂપ અને નિર્બીજ અવસ્થા થતાં પરમાત્મસ્વરૂપ પ્રગટે છે એવો ભાવ છે.[૧]

આમ ગ્રાહ્ય ગ્રાહકભાવ ભૂલી, એટલે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનને ભૂલી પરમાત્મારૂપ ધ્યેયનું ધ્યાન કરતાં કરતાં ધ્યાતા પરમાત્મા સાથે અભેદરૂપ બની જાય.

ગ્રાહ્ય ગ્રહણ, અને ગ્રાહક એ એકજરૂપ જ્યારે જણાય, અને તેમાં આ ત્રણે વિકલ્પો જ્યારે જતા રહે, ત્યારે ધ્યાનની પરિસમાપ્તિ થઈ. એમાં એક સરળ ઉદાહરણ એવું છે કે, હિમ, જળ અને બાષ્પ, ત્રણે કોઈએક અચિંત્ય વસ્તુના પર્યાયો છે. તે વસ્તુ કઈ? તેને માટે નામ નથી; પરન્તુ તેના ત્રણ સ્વરૂપનું ધ્યાન જતું રહેવાથી જે વસ્તુ આ ત્રણે સ્વરૂપે પ્રગટ થતી જણાય છે તે અચિંત્ય વસ્તુનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

---

૧ પરન્તુ આપણે પટેલ કરતાં ઉલટું કરવાનું છે, તે એકે પટેલે પોતાની સ્ત્રી, પુત્ર, તેની પત્નિ, ઘર, ક્ષેત્ર, ને સર્વે છોડયું એટલુંજ નહીં પણ પોતાની દેહપણ છોડી, ભેંસ રાખી, તેમ આપણે જે પોતાના એટલે શરીરના કહેવાતા. એવા ઘર આદિમાંથી તેમજ સગાં કુટુંબ, જગા, દાગીના એટલામાંથીજ પ્રીતિ કહાડી નાંખવી એટલુંજ નહીં પણ પોતાના દેહમાંથી પણ પ્રીતિ કે મન કહાડી નાંખીને પોતાના અંતરાત્મામાં અખંડ પ્રીતિને કે મનની ધારાથી જે પરમાત્મસ્વરૂપ સમજાયું હોય, તેવું એક માસસુધી રાખીને નિર્બીજધ્યાન કરવું. તેથી આ વખતે પણ અવશ્ય લાભ થશે.

ધ્યાતા અંતરાત્મા, ધ્યેય પરમાત્મા, ધ્યાન અંતરાત્માનો અખંડ પ્રેમભાવ, એમ ચિંતવી એકાગ્ર મનથી પરમાત્માના પ્રથમ બાહ્યસ્વરૂપનું અને પછી અંતર્ગુણનું પોતાના ગુણસાથે અભેદભાવે મેળવતા જઇ ચિંતવન કર્યાજ કરવું તે જ્યાંસુધી ધ્યાતા, ધ્યેય ને ધ્યાન કોઇએક અચિંત્ય આત્મસ્વરૂપનાં ત્રણ સ્વરૂપો છે એમ ન જણાય ત્યાંસુધી એ ત્રણેને છૂટાં પાડવાંજ નહીં. અને પરવસ્તુમાંથી સઘળી પ્રીતિ લઈ પરમાત્માને ખરા જીગરથી અર્પો એટલે, બીજી કોઇપણ વસ્તુથી, તેનું મન કયાંએ ખેંચાશે નહીં. લાલનના પિતૃ નિર્વિશેષગુરૂ શ્રી **આનંદઘન** પણ કહેછે કેઃ—

"કપટ રહિત થઈ, આતમ અર્પણે રે

**આનંદઘન** પદ રેહા" (ઋષભ જિનેશ્વર પ્રીતમ મહારો રે) **આત્મા,**[1] **અંતરાત્મા**[2] અને **પરમાત્મા**[3] આ ત્રિપુટી પણ એકરૂપ આવી રીતે છે. અંતરાત્મા પોતાનામાંજ પરમાત્માનું સ્વરૂપ જાણી અત્યંત પ્રીતિવાન થાય અને એ પ્રીતિ—રૂપ આત્મા—વડે પરમાત્મામાં રમણ કરે એટલે, પોતાનામાં જણાતા પરમાત્મામાં રમણ કરે. આમ આત્માથી, આત્મામાં (અંતરાત્મામાં) આત્માને (પરમાત્માને) જાણે. આમ ધ્યાનની શરૂઆતમાં દેખાતું પરમાત્માનું, અંતરાત્માનું કે તેવા ભક્તિમાન તથા ઉત્સાહક આત્માનું સ્વરૂપ યથાર્થ સોળે સોળ આના કોઇનું પૂર્વે નહોતું પરંતુ પછી ધ્યાનની પરાકાષ્ઠા થતાં (એક એવી સત્યવસ્તુ પોતેજ જણાઇ જાય છે કે આ વચન ખરૂં ઠરે) આત્માજ આત્મામાં આત્મને જાણે છે, જુએ છે.

દ્રવ્યોનું એટલે વસ્તુનું વસ્તુરૂપે જ્ઞાન સકળ પર્યાયોથી પર હોય એમ અનુભવ થાય છે, વસ્તુમાં પર્યાય અનુગત છે એ વાત ખરી, પરન્તુ એ પર્યાયો, વસ્તુનું અખંડ જ્ઞાન, અસ્થિર મનવાળાને કરવા દેતા નથી. એ પર્યાયને વસ્તુ ધારી લેછે. અને પર્યાયના વિનાશથી એટલે વ્યયથી વસ્તુનો નાશ સમજે છે. એ પર્યાય, (જેને એ વસ્તુ ગણે છે તેનું રૂપાંતર થતાં જે એનાથી દેખી શકાતું નથી) તેના દેખાતા નાશથી તે દુઃખી પણ થાયછે.

જેમ કે, ઘરમાં એક કાચનું સુંદર પાત્ર હોય, તે કોઈ અકસ્માતથી ફુટી જાય, તો મૂર્ખાઓ રડે છે, પરન્તુ જાણતા નથી કે, તેના સકળ પરમાણુઓ એમનાએમ રહ્યા છે, વળી પોતાના મનમાં તે સુંદર પાત્રનો સંસ્કાર નાશ પામ્યો નથી, એટલે પાછાં તેથી પણ સુંદર એ પાત્રો થઈને આવે છે, ત્યારે તેની વાસનાથી પાછી તે વસ્તુ મેળવી શકે છે. કદાચ દ્રવ્યરૂપે હરેક દ્રવ્ય શાશ્વત છે, તોપણ તેની વાસનાપણ સારી નથી કારણ કે તેથી પર એવા દ્રવ્યનીસાથે જીવ બંધાઈ રહેછે.

ધ્યાતા, ધ્યાનને મૂકી ધ્યેયમાં કેમ લીન થાય છે?

**अनन्यशरणीभूय, स तस्मिँल्लीयते तथा ।**
**ध्यातृध्यानोभयाभावे,–ध्येयेनैकं यथा व्रजेत्[1] ॥ ३७ ॥**

**અર્થ:**—ધ્યાન ધરનાર પુરૂષ અન્ય સર્વ શરણ છોડી પરમાત્માના સ્વરૂપમાં એવી રીતે લીન થાયછે કે, ધ્યાતા અને ધ્યાન

૧ આનન્દનંદનની સહજસમાધિ શ્લોક ૯૭ માંનું વિવેચન જોવાથી આ અર્થ વિશેષ સ્પષ્ટ થશેજ.

એ બેનો જેમાં અભાવ છે, એવા ધ્યેયની સાથે એકતા પ્રાપ્ત કરે, તેથી ધ્યાતા ધ્યાન અને ધ્યેયનો[1] ભેદ રહે નહીં.

**વિવેચનઃ**—આગલા શ્લોકના વિવેચનમાં જેણે સલક્ષ થઈ વાંચ્યું હશે અને તેનાપર મનન કર્યું હશે, અને પછી ક્રિયામાં મૂકયું હશે, તેને આ શ્લોકનો અર્થ હસ્તામલકવત્ થશે.

તથાપિ અનન્ય શરણીય–અર્થાત્ ધ્યેયમાં એવી પ્રવૃત્તિ થાય કે, જાણે તું તેજ હું–(**त्वं परमात्मानमेवाहं**) આમ થયું તો આત્માનુભવ અપરોક્ષ થશેજ.

સમરસી ભાવનું ફળ.

**सोऽयं समरसीभाव, स्तदेकीकरणं स्मृतम् ।**
**अपृथक्त्वेन यत्रात्मा, लीयते परमात्मनि ॥ ३८ ॥**

**અર્થ**—જે ભાવથી આત્મા પરમાત્મામાં બીન જૂદાઈથી

---

૧ ધ્યાતારૂપ બરફ (ice) ધ્યાનરૂપ જળમાં મળે તો ધ્યાનરૂપ જળ ધ્યાતારૂપ બરફના સમાગમથી થંડું થઈ જાય, પરન્તુ ધ્યાતારૂપ આઇસ–બરફને ધ્યાનરૂપ જળ પીગળાવી નાંખે. ધ્યેયરૂપ વરાળમાં પ્રથમ ધ્યાનરૂપ જળ ધ્યાતા બરફના બળે ચડી વરાળરૂપ ધ્યેયમાં ભળે છે અને ધ્યાતારૂપ આઇસ પણ જળરૂપ પ્રથમ થઈ પછી અંતે ધ્યેયરૂપ વરાળમાં મળી ત્રણે વરાળરૂપ થયાં, એટલે ધ્યાતા ધ્યાન જેમ મૂળ શ્લોકમાં કહ્યું છે તેમ છોડી ધ્યેયરૂપ બની જાય છે. આમ કરવાથી ધ્યાતારૂપ અંતરાત્મા ધ્યાનરૂપ પરમાત્મભાવરૂપ આત્મા, અને ધ્યેયરૂપ પરમાત્મા એ ત્રણેમાં ભેદ રહેતો નથી, અભેદરૂપ થઇ રહેછે. અહીંઆ ધ્યેય. વરાળ, ધ્યાન જળ અને ધ્યાતા બરફ છે તે દૃષ્ટાંતમાં ધ્યેય પરમાત્મા, ધ્યાન અંતરાત્મા, ને ધ્યાતા બહિરાત્મા જણાય છે.

લીન થાયછે, તેજ સમરસીભાવ એટલે આત્મા પરમાત્માનો સમાન ભાવ છે. તેજ આત્મા પરમાત્માનું એકીકરણ છે. સમરસી ભાવથી આત્મા પરમાત્મા થાયછે.

**વિવેચન.**—આત્મામાં જ્ઞાન ઓછું અને પરમાત્મામાં કંઈ વિશેષ છે ? નહીં, બન્નેમાં સરખું છે. જ્ઞાનમાં તફાવત નથી. બન્નેનાં જ્ઞાન વસ્તુતઃ લોકાલોક પ્રકાશક છે. પરન્તુ તફાવત આવરણનો છે, અંધકાર વાદળામાં છે, સૂર્યમાં નથી. એક સાવર્ણ, અને બીજો નિરાવર્ણ, એક વાદળાની પછવાડેનો સૂર્ય, બીજો વગર વાદળાનો સૂર્ય. સૂર્યતો બન્ને સમાનજ. 'તેમજ' સૂર્યનો પ્રકાશ પોતાનામાં કંઈ ઓછો નથી. પન્તુ જેમ સૂર્યની વચમાં આવેલાં વાદળાંને લીધે બહિરાત્મભાવ હોવાથી તે સૂર્યને ઝાંખો કે થોડો દેખે, પરન્તુ અંતરાત્માતો—વાદળાંની પછવાડે (ભાવિમાં થનાર હોય તો તેને પણ) સૂર્યને દેખે, તેમજ વગર વાદળાંના સૂર્યને તો દેખેજ છે. બહિરાત્મા કોઈમાં પરમાત્મા દેખે છે અને કોઈમાં નથી દેખતો. અંતરાત્મા **જ્ઞાન દર્શન** જોનાર હોવાથી, જ્ઞાનને આત્મા સમજવાથી સર્વેને પરમાત્મારૂપે દેખેછે, (ગુણ, સમાનતાથી, દોષ અને વાદળાં અડચણ કર્તા નહીં હોવાથી.) માટે અંતરાત્માએ સમભાવી આત્માને ભાવિ પોતાનામાં જણાતા પરમાત્માને જે અનુકૂળ હોય, તેજ અનુકૂળ ગણી, તેજ ગુણો છે માટે એ ગુણોવડે આવરણ દૂર કરવાં કે જેથી જ્ઞાનાદિ મલિન છે એમ ન કહેવાય. કચરો–કર્મ–મેલાં છે એમ ભલે હો.. પરન્તુ અરૂપી આત્માને એ આરોપ ઘટતો નથી. ફક્ત સ્થિતિભ્રાંતિથી એ થયું છે એટલે પોતે પરમાત્મા છે;

પરન્તુ દેહાદિ વાદળાંને પોતે માની કહે કે, હું માણસ છું. એટલે પુદ્ગલરૂપ વાદળું છું. પરન્તુ આમાં બહિરાત્માપણુ પરમાત્મારૂપી સૂર્યના પ્રકાશથી ન અંજાતા અથવા બીજા મહાત્મા પુરૂષના જ્ઞાનપ્રકાશને તે મહાત્માઓને આવરણદ્વારાએ જોવા એ ઠીક છે, પરન્તુ તેમને પરમાત્મા સાથે સમરસી ભાવ ન થાય તો પરમાત્માના રસીક થવું તે ક્યાંસુધી કે જ્યાંસુધી દેહાત્મા પોતાથી પર છે. એટલે દેહથી પરમાત્માની સેવાભક્તિ કરવા હજુ જીવું છું એમ જણાય ત્યારે હું તું સરખા છીએ. આ વાદળાને લીધે હું તારી (અથવા મારા શુદ્ધચૈતન્યપાસનો) અંશમાત્ર પણ નથી, તોપણ લાગુંછું માટે તારા ધ્યાનથી પૂર્ણપણું પામું એવું ઇચ્છું છું; પરન્તુ હું આત્મા છું અને તું પણ આત્મા છે એવું થતાં સમરસીભાવ પ્રગટે છે. અન્યસ્થળે કહ્યું છે કેઃ—

देहबुद्ध्या तु दासोऽहं, जीवबुद्ध्या त्वदंशकः ।
आत्मबुद्ध्या त्वमेवाहं, इत्यत्रनैव संशयः ॥

ભાવાર્થઃ—જ્યારે દેહ હું છું એવી બુદ્ધિ મને થશે, ત્યારે હું તારો દાસ થઇશ અને જીવબુદ્ધિ થઈ તો હું તારો અંશ છું એમ જાણીશ, પરન્તુ આત્મબુદ્ધિ થઇ તો, હું તે તુંજ त्वमेवाहं એમાં કાંઈ સંશય જેવું નથી.[1]

એ તે તેજ છે.

अनन्यशरणस्तद्धी स्तत्संलीनमानसः ।
तद्गुणस्तत्स्वभावात्मा, तदात्मा सएवसन् ॥ ३९ ॥

---

૧ દેહબુદ્ધિ બહિરાત્માને, જીવબુદ્ધિ અનુભવ થયેલા-સમ્યક્ દૃષ્ટિને અને આત્મદૃષ્ટિ, અપ્રમત્ત ગુણસ્થાનકવાળાને હોય છે.

**અર્થ:**—એકીકરણ આત્મા પરમાત્માના શરણ શિવાય બીજું કારણ હેતો નથી. તેમાંજ તેનું મન લીન થએલું હોયછે, તેનાજ ગુણો તેનામાં હોયછે. તેનુંજ શુદ્ધસ્વરૂપ, તે પોતાનું સ્વરૂપ છે. તે અને એ એક સ્વરૂપવાળા હોવાથી એ તે તેજ છે.

**વિવેચન:**—સઃ તેજ अहम् છે. એટલે सोहम् છે. પોતાનું સ્વરૂપ તેજ પરમાત્માનું સ્વરૂપ છે, એમ અનુભવાય છે.

ધ્યાન-ધ્યેયનું એકત્વ.

**उक्तं च–कटकस्य कर्ताहमिति, संबंधः कीदशस्तदा।**
**ध्यानध्येयौ सदा स्याता–मात्मैवात्र ध्रुवं यदा ॥**[1]

**અર્થ:**—કડાનો કર્તા, એમાં કડું અને કર્તા, એમ બન્નેનો સમ્બન્ધ હોયછે, પણ જ્યાં ધ્યાન અને ધ્યેય, બન્ને આત્માજ છે, ત્યાં બે જાૂદી વસ્તુનો સંબંધ કયાં રહ્યો?

**વિવેચન:**—મારો આત્મા, એમ બોલનાર હું અને આત્મા એમ જુદી વસ્તુઓ હોય તેમ ગણે છે; અને હું તથા આત્માનો સમ્બન્ધ ભ્રાંતિથી દેખાડે છે. પણ હું એજ આત્મા હોવાથી મારૂં શરીર, મારૂં મન, મારૂં વચન, મારૂં ઘર, ઇત્યાદિ વાકયો વ્યવહારમાં ખરાં છે, પણ મારો આત્મા એતો વ્યવહારમાં, તેમજ પરમાર્થમાં, એમ ઉભયમાં ખોટાં છે, કારણ કે આત્મા તેજ હું છું. "स एवाहमस्मि" મારો આત્મા એમાં મારો એમ કોણ કહેછે?

૧ મૂળ પ્રતમાં આ શ્લોકનું ઉત્તરાર્દ્ધ ઉડી જવાથી ભાષાંતર કરનારના અર્થ ઉપરથી તેનું ઉત્તરાર્દ્ધ જામનગર નિવાસી પંડિત શ્રાવક હિરાલાલ વિ. હંસરાજે રચેલું છે.

જે મારો એમ મોઢાદ્વારા બોલવા પ્રયત્ન કરેછે, તેજ આત્મા. મારો આત્મા-એમાં મારો એ દેહને લગાડે અને જાણે દેહ એમ કહે કે મારો *આત્મા એ અસંભવિત છે કારણ કે દેહ જડ છે. અને જડ દેહ મારો આત્મા એમ ચિંતવી શકે નહીં. માટે મારો આત્મા, એમાં મારો એ બહિરાત્મભાવથી-જડભાવથી બોલાય છે. માટે એવા હડહડતા મિથ્યાભાવને દૂર કરી આત્માજ હું એમ ઓળખવું.

પરમાત્મજ્ઞાનથી તરત શું થાયછે ?

यदज्ञानाज्जन्मी भ्रमति नियतं जन्मगहनं ।
विदित्वायं सद्यस्त्रिदशगुरुतो याति गुरुताम् ॥
स विज्ञेयः साक्षात्सकलभुवनानंदनिलयः ।
परं ज्योतिस्त्राता परमपुरुषाचिंत्यचरितः ॥ ४० ॥

અર્થઃ—જેના જ્ઞાનવિના પ્રાણી (જન્મ લેનારો) નિશ્ચયે જન્મરૂપી વનમાં ભમે છે, અને જે (આત્મા) ને જાણવાથી તરતજ ઇંદ્રના ગુરુ બૃહસ્પતિ કરતાં પણ વિશેષ મોટાઇને પા-

* મારો આત્મા એ માત્ર એક અપેક્ષાથીજ ખરૂં એમ કહેવાય. તે આ અપેક્ષા-જાણે કે સો ટચનું સોનું એમ બોલે, મારૂં કડું (સોનાનું કડું) મારી સાંકળી (સોનાની સાંકળી) તો તે ખરૂં છે. કારણ કે સોનું, કડું, અને સાંકળી આ ત્રણે જૂદાં નથી. તે સુવર્ણમાંજ છે, એજ સોનું કડું થાયછે. તેજ સોનું પાછી સાંકળી થાયછે. તેમજ એ આત્મારૂપે શુદ્ધ સુવર્ણની માફક એક રૂપે રહી મારૂં જ્ઞાન, મારૂં દર્શન, મારૂં સુખ, મારૂં વીર્ય. (એટલે આત્મતત્ત્વનું જ્ઞાન, દર્શન વગેરે) પરંતુ દેહભાવમાં રહી મારો આત્મા કહેવો એ તો ઠીક નથી-ભ્રાંતિકર છે.

મે છે, વળી જે સકળ લોકના સાક્ષાત્ સકલ ભુવનને આનંદનિવાસ જ છે, તે ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ પ્રકાશ છે, ( સકળ જંતુના ) પાળક છે, પરમ પુરુષ છે, તથા જેનું ચરિત ચિંતવી ન શકાય તેવું છે, એવા પરમાત્માને જાણવો.

**વિવેચનઃ**—જે લાભથી વિશેષ લાભ કોઈ નથી, એટલે કે જે સાદિઅનંતપણું આપે છે, જે બૃહસ્પતિના ગુરૂ થવાને યોગ્ય એવું જ્ઞાન આપેછે, જેથી આનંદમાં નિરંતર મગ્ન થવાય છે, જે લોકાગ્રનું પ્રકાશક છે, જે સર્વ જીવોને પોતાની વાણીથી રક્ષે છે જે અનંતવીર્યને દર્શાવે છે, એવા સર્વને અચિંત્ય પરન્તુ ધ્યાનીને અનુભવગમ્ય થતા પરમાત્માને જાણવો, એના જેવું એકે શ્રેષ્ઠ કાર્ય નથી.

ડૉકટર બક (Dr. Bucke )પોતાના ( Cosmic Consciousness ) **અનુભવજ્ઞાન** નામના પુસ્તકમાં લખે છે કે " તે માણસનું ( અનુભવીનું ) નીતિવર્તન સર્વ સામાન્ય લોકોથી અત્યંત ઉત્કૃષ્ટ છે. ઇંદ્રિયો અને વિકારો તેના ઉપર કોઈ પણ કાળે ફાવી જતા નથી, પણ તેને વશવર્તી રહેછે. તેની બુદ્ધિ કંઈ નથી સમજતી એમ નથી. તે સર્વ દ્રવ્યના યથાર્થ જ્ઞાનને અનુલક્ષે છે. તેના દેહમાં મમત્વ જવાથી, અને પોતાના સુદ્ધાં સર્વ જીવોમાં સમાનભાવ હોવાથી અલૌકિક દયાવાળો હોય છે. એટલુંજ નહીં પરન્તુ પોતાના મનપર પરિપૂર્ણ કાબુ હોવાથી સમાધિસ્થ થઈ, ભય ભગાડે છે, મોતનીપર પોતાના જીવનને શાશ્વત અનુભવે છે, અપૂર્વ શાંતિ શાંતિમાં ઝુલી રહે છે, કર્મનું બળ ઘટી

જઈ લૂલા લાગતા જણાય છે, અપૂર્વ જાગૃતિમાં રાત્રદિવસ રહી, આનંદસરોવરમાં મગ્ન રહેછે."

સવીર્યધ્યાનનો ઉપસંહાર.

**इत्थं यत्रानवच्छिन्न-भावनाभिर्भवच्युतम् ।**
**भावयत्यनिशं ध्यानी-तत्सवीर्यं प्रकीर्तितम् ॥ ४१ ॥**

**અર્થ:**—એપ્રમાણે જે નિરંતર ધ્યાનમાં ભાવનાઓથી સંસારરહિત પરમાત્માને રાત્રિદિવસ ધ્યાવેછે તે ધ્યાન, તે સવીર્યધ્યાન કહેવાય છે.

**વિવેચન:**—જો વીર્યયુક્ત ધ્યાન કરવામાં આવે, તો આ ભવમાંજ અનુભવજ્ઞાન થઈ-ગ્રંથીભેદ થઈ, ઉપશમ સમ્યકૃત્વ પામી, શ્રેણીપર ચડી, જીવ **પરમાત્મદશાને** અનુભવે છે, એમ આ પ્રકરણનો સાર છે.

સમાધિશતકમાં પણ કહ્યું છે કેઃ—

**एवं त्यक्त्वा बहिर्वाचं, त्यजेदंतरशेषतः ।**
**एष योगः समासेन, प्रदीपः परमात्मनः ॥**

**અર્થ:**—જે (સવીર્ય) થઈ બહિર્વાચાને, અને અંતરમાં થતા સકળ અંતર જલ્પને (વિકલ્પોને) છોડી દે છે, તે એક માસ જેટલા ટૂંકા વખતમાં **પરમાત્માની** જ્યોતિ પ્રાપ્ત કરવારૂપ યોગને પામેછે.

इति ज्ञानार्णवे योगप्रदीपाधिकारे आचार्यश्रीशुभचंद्रदेवविरचिते सवीर्यध्यानप्रकरणं समाप्तम् ॥

॥ शुभं भूयात् सर्वजंतूनां ध्यानिनां च ॥

# શ્રી શુભચંદ્રાચાર્યવિરચિત જ્ઞાનાર્ણવના યોગપ્રદીપ અધિકાર ઉપરની શ્રી દેવચંદ્ર મુનિકૃત ધ્યાનદીપિકા.

ગુણ અનંતધર જીવને, વંચે ભવમે કર્મ; ધરો નિજ ભાવના ॥ ૧ ॥ ટેક.
રાગદ્વેષ મુખહિ વહઢ્યા, શત્રુ હણું ધરી ધ્યાન ॥ ધરો૦ ॥
આતમ લખો નિજ જ્ઞાનસું, બાલી કર્મ અજ્ઞાન ॥ ધરો૦ ॥
કર્મહણું તિમ ધ્યાનશું, જેમ ન પડું ભવમાંહે ॥ ધરો૦ ॥
ભવ જવર અજ્ઞાને નડ્યા, નવી દીઠો શીવરાહ ॥ ધરો ૩ ॥
પરમાતમ જગગુરૂ ઠગ્યો, નિરસ વિષયને સંગ; ॥ ધરો૦ ॥
સર્વજ્ઞ આતમ નવી લેખીયો, ભ્રમ અજ્ઞાને રંગ ॥ ધરો૦ ॥ ૪ ॥
આતમરૂપ પિછાણવા, જ્ઞાનદ્રષ્ટિ કરી દેખ ॥ ધરો૦ ॥
પંચધ્યેય[1] અરૂ આતમા, જ્ઞાન ગુણ એક લેખ ॥ ધરો૦ ॥ ૫ ॥
નિત્ય છતો છે સહજ તે, કેવળ ગુણ મુજમાંહી. ॥ ધરો૦ ॥
મોહ દાહ, ત્યાં પીડવે, જ્ઞાન અમૃત જ્યાં નાહિ. ॥ ધરો૦ ॥ ૬ ॥
કર્મ ઉદય, ચઉગતિ ભમું, નિશ્ચય સિદ્ધ સ્વરૂપ, ॥ ધરો૦ ॥
કર્મને ભજું કેમ હું, અનંત ચતુષ્ટય ભૂપ[2] ॥ ધરો૦ ॥ ૭ ॥
તજી આશા નિજ શક્તિશું, હું આનંદ સ્વભાવ ॥ ધરો૦ ॥
છેદ અજ્ઞાન અનાદિનો, આજ લહ્યો નિજદાવ ॥ ધરો૦ ॥ ૮ ॥

---

૧ ધર્મ-અધર્મ-આકાશ-પુદ્‌ગલાસ્તિકાય અને કાળ એ પાંચ દ્રવ્ય ધ્યેય. અને જ્ઞાન ગુણમય એટલે પ્રકાશમય જીવ. ૨ અનંત દર્શન,-અનંત જ્ઞાન-અનંત ચરિત્ર અને વીર્ય એ ચાર.

એમ જાણી ધીરજ ધરી, રાગાદિ મલ ખોય ॥ ધરો૦ ॥
ધ્યાવે આતમ શકિતશું, ધર્મ શુકલ ધ્યાન હોય ॥ ધરો૦ ॥ ૯ ॥
ધ્યાનાધ્યે સ્વરૂપથી, ધ્યાવો સ્વવેદ ધ્યાન ॥ ધરો૦ ॥
કર્મહીન સર્વજ્ઞતા, નિર્મળ શીળ ભગવાન ॥ ધરો૦ ॥ ૧૦ ॥
જડચેતન જીવાદિએ, ધ્યેય સ્વભાવ પિછાણી ॥ ધરો૦ ॥
ધ્યાન લહો મન સ્થિર કરો, જ્ઞાન ધ્યાએ આણી ॥ ધરો૦॥ ૧૧ ॥
પરમેશ્વર પરમાત્મા, ધ્યેય અરૂપી દેવ; ॥ ધરો૦ ॥
દ્રવ્યાર્થિક નય શાશ્વતો, એ પરમાતમ સેવ. ॥ ધરો૦॥ ૧૨ ॥
ભવદ્રુમ ક્ષયકર શુદ્ધ છે, જ્ઞાનથકી પરભિન્ન ॥ ધરો૦ ॥
જગત સકલ આદર્શ જયું, જીર્ણ જ્યોતિમય ॥ ધની૦ ॥ ૧૩ ॥
દર્શન, જ્ઞાન, આનન્દમય, અક્ષર વિગત વિકાર ॥ ધરો૦ ॥
ઇંદ્રિવિણું નિકલ ગુણી, શાંત જાણ શીવધાર ॥ ધરો૦ ॥ ૧૪ ॥
શુદ્ધ અષ્ટગુણ યુકત છે, નિર્મળ અમેય અમેય ॥ ધરો૦ ॥
પરત્યાગી અક્ષય ગુણી, જ્ઞાનીને આદેય ॥ ધરો૦ ॥ ૧૫ ॥
અણુથી પણ જે સૂક્ષ્મ છે, નભથી પણ જે વૃદ્ધ ॥ ધરો૦ ॥
જગત્ પૂજ્ય નિર્ભય સદા, પરમાતમ શિવ સિદ્ધ ॥ ધરો૦ ॥૧૬॥
ધ્યાને કર્મ સહુ ગલે, જગગુરૂ અમલ અરૂપ ॥ ધરો૦ ॥
જિણ જાણે સહુ જાણિયે, જાય અવિદ્યા ધૂપ ॥ ધરો૦ ॥ ૧૭ ॥
તત્વદષ્ટિ નિજ થીર હુવે, જાણે નિજ અનુભૂતિ ॥ ધરો૦ ॥
ધરો, ધ્યેય, જ્ઞેય આદેય તે, અંતર આતમભૂત ॥ ધરો૦ ॥૧૮॥
વચન અગોચર ભ્રમવિના, ચિંતવી સહજ અનંત ॥ ધરો૦ ॥
જાસ જ્ઞાનમેં અંશ જ્યું, ભાવે દ્રવ્ય અનંત ॥ ધરો૦ ॥ ૧૯ ॥
આત્મજ્ઞાનથી આત્મને, જાણ્યા થાયે સિદ્ધિ ॥ ધરો૦ ॥

મુનિ તન્મય ગુણ તિહાંલહે, તજી ગ્રહી કાનહીં લદ્ધિ ॥ધરો૰॥૨૦॥
લીન થઈ ગ્રહે એકતા, ધ્યાનાધ્યાન સુધેય ॥ ધરો૰ ॥
પરમાત્મા અંતરાત્મા, એક અભિન્ન અમેય૰ ॥ ૨૧ ॥
કટમેં કટ કર્તા તણી, દિસે દુવિધા રીતિ ॥ ધરો૰ ॥
પણ ધ્યાન ધ્યેય એ આત્મા, એથી ન બીય પરતીત ॥ધરો૰॥૨૨
ભવમેં ભમ્યો અજ્ઞાનથી, વિણુલાધાની જ નાણુ ॥ ધરો૰ ॥
પરમ જ્યોતિ જગદુઃખ હરું, તેહીજ અનુભવ જાણ ॥ધરો૰॥૨૩॥
ભાવે એમ નિજ ભાવના, ધ્યાન બીજ ગુણધામ ॥ ધરો૰ ॥
દેવચંદ્ર સુખ સાગરૂ, ધ્યાન અમોલખ પામ ॥ ધરો૰ ॥ ૨૪ ॥

## "અનુભવ."

**અનુભવ જ્ઞાન**—'પાપને પ્રજાળે છે, પુણ્યને પણ પીગાળી અવ્યાબાધ સુખ (કે આનંદ)માં રમાડે છે. શ્રમને શાંતિ કરી નિજગુણ રમણતારૂપ એજ ક્રિયામાં રાખે છે.'

અનુભવીનાં બાહ્યચિહ્ન. The person (man of cosmic consciousness,) has an exceptional physique, exceptional beauty of build and carriage, exceptionally handsome features, exceptional health exceptional sweetness of temper, exceptional magnetism.

અનુભવીનું શરીર અસાધારણ વજ્રતામય હોય, એનું સંસ્થાન અતિસુંદર હોય છે, તેમની મુખાકૃતિ વગેરે આતાપવાળાં હોય છે, તેમનો સ્વભાવ શાંત, મધુર હોય છે, અને તે પોતે સર્વને આકર્ષક હોય છે.

**અનુભવી**ની આંખ સર્વત્ર પરમાત્માનાં સ્વરૂપ દેખી રહે છે, નાક દિવ્ય સુગંધને સુંઘી રહેછે, મુખ બોલતું નથી પણ પરમાત્માના ગુણકીર્તનજ કર્યા કરતું હોય તેમ જણાય છે, કાન બીજું કંઈ સાંભળતા નથી પણ જે જે સંભળાય છે તે પરમાત્માજ બોલાતા હોય તેમ તેને સંભળાય છે, અને પરણમે પણ તેમજ છે; હાથ લેતા નથી પણ સ્વવસ્તુનું ગ્રહણ કરતા જણાય છે, હાથ દેતા નથી પણ પરવસ્તુનુંજ દાન કરતા જણાય છે; પગ ચાલતા નથી, પણ પરમાત્માની પ્રદિક્ષિણા કરતા હોય એમ જણાય છે; માયા–અજ્ઞાન–પરવસ્તુનો ત્યાગ કરતી, જ્ઞાન, દર્શન, ચરિત્ર, સુખ, વીર્ય, ઇત્યાદિ અનંત ગુણોને ગ્રહણ કરતી ઇંદ્રિયો હોય તેમ જણાઈ રહે છે. મન શાંત હોવાથી આદર્શનું કામ કરે છે, અને આત્મારૂપી સૂર્યમાંથી જ્ઞાનાદિ અનંત સૂર્યો ઉદય પામતા જણાય છે. અનુભવિનાં આવાં ચિન્હ **લાલન**ને તો ઘણીકવાર પ્રતીત થયાં છે અને થાય છે.

આ ચૌદ રાજલોકની જીવરાશિ માત્રને અનુભવજ્ઞાન હો, એજ **લાલન**નું અનવરત ચાલતું હૃદયગાન છે, અને તે પ્રમાણે સર્વદા હો.

**शुभं भूयात्सर्वेषाम् ॥**

---